અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૨ માર્ચ ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ સુદ તેરસ | અંક : ૨૩૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**કેજરીવાલના ગુજરાત અભિયાનને પડશે ફટકો! । ઈડીના તપાસ અધિકારી જોગેન્દ્ર દ્વારા કેજરીવાલની પૂછપરછ : તેમના ઘરમાં સર્ચ અભિયાન પણ ચાલુ છે**

## ઈડીની ટીમ ૧૦માં સમન સાથે સીએમ કેજરીવાલના ઘરે પહોંચી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

દિલ્હીના કથિત દારૂ કૌભાંડમાં સીએમ અરવિંદ કેજરીવાલની મુશ્કેલીઓ સતત વધી રહી છે. સતત ૯ સમન મોકલ્યા બાદ ઈડીની ટીમ ૧૦માં સમન સાથે આજે સાંજે સીએમ કેજરીવાલના ઘરે પહોંચી ગઈ છે. ઈડીના તપાસ અધિકારી જોગેન્દ્ર કેજરીવાલની પૂછપરછ કરી રહ્યા છે. સૂત્રોના જણાવ્યાં મુજબ તેમના ઘરમાં પણ સર્ચ અભિયાન ચાલુ છે. આ બધા વચ્ચે કેજરીવાલની લીગલ ટીમ સુપ્રીમ કોર્ટ પહોંચી રહી છે જ્યાં હાઈકોર્ટના આદેશને પડકારવામાં આવશે. આજે જ દિલ્હી હાઈકોર્ટે આ મામલે મહત્વની ટિપ્પણી કરતા કહ્યું હતું કે સીએમ કેજરીવાલને ધરપકડથી રાહત નહીં મળે. નોર્થ જિલ્લાના ડીસીપી મનોજકુમાર મીણા અરવિંદ કેજરીવાલના ઘરે હાજર છે. અનેક એસીપી રેંકના અધિકારી અરવિંદ કેજરીવાલના ઘરે પહોંચ્યા છે. દિલ્હી પોલીસ તરફથી ભારે પોલીસફોર્સ તૈનાત કરાઈ છે.

ત્યારબાદ સાંજે ઈડીની ટીમ અરવિંદ કેજરીવાલના ઘરે પહોંચી ગઈ. છઝઁ રેંકના અનેક અધિકારીઓ સીએમ આવાસ પર પહોંચી ગયા છે. એવું સામે આવ્યું છે કે ૬થી ૮ અધિકારીઓ સીએમ અરવિંદ કેજરીવાલના ઘરે પહોંચ્યા છે અને અહીં તેઓ સમન પાઠવવા માટે પહોંચ્યા છે. અત્રે જણાવવાનું કે ઈડી આ અગાઉ પણ સીએમ કેજરીવાલને ૯ સમન પાઠવી ચૂકી છે. ગુરુવારે ૧૦મું સમન સીએમ કેજરીવાલને આપવામાં આવ્યું.

અત્રે જણાવવાનું કે ઈડીએ સોમવારે બહાર પાડેલી રિલીઝમાં અનેક દાવા કર્યા હતા. પ્રેસ રિલીઝમાં અરવિંદ કેજરીવાલનું નામ પહેલીવાર લખતા ઈડીએ દાવો કર્યો હતો કે ઈડીની તપાસમાં આરોપી કે કવિતાની સાથે કેજરીવાલનું નામ પણ જોડાયેલું છે. ઈડીના જણાવ્યાં મુજબ તપાસમાં ખુલાસો થયો છે કે નવી આબકારી નીતિથી લાભ મેળવવા માટે કે કવિતાએ આપ પાર્ટીના નેતાઓ, મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને તત્કાલિન ડેપ્યુટી સીએમ મનિષ સિસોદિયા સાથે મળીને ષડયંત્ર રચ્યું હતું.

દાવા મુજબ નવી આબકારી નીતિથી અંગત લાભ મેળવવાના બદલામાં આપ પાર્ટી નેતાઓ સુધી ૧૦૦ કરોડ રૂપિયા પહોચાડવામાં આવ્યા. ષડયંત્ર મુજબ દારૂ નીતિમાં હોલસેલર્સ દ્વારા સતત લાંચના પૈસા આપ પાર્ટી સુધી પહોંચાડવામાં આવતા રહ્યા. ષડયંત્ર હેઠળ સાઉથ લોબી દ્વારા એડવાન્સમાં અપાયેલી કરોડો રૂપિયાની લાંચને દારૂ પર પ્રોફિટ માર્જિન વધારીને વસૂલવા અને આ નીતિથી બમણો નફો કમાવવાનો હતો.



### ન્યૂઝ બ્રિફ

### મોઢું ખોલીશું તો અનેકનાં સત્તાનાં સપનાં ચૂર થઈ જશે : સીતા સોરેન



। (એજન્સી) રાંચી, તા.૨૧ ।

ઝારખંડમાં ઝારખંડ મુક્તિ મોર્ચાના પ્રમુખ શિબૂ સોરેનના મોટા પુત્રવધૂ અને જામા વિધાનસભા બેઠકના પૂર્વ ધારાસભ્ય સીતા સોરેને ભાજપમાં સામેલ થયા બાદ નામ લીધા વિના હેમંત સોરેનના પત્ની કલ્પના સોરેન પર જોરદાર નિશાન સાધ્યુ છે. તેમણે બુધવારે સાંજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ખૂબ આકરા શબ્દોમાં સાત પોસ્ટ કરી.

### વર્ષ ૨૦૨૭ સુધીમાં તાઈવાન પર કબજા માટે ચીનની જોરદાર તૈયારી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૧ ।

ચીને ૨૦૨૭ સુધીમાં તાઈવાન પર કબ્જો જમાવવા માટે ભરપૂર તૈયારીઓ શરુ કરી દીધી છે તેવુ અમેરિકાની નૌસેનાના એક વરિષ્ઠ અધિકારીનુ કહેવુ છે. નૌસેનાના ઈન્ડો પેસિફિક કમાન્ડના ઈન્ચાર્જ એડમિરલ જોન અકઈલિનોએ અમેરિકાની સંસદને જાણકારી આપતા કહ્યુ છે કે, આર્થિક પડકારો છતા પણ ચીને પોતાના સંરક્ષણ બજેટમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ૧૬ ટકાનો જંગી વધારો કર્યો છે. ચીનનુ સંરક્ષણ બજેટ હવે વધીને ૨૨૩ અબજ ડોલર પર પહોંચ્યુ છે. તેમણે આગળ કહ્યુ હતુ કે, છેલ્લા ત્રણ વર્ષથી ઈન્ડો પેસિફિક કમાન્ડનો ચાર્જ મારી પાસે છે.

**ચૂંટણી પંચનો કડક આદેશ : ૨૪ કલાકમાં રિપોર્ટ માંગ્યો**

## રાજકીય પક્ષોના ગેરકાયદેસર પોસ્ટર, બેનરો તાત્કાલિક હટાવો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ચૂંટણી પંચ સમગ્ર દેશમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ને ધ્યાનમાં રાખીને આદર્શ આચાર સંહિતા લાગુ કરવા માટે સતત સૂચનાઓ જારી કરી રહ્યું છે. દરમિયાન, બુધવારે (૨૦ માર્ચ), ચૂંટણી પંચે ૨૪ કલાકની અંદર મતદારોને આકર્ષવા માટે લગાવવામાં આવેલા તમામ પક્ષોના હોર્ડિંગ્સ, બેનરો અને પોસ્ટરોને દૂર કરવાનો આદેશ આપ્યો છે. કડક પગલાં લેતા, ચૂંટણી પંચે રાજ્યોને ગુરુવાર (૨૧ માર્ચ) સાંજ સુધીમાં સરકારી અને ખાનગી મિલકતોમાંથી અનધિકૃત જાહેરાતો દૂર કરવાના નિર્દેશો અંગે અમલીકરણ અહેવાલો ફાઈલ કરવા જણાવ્યું છે. ચૂંટણી પંચે કેબિનેટ સચિવ અને દેશના મુખ્ય સચિવોને પત્ર લખીને રેલવે સ્ટેશનથી લઈને એરપોર્ટ, સરકારી બસો અને સરકારી ઈમારતો સુધીની તમામ રાજકીય જાહેરાતોને તાત્કાલિક દૂર કરવા સૂચના આપી છે.

**હિમાચલ પ્રદેશમાં સરકારી યોજનાઓ માટે નવી મંજૂરીઓ રોકવાનો આદેશ પણ જારી કર્યો હતો**

કેન્દ્રીય પ્રધાન શોભા કરંદલાજે વિરુદ્ધના નિવેદન સામે ડીએમકેની ફરિયાદને ધ્યાનમાં લેતા, ચૂંટણી પંચે રાજ્ય ચૂંટણી કમિશનરને નિયમો હેઠળ યોગ્ય પગલાં લેવા સૂચનાઓ પણ જારી કરી હતી. કેન્દ્રીય ચૂંટણી પંચે રાજ્ય ચૂંટણી કમિશનરને નિયમો અનુસાર યોગ્ય પગલાં લેવા અને ૪૮ કલાકની અંદર કેન્દ્રીય ચૂંટણી પંચને જાણ કરવા જણાવ્યું હતું. શોભા કરંદલાજેએ કહ્યું હતું કે બેંગલુરુના રામેશ્વરમ કેફેમાં થયેલા બ્લાસ્ટ પાછળ તમિલનાડુના લોકોનો હાથ હતો. તેમના નિવેદનને લઈને રાજકીય હોબાળો થયો હતો. જો કે બાદમાં શોભા કરંદલાજેએ પણ પોતાના નિવેદન બદલ માફી માંગી હતી. કેન્દ્રીય ચૂંટણી પંચે હિમાચલ પ્રદેશમાં સરકારી યોજનાઓ માટે નવી મંજૂરીઓ રોકવાનો આદેશ પણ જારી કર્યો હતો. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, કમિશનની પૂર્વ પરવાનગી વિના, રાજ્યના કોઈપણ ભાગમાં જ્યાં ચૂંટણી ચાલી રહી છે, ત્યાં કલ્યાણકારી યોજનાઓ અને કામો પર કોઈ નવું ભંડોળ બહાર પાડવું જોઈએ નહીં અથવા કામ માટે કોન્ટ્રાક્ટ આપવા જોઈએ નહીં. અગાઉ ૧૯ માર્ચે ભાજપે રાજ્ય ચૂંટણી પંચમાં કોંગ્રેસ વિરુદ્ધ આદર્શ આચાર સંહિતા ભંગની બે ફરિયાદ દાખલ કરી હતી.

**મોબાઈલ યુઝર્સને વિકસિત ભારત સંપર્કના મેસેજ મળે છે**

## ચૂંટણી પંચે વોટ્સએપ પર મેસેજ મોકલવા સામે કેન્દ્રની ઝાટકણી કાઢી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

મોબાઈલ યુઝર્સોને 'વિકસીત ભારત સંપર્ક'નો મેસેજ મોકલવા મામલે ચૂંટણી પંચે આજે કેન્દ્ર સરકારની આકરી ઝાટકણી કાઢી છે અને તુરંત આવા મેસેજે મોકલવાનું બંધ કરવા ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયને આદેશ આપ્યો છે. આ મામલે ઘણી ફરિયાદો સામે આવ્યા બાદ ચૂંટણી પંચે આ કાર્યવાહી કરી છે. આ ઉપરાંત અગાઉ વિપક્ષ નેતાઓએ પણ વાંધો ઉઠાવ્યો હતો.




દેશના ઘણા વૉટ્સઅપ યુઝર્સને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પત્ર સાથે પ્રતિક્રિયા અને સૂચનો માંગતો 'વિકસિત ભારત સંપર્કનો મેસેજ મોકલવા મામલે વિવાદ ઉભો થયો હતો. ત્યારબાદ ચૂંટણી પંચે કેન્દ્ર સરકારની આકરી ઝાટકણી કાઢી આજે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયને આદેશ આપ્યો છે કે, તેઓ તુરંત યુઝર્સોને વૉટ્સએપ પર મોકલાતા 'વિકસીત ભારત'ના મેસેજ મોકલવાનું બંધ કરે. આ ઉપરાંત પંચે મંત્રાલયને તુરંત અનુપાલન રિપોર્ટ આપવા આદેશ કર્યો છે. ચૂંટણી પંચે વૉટ્સએપ પર વિકસીત ભારત મેસેજની ડિલવરી તુરંત અટકાવવા આદેશ આપ્યો છે. આ મામલે મંત્રાલય પાસે અનુપાલન રિપોર્ટ પણ તાત્કાલીક મંગાયો છે. આ મામલે ચૂંટણી પંચને ઘણી ફરિયાદો મળી હતી કે, લોકસભા ચૂંટણી-૨૦૨૪ની જાહેરાત અને આચાર સંહિતા લાગુ થયા બાદ હજુ પણ આવા સંદેશાઓ નાગરિકોના મોબાઈલ પર મોકલાઈ રહ્યા છે. ચૂંટણી પંચના કડક વલણ બાદ મંત્રાલયે જવાબ આપ્યો છે કે, આ મેસેજો આચાર સંહિતા લાગુ થયા પહેલા મોકલાયા હતા.

**ઝવેરી બજારમાં સોના-ચાંદીના ભાવમાં ઊછાળો**

## સોનાના ભાવ ૧૦ ગ્રામના ૬૬,૧૦૦ના ઈન્ટ્રાડે હાઈ ઉપર

। (એજન્સી) મુંબઈ, તા.૨૧ ।

ઝવેરી બજારમાં આજે સોનામાં તેજી જોવા મળી છે અને સોનાના ભાવમાં રેકોર્ડબ્રેક ઉછાળો થતા ઓલટાઈમ હાઈ પર પહોંચી ગયો છે. આ સાથે ચાંદીના ભાવમાં પણ ચમકારો જોવા મળ્યો છે. સોનાના ભાવમાં આજે સવારના સોદામાં તેજી જોવા મળી હતી. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર એપ્રિલ ૨૦૨૪માં એક્સપાયરી માટેના સોનાના ફ્યુચર્સ કોન્ટ્રેક્ટ્સ રૂપિયા ૬૬,૧૦૦ પ્રતિ ૧૦ ગ્રામના ભાવે ખૂલ્યો હતો અને કોમોડિટી માર્કેટ ખુલ્યાની મિનિટોમાં જ ભાવ



રૂપિયા ૬૬,૭૭૮ પ્રતિ ૧૦ ગ્રામની ઈન્ટ્રાડે હાઈ પર પહોંચી ગયો હતો. આ ઈન્ટ્રા-ડે હાઈને સ્પર્શતા, એમસીએક્સ સોનાના દર આજે સ્થાનિક બજારમાં ઓલટાઈમ હાઈ પર પહોંચ્યા હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની તાજેતરની કિંમત ૨૨૦૦ ડોલરની ઉપર છે. હાલમાં સ્પોટ માર્કેટમાં સોનું ૨,૨૦૨ ડોલર પ્રતિ ઔંસની આસપાસ ટ્રેડ થતું જોવા મળી રહ્યું છે.

**કેન્દ્રના જાહેરનામા બાદ મામલો સુપ્રીમમાં પહોંચ્યો**

## સુપ્રીમ કોર્ટે પીઆઈબી ફેક્ટ ચેક યુનિટ પર પ્રતિબંધ મૂક્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

સુપ્રીમ કોર્ટે પીઆઈબી ફેક્ટ ચેક યુનિટ પર પ્રતિબંધ મૂક્યો છે. પીઆઈબી ફેક્ટ ચેક યુનિટને લઈને બુધવારે જ કેન્દ્ર સરકાર દ્વારા નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. જે બાદ આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો, જ્યાં આજે (ગુરુવાર) સુપ્રીમ કોર્ટે ફેક્ટ ચેક યુનિટ (એફસીયુ) પર પ્રતિબંધ લગાવી દીધો છે. ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ, જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે



કહ્યું કે, 'અભિવ્યક્તિની સ્વતંત્રતા પર ખતરો છે.' કેન્દ્ર સરકારના નવા આઈટી નિયમોને પડકારતી સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરા અને એડિટર્સ ગિલ્ડની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. અરજીમાં કેન્દ્ર સરકાર દ્વારા પસાર કરાયેલા ૨૦૨૩ના ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એમેન્ડમેન્ટ નિયમ હેઠળ ફેક્ટ ચેક યુનિટ (એફસીયુ) બનાવવાની કેન્દ્ર સરકારની સૂચના પર પ્રતિબંધ મૂકવાની માગ કરવામાં આવી હતી. આઈટી એમેન્ડમેન્ટ નિયમ ૨૦૨૩ હેઠળ, કેન્દ્ર સરકારનું ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય એક તપાસ સંસ્થા બનાવી શકે છે, જેની પાસે કોઈપણ પ્રવૃત્તિના સંબંધમાં ખોટા અથવા નકલી ઓનલાઈન સમાચારોને ઓળખવા અને તેને ટેગ કરવાની સત્તા હશે.

**ચૂંટણી પંચની વધુ એક મોટી કાર્યવાહી**

## ગુજરાત, પંજાબ, ઓડિશા-પ.બંગાળમાં ડીએમ-એસપી બદલવા પંચનો આદેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ચૂંટણી પંચે ફરી એકવાર મોટી કાર્યવાહી કરતાં નોન કેડર ઓફિસર્સની બદલીનો આદેશ જાહેર કર્યો છે. આ વખતે ગુજરાત, પંજાબ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં જિલ્લા મેજિસ્ટ્રેટ (ડીએમ) અને સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ (એસપી) તરીકે તહેનાત અધિકારીઓની બદલીનો આદેશ જાહેર કરાયો છે. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં ડીએમ અને એસપીના પદ ક્રમશઃ ભારતીય વહીવટી અને ભારતી પોલીસ સેવાના અધિકારીઓ માટે હોય છે. ગુજરાતમાં છોટા ઉદેપુર તથા અમદાવાદના રુરલ ડિસ્ટ્રિક્ટના સુપરિન્ટેડન્ટન્ટ ઓફ પોલીસની બદલી કરવામાં આવી હતી. જ્યારે પંજાબમાં પઠાણકોટ, ફાઝીલકા, જલંધર ગ્રામીણ તથા માલેરકોટલા જિલ્લાના એસએસપીની બદલી કરવામાં આવી છે. ઓડિશામાં ધેકાનેલના ડીએમ અને દેવગઢ તથા કટર ગ્રામીણના એસપીની બદલી કરવામાં આવી હતી. આ સાથે પ.બંગાળના પૂર્વ મેદિનીપુર, ઝારગ્રામ, પૂર્વ બર્ધમાન અને બિરભૂમ જિલ્લાના ડીએમની બદલીના આદેશ બહાર પડાયા છે.

**બેન્ક ખાતા ફ્રીઝ થવા મામલે કોંગ્રેસની પત્રકાર પરિષદ**

## કોંગ્રેસના બેન્ક ખાતા જ નહીં, ભારતની લોકશાહી સીઝ કરી : રાહુલ ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

લોકસભા ચૂંટણી પહેલાં બેંક ખાતાઓ ફ્રીઝ થઈ જવા મામલે કોંગ્રેસના હેડક્વાર્ટરમાં પત્રકાર પરિષદને સંબોધતાં મલ્લિકાઅર્જુન ખડગે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ ભાજપ તથા કેન્દ્ર સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા. પત્રકારોને સંબોધતાં ખડગેએ કહ્યું કે કોંગ્રેસના બેંક ખાતા ફ્રીઝ કરી દેવાયા. સત્તાધારી પક્ષ એટલા માટે આ કાર્યવાહી કરી રહ્યું છે કે જેથી કરીને કોંગ્રેસ આ ચૂંટણી જ ના લડી શકે. અમારે લોકતંત્ર બચાવવો છે અને બધાને સમાન તક મળવી જોઈએ. મોદી સરકારે દેશના સંસાધનો, મીડિયા અને બંધારણીય તથા ન્યાયિક સંસ્થાનો પર કબજો કરી લીધો છે. આ મામલે રાહુલ ગાંધીએ પણ કહ્યું કે મોદી સરકારે ફક્ત કોંગ્રેસના જ બેંક ખાતા સીઝ નથી કર્યા પરંતુ આ ભારતની લોકશાહીને સીઝ કરવા જેવું છે.



દેશની સૌથી મોટી પાર્ટીને પંગુ બનાવી દેવાનો પ્રયાસ છે. મલ્લિકાઅર્જુન ખડગેએ કહ્યું કે લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત થઈ ચૂકી છે. ભારત તેના લોકશાહી મૂલ્યો માટે જ જાણીતું છે. દરેક નાગરિક વોટ આપવા માટે ઉત્સુક રહે છે. અત્યાર સુધી ચૂંટણીઓ નિષ્પક્ષ રીતે યોજાતી હતી. આજે દરેક રાજકીય પાર્ટીને સમાન રીતે તક મળવી જોઈએ.

**દિલ્હીની તમામ સાત લોકસભા બેઠકનું ૨૫ મેએ મતદાન**

## ગાંધી પરિવાર આ વખતે કોંગ્રેસને મત નહીં આપી શકે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

૨૫ મેના રોજ દિલ્હીની તમામ ૭ લોકસભા સીટો માટે છઠ્ઠા તબક્કામાં મતદાન થવાનું છે. જેનું પરિણામ ૪ જૂને આવશે. દિલ્હીમાં સતત ૧૦ વર્ષથી ઝીરો પર આઉટ રહેલી કોંગ્રેસે આ ચૂંટણી ઈન્ડી ગઠબંધન હેઠળ આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કરીને લડવાનો નિર્ણય કર્યો છે. જેથી આ વખતે દિલ્હીમાં આમ આદમી પાર્ટી (આપ) અને કોંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડી રહ્યા છે. નવી દિલ્હી, દક્ષિણ દિલ્હી, પૂર્વ દિલ્હી અને પશ્ચિમ દિલ્હી એમ ચાર બેઠકો કુલ સાત બેઠકોમાંથી આપને મળી છે. જયારે કોંગ્રેસને ચાંદની ચોક, ઉત્તર પૂર્વ દિલ્હી અને ઉત્તર પશ્ચિમ દિલ્હી મળ્યા છે. આ ચૂંટણીમાં સૌથી મહત્વની વાત એ છે કે ગાંધી પરિવાર આ વખતે કોંગ્રેસને મત નહીં આપે. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને તેમના પતિ રોબર્ટ વાડ્રા આ વખતે સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસને મત નહીં આપે. આ તમામ નેતાઓ નવી દિલ્હી લોકસભા મતવિસ્તારના મતદારો છે.

**સ્ટેટ બેંકે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું દાખલ કર્યું**

## સ્ટેટ બેંકે આલ્ફા ન્યુમેરિક નંબર સહિતની તમામ વિગતો ચૂંટણી પંચને આપી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ આજે(ગુરુવાર) સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું દાખલ કર્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, આલ્ફા ન્યુમેરિક નંબર સહિતની તમામ વિગતો ચૂંટણી પંચને આપી છે. એસબીઆઈએ કહ્યું કે,'અમારા તરફથી અત્યારે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. અમે ઈલેક્ટોરલ બોન્ડની તમામ માહિતી ચૂંટણી પંચને સોંપી દીધી છે.' એસબીઆઈ દ્વારા અગાઉ સબમિટ કરવામાં આવેલી સંપૂર્ણ માહિતીના અભાવ પર નારાજગી વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે આજે પહેલા તમામ માહિતી સબમિટ કરવા અલ્ટીમેટમ આપ્યું હતું. ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડની અધ્યક્ષતાવાળી બેન્ચે નિર્દેશ આપ્યો હતો કે પ્રાપ્ત માહિતી ચૂંટણી પંચની વેબસાઈટ પર પ્રકાશિત થવી જોઈએ. એસબીઆઈના ચેરમેન દિનેશ કુમાર ખારાએ સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું દાખલ કરીને કહ્યું




છે કે, 'કોર્ટના આદેશ મુજબ અમે નિર્ધારિત સમય પહેલા ચૂંટણી પંચને ઈલેક્ટોરલ બોન્ડ સાથે સંબંધિત તમામ વિગતો આપી દીધી છે. આ વખતે આપવામાં આવેલી માહિતીમાં બોન્ડનો આલ્ફા ન્યુમેરિક નંબર એટલે કે યુનિક નંબર, બોન્ડની કિંમત, ખરીદનારનું નામ, પેમેન્ટ મેળવનાર પાર્ટીનું નામ, પાર્ટીના બેંક એકાઉન્ટ નંબરના છેલ્લા ચાર અંક, કિંમત અને રિડીમ કરેલ નંબરનો સમાવેશ થાય છે.

## ન્યુઝ બોક્ષ

### ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાંથી ઉર્દૂ લખાણને દૂર કરવામાં આવ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

ગુજરાત યુનિવર્સિટીમાં ઘર્ષણના વિવાદ બાદ કેમ્પસમાં ઉર્દૂ ભાષામાં લખવામાં આવેલા લખાણને દૂર કરવામાં આવ્યા છે. લખાણ પર કલરનો હવે કૂચડો ફેરવી દેવામાં આવ્યો છે. આ સાથે જ ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સલેસરે પણ સૂચનાઓ જારી કરી છે કે, કેમ્પસમાં કોઈ પણ પ્રકારે ધાર્મિક પ્રવૃત્તિઓ કરવામાં ના આવે. વિદેશી વિદ્યાર્થીઓને માટે પણ પરિપત્ર જારી કરવામાં આવેલ છે અને જેનું પાલન કરવામાં આવી રહ્યુ છે. ગુજરાત યુનિવર્સિટીમાં ઘર્ષણના વિવાદ બાદ હવે ઉર્દૂ ભાષામાં લખવામાં આવેલા લખાણને પણ કેમ્પસમાંથી દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. કેમ્પસમાં ઉર્દૂ ભાષામાં લખાણ દિવાલ પર લખવામાં આવેલ અને જેને હવે તંત્ર દ્વારા દૂર કરવામાં આવ્યા છે. વિદેશી વિદ્યાર્થીઓ માટે પણ પરિપત્ર જાહેર કરવામાં આવેલ છે અને જેનું પાલન કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. જે મુજબ કેમ્પસમાંથી લખાણ દૂર કરવામાં આવી છે. આ સાથે જ કેમ્પસમાં કોઈ જ ધાર્મિક પ્રવૃત્તિ નહીં કરવા માટે પણ સૂચના આપવામાં આવી છે. કેમ્પસમાં હવે પૂર્વ આર્મી મેન પણ સિક્યુરિટી માટે મુકવામાં આવ્યા છે.

### મહુવા માર્કેટિંગ યાર્ડમાં ટુકડા ઘઉંના ભાવમાં તેજી

। (એજન્સી) ભાવનગર, તા.૨૧ ।

ખાતે આવેલું મહુવા માર્કેટ સૌથી વિશ્વસનીય સ્થળ બન્યું છે. ૨૦ માર્ચના રોજ મહુવા માર્કેટ યાર્ડ ખાતે વિવિધ જણસીઓની આવક નોંધાઈ હતી. મહુવા માર્કેટ યાર્ડ ખાતે એરંડા, જુવાર, બાજરી, શીંગ, ઘઉં, મકાઈ, અડદ, મગ, ધાણા, સોયાબીન, ચણા, સફેદ અને કાળા તલ, તુવેર, લાલ અને સફેદ ડુંગળી, નાળિયેર સહિતના પાકની આવક નોંધાઈ હતી. ૨૦ માર્ચના રોજ કુલ ૧૭ જણસીઓની આવક નોંધવામાં આવી હતી. મહુવા માર્કેટિંગ યાર્ડમાં સફેદ ડુંગળીના ૧૫,૨૫૪૨ કટ્ટાની આવક થઈ હતી અને સફેદ ડુંગળીના ભાવ ૨૦૦ રૂપિયાથી લઈને ૨૭૦ રૂપિયા સુધીના બોલાયા હતા. માર્કેટિંગ યાર્ડમાં આજે લાલ ડુંગળીની ગુણી ૨૪,૪૫૬ની આવક નોંધાઈ હતી, જેના પ્રતિ એક મણના નીચા ભાવ ૧૦૦ અને ઊંચા ભાવ ૩૨૫ રૂપિયા સુધીના ભાવ નોંધાયા હતા. આજે મહુવા માર્કેટ યાર્ડમાં ચણાની હરાજી કરવામાં આવી હતી, જેમાં એક મણના નીચા ભાવ ૭૦૦ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૧,૧૧૦ રૂપિયા સુધી રહ્યા હતા. માર્કેટિંગ યાર્ડમાં ટુકડા ઘઉંની હરાજી કરવામાં આવી હતી. પ્રતિ એક મણના ભાવ ૪૫૦થી લઈને ૬૭૫ રૂપિયા સુધીના નોંધાયા હતા. આ ઉપરાંત બાજરીની હરાજી કરવામાં આવી હતી. બાજરીના પ્રતિ એક મણના નીચા ભાવ ૪૦૧ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૫૪૨ રૂપિયા સુધીના નોંધાયો હતો.

### ઉત્તર ગુજરાતમાં તરબૂચના વાવેતરમાં થયો વધારો

। (એજન્સી) મહેસાણા, તા.૨૧ ।

ઉત્તર ગુજરાતમાં મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, વિજયનગર, વેજપુર તથા ગુલાબપુરા સહિતના ગ્રામીણ વિસ્તારમાં મોટાભાગના ખેડૂતો મલ્ચિંગ પદ્ધતિથી તરબૂચની ખેતી કરી છે અને કમાણી કરે છે. હાલ વિજયનગર તાલુકામાં ૯૮ હેક્ટરમાં તરબૂચનું વાવેતર નોંધાયું છે. આ ઉપરાંત મહેસાણા વિસ્તારમાં અત્યાર સુધી ૨૧ હેક્ટર તરબૂચનું વાવેતર કરાયું છે. મહેસાણા, હિંમતનગર, સાબરકાંઠા, બનાસકાંઠા તથા વિજયનગર વિસ્તારમાં ખેડૂતો કૃષિ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ધરાવે છે. અન્ય ખેડૂતો માટે પણ તેઓ પ્રેરણા ચિન્હો બની રહ્યા છે. પરંપરાગત ખેતી છોડી અને આધુનિક પદ્ધતિથી વાવેતર કરે છે અને લાખો રૂપિયાની કમાણી કરે છે. મોટાભાગના ખેડૂતો ઉનાળો પાક તરીકે તરબૂચના પાકનું પસંદગી કરી અને વાવેતર કરે છે. તરબૂચ પકવતા ખેડૂતો હવે ખાસ કરીને મલ્ચિંગ પદ્ધતિ અને આધુનિક ટેકનોલોજીથી, ટપક પદ્ધતિથી વાવેતર કરે છે. જેથી ઓછા પાણીએ વધુ સારું ઉત્પાદન મળી રહે છે. સાથે જ ખાતર દવા ,ઈરીગેશન ટપક પદ્ધતિ દ્વારા આપવામાં આવે છે. જેથી ખર્ચમાં ઘટાડો થાય છે અને નફા કારક ખેતી થાય છે. એકંદરે આવકનું પ્રમાણ વધે છે અને ખર્ચનું પ્રમાણ ઘટે છે. ખેતીવાડી અધિકારી શૈલેષ ડામોરે જણાવ્યું કે, ૨૦૨૩ ના વર્ષની સરખામણીએ ૨૦૨૪ ના વર્ષમાં વિજયનગર તાલુકામાં તરબૂચના વાવેતરમાં વધારો નોંધાયો છે. ખેડૂતો મલ્ચિંગ પદ્ધતિથી તરબૂચનું વાવેતર કરે છે અને સારું એવું ઉત્પાદન મેળવે છે.

### બનાવટી પનીર પકડાયાના બીજા જ દિવસે ઓપરેશન

# સુરતના રાંદેરમાં નકલી ઘી બનાવવાનું કારખાનું ઝડપાયું

### રાંદેર ઝોનના ગોગા ચોક વિસ્તારમાંથી ડાલ્ડા ઘીમાં સોયાબીનનું તેલ હળદર કેમિકલ નાખી ઘી બનાવાતું હતું

। (એજન્સી) સુરત, તા.૨૧ ।

સુરતમાં ગઈકાલે બનાવટી પનીર પકડાયાના બીજા દિવસે સુરત પાલિકાના રાંદેર ઝોનમાંથી નકલી ઘી બનાવવાનું કારખાનું ઝડપાયું છે. પાલિકાના રાંદેર ઝોનના ગોગા ચોક વિસ્તારમાંથી ડાલ્ડા ઘીમાં સોયાબીનનું તેલ હળદર કેમિકલ નાખી ઘી બનાવામાં આવતું હતું. પાલિકાએ આવા શંકાસ્પદ ૨૨૫ કિલો ઘીનો જથ્થો જપ્ત કર્યો હતો અને રાંદેર પોલીસ સ્ટેશનમાં બનાવ અંગે ફરિયાદ નોંધાવવા ચક્રો ગતિમાન કર્યા છે. દક્ષિણ ગુજરાતના વલસાડ થી બનાવટી પનીર સુરતમાં ઘુસાડીને શહેરના રેસ્ટોરન્ટ હોટલમાં સપ્લાય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બીજા દિવસે સુરત પાલિકાના રાંદેર ઝોનમાં નકલી ઘી બનાવવાનું કારખાનું ઝડપાતા તંત્ર પણ ચોંકી ઉઠયું હતું. રાંદેર ઝોનમાં ગોગા ચોક વિસ્તારમાં રાજેશ પટેલ નામના વ્યક્તિ દ્વારા




નકલી ઘી બનાવવામાં આવતું હોવાની માહિતી પાલિકાને મળી હતી. આ વ્યક્તિ દ્વારા વનસ્પતિ ઘી તથા રાગ વનસ્પતિ ઘી તથા જેમીની સોયાબીન તેલ તથા હળદર તથા સુગંધી ફ્લેવર્ડનું ભેળસેળ કરી શુદ્ધ ઘી ના નામે બનાવટી ઘી બનાવવામાં આવ્યું હતું. આ જથ્થો તૈયાર કરીને શહેરના જુદા જુદા વિસ્તારની ડેરીમાં વેચાણ કરવામાં આવતું હતું. આ ઉપ રાંત તમામ ઘીના ડબ્બા પર બ્રાન્ડેડ ઘીના લેબલ લગાવવામાં આવતા હતા. પાલિકાના આરોગ્ય વિભાગે ૨૨૫ કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપીને પરીક્ષા માટે લેબોરેટરીમાં મોકલી આપ્યું હતું. આ ઉપરાંત સ્થળ પરથી લના પીપ તથા પ્લાસ્ટીકના પીપ અને ટબમાં રહેલ છુટક ઘીના નમુના પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. ત્યારબાદ પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા રાંદેર પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવા માટે કવાયત શરૂ કરી છે. સુરત પાલિકાના રાંદેર ઝોને ગોગા ચોક વિસ્તારમાંથી બનાવટી ઘીનું કારખાનું ઝડપી પાડ્યા બાદ રાંદેર પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ નોંધાવી છે તેને પોલીસ અટકાયત કરી હતી. આ આરોપીએ ગણતરીની મિનિટોમાં પોલીસ સ્ટેશનમાં જ બનાવટી ઘી કઈ રીતે બને છે તેનો ડેમો બતાવીને બનાવટી ઘી બનાવી દીધું હતું. સુરત પાલિકાના દરોડા દરમિયાન બનાવટી ઘી બનાવવાની સામગ્રી સાથે સાથે રાજેશ પટેલ નામના વ્યક્તિ મળી આવ્યો હતો. પાલિકાએ જાણવા જોગ કરેલી ફરિયાદ બાદ આરોપીને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતા. જ્યાં આરોપીએ બનાવટી ઘી કઈ રીતે બને છે તેનો ડેમો આપીને ગણતરીની મિનિટોમાં બનાવટી ઘી બનાવીને બતાવી દીધું હતું. પોલીસ સ્ટેશનમાં જ બનાવટી ઘી બનાવવાની સામગ્રી પોલીસની સામે ટેબલ પર મુકવામા આવી હતી. જ્યાં આરોપીએ પહેલા એક બાઉલમાં સોયાબિન તેલ લીધું હતું.

### રાજ્યમાં ગરમીની શરૂઆત શરૂ થઇ ગઇ

## સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી પાંચ દિવસ હીટવેવની આગાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

ગુજરાતમાં હાલ માર્ચ મહિના ચાલી રહ્યો છે, અત્યારે રાજ્યમાં ગરમીની શરુઆત શરૂ થઈ ગઈ છે અને ગરમીનો પારો આસમાને પહોંચી ગયો છે. આગામી દિવસોમાં રાજ્યમાં તાપમાનનો પારો હાઈ રહેવાની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં કચ્છ-સૌરાષ્ટ્રમાં આગામી પાંચ દિવસમાં અંગ દઝાડતી ગરમી પડવાની છે, તાપમાનનો પારો ૩૯ ડિગ્રીથી પણ વધુ ઉપર રહેવાની આગાહી કરવામાં આવી છે.

ગુજરાતમાં આગામી દિવસોમાં તાબડતોડ ગરમીનો પારો ઉપર રહેવાની આગાહી કરવામાં આવી છે. આગાહી પ્રમાણે, કચ્છ-સૌરાષ્ટ્રમાં અંગ દઝાડતી ગરમી પડવાની છે. આગામી પાંચ દિવસ સૌરાષ્ટ્ર-કચ્છમાં કાળઝાળ ગરમી પડશે, કચ્છ, પોરબંદર, ગીર સોમનાથમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે. અત્યારે રાજકોટમાં ૩૯.૩ ડિગ્રીની ઉપર ગરમીના તાપમાનનો પારો પહોંચ્યો છે, કચ્છમાં ૩૯.૧ ડિગ્રી પર તાપમાન પહોંચ્યો છે. અમદાવાદમાં ૩૭.૩ ડિગ્રી તાપમાન રહ્યું છે અને બનાસકાંઠામાં પણ ગરમીના તાપમાનનો પારો ૩૭.૮ ડિગ્રી પર પહોંચ્યો છે.

ગુજરાતીઓ ગરમીમાં શેકાવવા માટે તૈયાર થઈ જાય છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે માર્ચ મહિનાના અંત સુધી ગરમીનો પારો આસમાને પહોંચશે. માર્ચ મહિનાના અંતમાં પારો ૪૦ ડિગ્રી સુધી પહોંચવાનું અનુમાન છે. સોરાષ્ટ્રમાં માર્ચ મહિનાના અંત સુધીમાં પારો ૪૦ ડિગ્રી પોચશે તેવી શક્યતા છે. પવનની દિશા ઉત્તર પૂર્વ ઉત્તર ગુજરાતમાં છે. દક્ષિણ ગુજરાતમાં પૂર્વ દિશાથી પવન ફૂંકાઈ રહ્યા છે. આ દરમિયાન અમદાવાદનું તાપમાન ૩૬.૧ ડિગ્રી તાપમાન રહ્યું છે. જ્યારે નલિયા ૩૮ ડિગ્રી તાપમાન, ગાંધીનગર ૩૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

### તમામ જિલ્લાઓમાં આ દૂષણ અને કૌભાંડ ચાલતાં રહે છે

## જામનગર પંથકમાં રાસાયણિક ખાતરના કૌભાંડનો પર્દાફાશ થયો

। (એજન્સી) જામનગર, તા.૨૧ ।

જામનગરમાં રાસાયણિક ખાતર કૌભાંડનો પર્દાફાશ થયો. જામનગર પંથકમાં આ રાસાયાણિક ખાતર ગેરકાયદેસર રીતે ફેકટરીઓમાં વેચવામાં આવતું હતું. આ મામલે પિતા-પુત્ર સામે ફરિયાદ નોંધાઈ છે. રાસાયણિક ખાતર કારખાનામાં બનાવવામાં આવતું હતું. તેના બાદ ફેક્ટરીઓમાં વેચાતું હતું. આ મામલો સામે આવતા કારખાના માલિકે પિતા-પુત્ર દેવજી મંગે અને દિપેશ મંગે વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધી. મોટાભાગે રાસાયણિક ખાતરનો ઉપયોગ ખેતીમાં થતો હોય છે. આજકાલ ખેતી કરવી બહુ મોંઘી થઈ છે. ખેતીમાં ઉપયોગમાં લેવાતા રાસાયણિક ખાતરની બજારમાં અનેક વખત અછત જોવા મળી. સરકારે ખાતરનો આ ગેરકાયદેસર વપરાશ અટકાવવા આજથી કેટલાંક વર્ષો પહેલાં રાસાયણિક ખાતરના ઉત્પાદનના તબક્કે જ ખાતરને નીમ કોટેડ બનાવવાનું શરૂ કર્યુ છતાં બજારમાં રાસાયણિક ખાતરની અછત જોવા મળતી હોય છે. હાલમાં રાસાયણિક ખાતરના કાળા બજાર થતા હોવાનું સામે આવ્યું. રાજ્યના લગભગ તમામ જિલ્લાઓમાં આ દૂષણ અને કૌભાંડ ચાલતાં રહે છે. રાસાયણિક ખાતારનો ગેરકાયદેસર રીતે વેપ ાર મામલે નાયબ ખેતી નિયામક કચેરીના ડી.એમ.પાનસુરીયાએ જામનગરના જ બે શખ્સો (પિતાપુત્ર) વિરુદ્ધ ખાતર મામલે પંચકોશી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. જામનગરમાં લક્ષ્મી એન્ટરપ્રાઈઝ નામના ઔદ્યોગિક એકમમાં સરકારી કવોટાના એટલે કે નીમ કોટેડ રાસાયણિક ખાતર બનતું હોવાની જાગૃત નાગરિક દ્વારા ખેતી નિયામક કચેરીને રજૂઆત કરી હતી. ત્યારબાદ કચેરીએ આ ઔદ્યોગિક એકમ પર દરોડા પાડી ખાતરના નમૂના લીધા. જેમાં રીપોર્ટમાં સાબિત થયું કે ખાતરનો આ જથ્થો સરકારી કવોટાના નીમ કોટેડ ખાતરનો જ છે. આ રિપોર્ટ અને લેખિત રજૂઆતના આધારે ખેતી નિયામક કચેરીના ડી.એમ. પાનસુરીયાએ જામનગરના દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૫૮માં વસવાટ કરતાં, લક્ષ્મી એન્ટરપ્રાઈઝ ચલાવતાં પિતાપુત્ર દેવજી હીરજીભાઈ મંગે (૬૩) અને દિપેશ દેવજી મંગે (૩૫) વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરાવી છે.

### રાજકોટમાં પૂરપાટ જતી કારે બાઇકને લીધી અડફેટે

## કારે ટક્કર મારતા સેન્ડવીચની લારી ચલાવનારનું મોત નિપજ્યુ

### મેડિકલ ટેસ્ટ અંતર્ગત બંને વ્યક્તિઓએ નશા યુક્ત પદાર્થનું સેવન કરવામાં આવ્યું હશે તો તેમના વિરુદ્ધ અલગથી ગુનો દાખલ કરવામાં આવશે

। (એજન્સી) રાજકોટ, તા.૨૧ ।

શહેરમાં સતત ત્રીજા દિવસે રફતાર માફિયાઓ બેફામ બન્યા હોવાની ઘટના સામે આવી છે. રાજકોટ શહેરમાં ગુરૂવારના રોજ વહેલી સવારે ૪:૩૦ વાગ્યાના અરસામાં પોતાના બાઈક પર ઘરે જઈ રહેલા કિરીટ પૌંદા નામના વ્યક્તિનું રોડ અકસ્માતમાં મૃત્યુ નીપજ્યુ હોવાની ઘટના સામે આવી છે. ફોક્સવેગન કારચાલક અનંત ગજ્જર દ્વારા સમગ્ર ઘટનાને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસ દ્વારા કારચાલક અનંત ગજ્જર અને તેની સાથે રહેલા દેવેન્દ્ર ઉપાધ્યાય નામના વ્યક્તિઓની અટકાયત કરી ગાંધીગ્રામ પોલીસમાં ખાતે લઈ જવામાં આવ્યા છે. સમગ્ર મામલે એસીપી પશ્ચિમ રાધિકા ભારાયનું નિવેદન પણ સામે આવ્યું છે. મીડિયા સાથેની વાતચીતમાં એસીપી પશ્ચિમ રાધિકા ભારાય દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, કિરીટભાઈ નામની વ્યક્તિ પોતાની દુકાન બંધ કરીને પોતાના ઘરે જઈ રહ્યા હતા. તે સમયે રામાપીર ચોક ઓવરબ્રિજ ઉપર કારચાલક દ્વારા તેમને અડફેટે લેવામાં આવ્યા હતા. ત્યારે ઘટના સ્થળ પર જ તેમનું મૃત્યુ નીપજ્યું હોવાનું સામે આવ્યુ છે. સમગ્ર મામલે આરટીઓ તેમજ એફએસએલના અધિકારીઓની મદદ પણ લેવામાં આવી છે. કારમાં સવાર બંને વ્યક્તિઓના મેડિકલ ટેસ્ટ પણ કરાવવામાં આવશે. મેડિકલ ટેસ્ટ અંતર્ગત બંને વ્યક્તિઓએ નશા યુક્ત પદાર્થનું સેવન કરવામાં આવ્યું હશે તો તેમના વિરુદ્ધ અલગથી ગુનો દાખલ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, કિરીટભાઈ નામની વ્યક્તિ લોધાવાડ ચોકમાં સેન્ડવીચની લારી ચલાવતા હોવાનો સામે આવ્યું છે. તેમજ તેઓ રાધિકા પાર્ક શેરી નંબર ૨ માં રહેતા હોવાનું પણ સામે આવ્યું છે. ચાર વ્યક્તિઓના પરિવારના મોભી કિરીટભાઈ પોતાના પરિવારનો આર્થિક રીતે એકમાત્ર આધાર સ્થંભ હોવાનું નજીકના વર્તુળોમાંથી જાણવા મળ્યું છે. ૧૯ માર્ચ ૨૦૨૪ મંગળવારના રોજ સવારના ૪:૩૦ વાગ્યાના અરસામાં શીતલ પાર્ક બીઆરટીએસ પાસે બાઈક ચાલક ૨૪ વર્ષીય સાહિલ નંદાણી નામના વ્યક્તિનું રોડ અકસ્માતમાં મૃત્યુ નીપજ્યું હોવાનું સામે આવ્યું છે.

### પોલીસે લૂંટનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવતા રાહત સર્જાઇ

## હિંમતનગરમાં થયેલ ૪૯ લાખની આંગડીયા લૂંટનો ભેદ ઉકેલાયો

। (એજન્સી) હિંમતનગર, તા.૨૧ ।

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાંથી ૪૯ લાખની આંગડીયા લૂંટ મામલે ૭ આરોપીઓને પોલીસે ઝડપી લીધા છે. બનાસકાંઠા પોલીસે ત્રણ અને સાબરકાંઠા પોલીસે ચાર આરોપીઓઓને ઝડપી લીધા છે. સાતેય આરોપીઓ પાસેથી લૂંટનો મુદ્દામાલ પણ બંને જિલ્લાની પોલીસે કબ્જે કર્યો છે. આમ પોલીસે લૂંટનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવતા રાહત સર્જાઇ છે. ગત ૧૨, માર્ચે વહેલી સવારે હિંમતનગર શહેરના બસ સ્ટેશનના ગેટ આગળથી જ આંગડીયા કર્મીઓ લૂંટાયાની ઘટના સામે આવી હતી. બસ સ્ટેશન અને શહેરના મુખ્ય વિસ્તારમાંથી જ લૂંટારુઓ ૪૯ લાખ કરતા વધારેની કિંમતની લૂંટ આચરીને ફરાર થઇ ગયા હતા. જેને પગલે જિલ્લા પોલીસ દ્વારા લૂંટારુઓને શોધવા માટે પ્રયાસો શરુ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન શિહોરી પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાંથી બનાસકાંઠા એલસીબીએ ગત ૧૫ માર્ચે ત્રણ આરોપીઓ અને લૂંટમાં વપરાયેલી કારને ઝડપી લીધી હતી. આ બાદ લૂંટારુ ગેંગને લઈ સાબરકાંઠા એલસીબીની ટીમ પણ શોધખોળ કરી રહી હતી. જેમાં વધુ ચાર આરોપીઓ લૂંટના મુદ્દામાલ સાથે હાથ લાગ્યા હતા. આમ સાબરકાંઠા એલસીબીને પણ મોટી સફળતા હાથ લાગી હતી.

સાબરકાંઠા એલસીબીની ટીમને બાતમી મળી હતી. જેને લઈ ઈડરના વલાસણા હાઈવે તરફ વોચ ગોઠવતા વધુ ચાર આરોપીને ઝડપી લેવામાં આવ્યા છે. એલસીબી પીએસઆઈ ડીસી પરમાર અને તેમની ટીમ દ્વારા આ અંગેની વોચ ગોઠવતા આરોપીઓને વલાસણા હાઈવે પરથી ઈકો કારમાં સવાર હર્ષજી ઠાકોર, સંદીપ ઠાકોર, જયદીપ સિંહ રાજપૂત અને દિવ્યરાજસિંહ રાજપૂતને ઝડપી લેવામાં આવ્યા હતા. આરોપીઓ ઈકો કાર લઈને ઈડર તરફ આવી રહ્યા હતા અને કારમાં લૂંટ દરમિયાન તફડાવી લીધેલ સોના અને ચાંદીના દાગીના પણ મળી આવ્યા હતા.

## છોટાઉદેપુર, કચ્છ, મહિસાગરમાં ઝાપટાની આગાહી કરવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

રાજ્યમાં ક્યાંક ગરમી તો ક્યાંક વાદળછાયું વાતાવરણ છવાઈ રહ્યુ છે. ત્યારે હવામાન વિભાગે હિટ વેવ અને ઝાપટા પડવાની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૨૪ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર, પોરબંદર, ગીર-સૌરાષ્ટ્રમાં હિટ વેવ, છોટાઉદેપુર, કચ્છ, મહિસાગર, દાહોદમાં ઝાપટાની આગાહી કરવામાં આવી છે. બીજી તરફ બેવડી ઋતુને કારણે લોકો રોગના ભોગ બની રહ્યાં છે. આજે અમદાવાદમાં બપોર બાદ વાદળછાંયુ વાતાવરણ સર્જાયું હતું. જેના કારણે તાપમાન સામાન્ય ઘટી ૩૭.૪ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ૪૦.૨ ડિગ્રી સાથે અમરેલી રાજ્યનું સૌથી હોટ શહેર બન્યું હતું. ગુજરાતમાં હાલ ઉત્તર પૂર્વથી ઉત્તરના પવન ફૂંકાઈ રહ્યા છે. જેના કારણે માર્ચ મહિનાના મધ્ય ભાગમાં જ ગુજરાતીઓને તપતી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. જો કે, હજુ લઘુતમ તાપમાન ૨૨ ડિગ્રીની આસપાસ રહેતા વહેલી પરોઢે ફૂલગુલાબી ઠંડી વર્તાઇ રહી છે. જેના કારણે બેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે. ત્યારે હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ગુજરાતમાં ૨૪ કલાક દરમિયાન કેટલાક વિસ્તારોમાં હીટવેવ રહેશે તો કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ થઈ શકે છે. કચ્છ, દાહોદ, મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં હળવો વરસાદ થવાની આગાહી કરી છે.

# છોટાઉદેપુર અને અમદાવાદના SPની ટ્રાન્સફર કરવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

લોકસભા ચૂંટણી પહેલા મોટા સમાચાર સામે આવ્યા છે. લોકસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચે વધુ એક મોટી કાર્યવાહી કરી છે. ચૂંટણી પંચે ચાર રાજ્યોમાં મોટા વહીવટી ફેરબદલ કર્યા છે અને નોન-કેડર DM-SPની બદલી કરી છે. ચૂંટણી પંચે ગુજરાત, પંજાબ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં જિલ્લા મેજિસ્ટ્રેટ (DM) અને પોલીસ અધિક્ષક (SP) જેવા નેતૃત્વના હોદ્દા પર નિયુક્ત નોન-કેડર અધિકારીઓ માટે ટ્રાન્સફર ઓર્ડર જાહેર કર્યા છે. તમને જણાવી દઈએ કે જિલ્લામાં DM અને SPની પોસ્ટ અનુક્રમે ભારતીય વહીવટી અને ભારતીય પોલીસ સેવાના અધિકારીઓ માટે છે. આટલું જ નહીં ચૂંટણી પંચે આસામ અને પંજાબમાં નેતાઓના સંબંધી એવા IPS અધિકારીઓની પણ બદલી કરી છે. કેન્દ્રીયઆ ચૂંટણી પંચે આ અંગે આદેશ જાહેર કર્યો છે. આદેશ અનુસાર પંજાબના ભટિંડાના SSP અને આસામના સોનિતપુરના SPની બદલી કરવામાં આવી છે. ચૂંટણી પંચે આ નિર્ણય એટલા માટે લીધો છે કારણ કે, નેતાઓના સંબંધીઓના અધિકારીઓ ચૂંટણીના કામમાં સીધા સંકળાયેલા છે. જે અધિકારીઓની બદલીના આદેશ જાહેર કરવામાં આવ્યા છે તેમાં ગુજરાતના છોટા ઉદેપુર અને અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના SPનો સમાવેશ થાય છે. આ સાથે પંજાબના પઠાણકોટ, ફાઝિલ્કા, જાલંધર ગ્રામીણ અને માલેરકોટલા જિલ્લાના SSP પણ સામેલ છે. ઢેંકનાલના DM અને ઓડિશાના દેવગઢ અને કટક ગ્રામીણના SP અને પશ્ચિમ બંગાળના પૂર્વ મેદિનીપુર, ઝારગ્રામ, પૂર્વ બર્ધમાન અને બીરભૂમ જિલ્લાના હ્રસ પણ આમાં સામેલ છે. આ સિવાય ચૂંટણી પંચે પંજાબમાં SSPભટિંડા અને આસામમાં SP સોનિતપુરની બદલી કરવાનો પણ નિર્દેશ આપ્યો છે.

નોંધનીય છે કે, આ પહેલા મંગળવારે ભારતના ચૂંટણી પંચે જલંધરના ડેપ્યુટી કમિશનર, પોલીસ એડિશનલ ડાયરેક્ટર જનરલ અને પંજાબના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસની બદલીનો આદેશ આપ્યો હતો. એક અધિકારીએ જણાવ્યું કે, ચૂંટણી પંચ દ્વારા લોકસભા ચૂંટણીની જાહેરાતના ત્રણ દિવસ બાદ આ બદલીઓ કરવામાં આવી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ કાર્યવાહી મળેલી ફરિયાદના આધારે કરવામાં આવી છે.

### મોંઘવારીનો વધુ એક માર

## ઉનાળાના શરૂઆતમાં જ કાચી કેરીના ભાવ આસમાને પહોંચ્યા

### યાર્ડમાં કાચી કેરીની ૧૭ ક્વિન્ટલની આવક થઈ હતી, જેના ભાવ ૨,૦૦૦થી ૩,૦૦૦ સુધીના બોલાયા હતા

। (એજન્સી) જૂનાગઢ, તા.૨૧ ।



માર્કેટિંગ યાર્ડમાં અલગ અલગ શાકભાજીની આવક થઈ હતી, ત્યારે સ્વાદ રસિકોને જેની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે તે વસ્તુ એટલે કેરી. કાચી કેરીની શરૂઆત તો ઘણા દિવસોથી થઈ ગઈ છે, પરંતુ આ કેરીના ભાવ અત્યારે લોકોના દાંત ખાટા કરી રહી છે. હાલ ૧૫૦ રૂપિયા પ્રતિ કિલોનો ભાવ બોલાઈ રહ્યો છે. જો બજારમાં કેરીનો આ પાક પહોંચે તો, તેનો ભાવ ૨૫૦ રૂપિયા સુધી આવી જાય છે. સારી અને ગુણવત્તા યુક્ત કાચી કેરી ખૂબ મોંઘી મળી રહી છે. હાલમાં કાચી કેરીનો ભાવ છેલ્લા ઘણા દિવસોથી ઊંચો જ રહ્યો છે. આજે શાકભાજી માર્કેટિંગ યાર્ડમાં કાચી કેરીની ૧૭ ક્વિન્ટલની આવક થઈ હતી. ૧૭ ક્વિન્ટલ કાચી કેરીની એક મણનો ઊંચો ભાવ ૩,૦૦૦ અને એક મણનો નીચો ભાવ ૨,૦૦૦ રૂપિયા સુધીના ભાવ નોંધાયા હતા. ત્યારે આ પ્રકારની ઊંચા ભાવની કેરી ખરીદવા માટે હાલ ગૃહિણીઓ પણ મૂંઝાય છે. હાલમાં તાપમાનની વિસંગતતા ક્યાંક ને ક્યાંક કેરી મોડી આવી છે, તેના માટે વાતાવરણ જવાબદાર છે. હજુ પણ આ તાપમાન વધવાની શક્યતાઓ હવામાન નિષ્ણાતો દ્વારા વ્યક્ત થઈ રહી છે, ત્યારે આ વખતે કેરીના પાકમાં ખૂબ મોટી નુકસાની થઈ શકે છે. તેવી પણ ભીતિ હાલમાં વ્યક્ત થઈ રહી છે અને હવે જો કેરી મોડી આવશે અને વરસાદ વહેલો આવશે, તો કેરીના પાકમાં બગાડ થવાની પણ શક્યતા પૂરેપૂરી રહેલી છે.

ન્યૂઝ બ્રિફ

## કર્ણાટક સરકાર ચૂંટણીમાં વપરાતી શાહી બનાવે છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ભારતમાં લોકસભા ચૂંટણીનું બ્યુગલ વાગી ગયું છે. ચૂંટણી પંચે આ વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણીની તારીખોની જાહેરાત કરી દીધી છે. તમને જણાવી દઈએ કે કુલ ૭ તબક્કામાં ચૂંટણી યોજાશે. આ માટે ચૂંટણી પંચ તમામ તૈયારીઓ કરી રહ્યું છે. પરંતુ શું તમે જાણો છો કે મતદાન કરતી વખતે તમારી આંગળી પર જે શાહી લગાવવામાં આવે છે તે ક્યાંથી આવે છે? શું તમે જાણો છો કે આ શાહીની કિંમત કેટલી છે? તમને જણાવી દઈએ કે ૧૯૬૨ની લોકસભા ચૂંટણીમાં પહેલીવાર પારદર્શિતા માટે અને નકલી વોટિંગને રોકવા માટે આંગળીઓ પર શાહી લગાવવાની પ્રથા શરૂ કરવામાં આવી હતી. ત્યારથી, આ નક્કર શાહીનો ઉપયોગ દરેક લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓમાં થાય છે. જ્યારે પ્રથમ વખત શાહીનો ઉપયોગ કરવામાં આવ્યો ત્યારે ચૂંટણી પંચનું માનવું હતું કે શાહી લગાવવાથી કોઈ ફરી મતદાન કરી શકશે નહીં અને હેરાફેરી અટકાવી શકાશે. તમને જણાવી દઈએ કે અત્યાર સુધી માત્ર એક જ કંપની ચૂંટણીમાં વપરાતી આ શાહીનું ઉત્પાદન કરી રહી છે. આ કંપનીનું નામ મૈસૂર પેઈન્ટ્સ એન્ડ વાર્નિશ લિમિટેડ છે. તે કર્ણાટક સરકારની કંપની છે અને તેની શરૂઆત વર્ષ ૧૯૩૭માં થઈ હતી. એમપીવીએલનો પાયો નલવાડી કૃષ્ણ રાજા વાડિયારે નાખ્યો હતો. શરૂઆતમાં આ કંપનીનું નામ મૈસુર લોક ફેક્ટરી હતું. ૧૯૪૭માં જ્યારે દેશ આઝાદ થયો ત્યારે આ કંપનીને સરકારે પોતાના કબજામાં લઈ લીધી અને તેનું નામ મૈસૂર લોક એન્ડ પેઈન્ટ્સ લિમિટેડ રાખવામાં આવ્યું. વર્ષ ૧૯૮૯માં, કંપનીએ વાર્નિશનું ઉત્પાદન શરૂ કર્યું અને તેની સાથે તેનું નામ પણ બદલ્યું.

### ઋતુરાજ ગાયકવાડ સ્થાનિક ક્રિકેટમાં મહારાષ્ટ્ર માટે અને આઈપીએલમાં ચેન્નાઈ સુપર કિંગ્સ માટે રમે છે

# ચેન્નાઈ સુપર કિંગ્સનું ધોનીના સ્થાને ઋતુરાજ ગાયકવાડ નેતૃત્વ કરશે

। (એજન્સી) ચેન્નાઈ, તા.૨૧ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ૨૦૨૪ની સીઝન ૨૨ માર્ચથી શરૂ થઈ રહી છે. પરંતુ તેના એક દિવસ પહેલા જ ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) ફ્રેન્ચાઈઝીએ એક મોટી જાહેરાત કરી છે. આ વખતે મહેન્દ્ર સિંહ ધોનીની જગ્યાએ ઋતુરાજ ગાયકવાડ કેપ્ટનશિપ કરતો જોવા મળશે. ઋતુરાજ દશરત ગાયકવાડ એક ભારતીય ક્રિકેટર છે જે સ્થાનિક ક્રિકેટમાં મહારાષ્ટ્ર માટે અને આઈપીએલ (ડોમેસ્ટિક અને આઈપીએલટીમ)માં ચેન્નાઈ સુપર કિંગ્સ માટે રમે છે. તે જમણા હાથનો બેટ્સમેન છે અને જમણા હાથથી ઓફ બ્રેક બોલિંગ કરે છે. તેણે જુલાઈ ૨૦૨૧માં ભારતીય ક્રિકેટ ટીમ માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો. તે ૨૦૨૧ ઈન્ડિયન પ્રીમિયર લીગ (૨૦૨૧ આઈપીએલટોપ રન સ્કોરર) માં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતો. તેણે ૨૦૨૧ મુશ્તાક અલી ટ્રોફી અને વિજય હજારે ટ્રોફીમાં મહારાષ્ટ્રની કેપ્ટનશીપ કરી હતી. ઋતુરાજ ગાયકવાડનો જન્મ ૩૧ જાન્યુઆરી ૧૯૯૭ના રોજ પુણે, મહારાષ્ટ્રમાં થયો હતો.

તેમના પિતા દશરથ ગાયકવાડ ડીઆરડીઓના કર્મચારી હતા. તેની માતા સવિતા ગાયકવાડ મ્યુનિસિપાલિટી સ્કૂલમાં શિક્ષિકા છે. તેમણે પ્રાથમિક શાળાનું શિક્ષણ સેન્ટ જોસેફ સ્કૂલમાંથી કર્યું હતું. પુણેની




લક્ષ્મીબાઈ નાડગુડે સ્કૂલમાંથી આગળનું શિક્ષણ મેળવ્યું. તેણે આગળનો અભ્યાસ મરાઠવાડા મિત્ર મંડળ કોલેજમાંથી કર્યો. ગાયકવાડનું પૈતૃક ગામ પુણે જિલ્લાના સાસવડ વિસ્તારમાં પરગાંવ મેમાણે છે. તેણે ૬ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ ૨૦૧૬-૧૭ રણજી ટ્રોફીમાં મહારાષ્ટ્ર માટે પ્રથમ-ક્લાસ ડેબ્યૂ કર્યું. ૨ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ ૨૦૧૬-૧૭ ઈન્ટર સ્ટેટ ટીર૦ ટુર્નામેન્ટમાં મહારાષ્ટ્ર માટે ૨૦-૨૦ ડેબ્યૂ કર્યું. તેણે ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ ચેન્નાઈ ૨૦૧૬-૧૭ વિજય હજારે ટ્રોફીમાં મહારાષ્ટ્ર માટે લિસ્ટ એમાં ડેબ્યુ કર્યું.

આ ટૂર્નામેન્ટમાં તેણે ૭ મેચમાં ૬૩.૪૨ની એવરેજથી ૪૪૪ રન બનાવ્યા હતા. જૂન ૨૦૧૯ માં, તેણે શ્રીલંકા એસામે ભારત એમાટે અણનમ ૧૮૭ રન બનાવ્યા હતા. ગાયકવાડે ૨૦૨૧ મુશ્તાક અલી ટ્રોફીમાં ટીમ મહારાષ્ટ્રની કેપ્ટનશીપ કરી અને ૫ મેચમાં ૫૧.૮૦ની એવરેજથી ૨૫૯ રન બનાવ્યા. ૨૦૨૧-૨૨ વિજય હજારે ટ્રોફીમાં, તેણે ચાર સદી ફટકારી અને વિરાટ કોહલીના ટૂર્નામેન્ટમાં સૌથી વધુ સદી ફટકારવાના રેકોર્ડની બરોબરી કરી. રુતુરાજે ૨૮ જુલાઈ ૨૦૨૧ના રોજ કોલંબોમાં શ્રીલંકા સામે ભારત માટે ટી૨૦આઈ ડેબ્યુ કર્યું હતું. આ મેચમાં તેણે ૧૮ બોલમાં ૨૧ રન બનાવ્યા હતા. ૨૦૧૯ ઈન્ડિયન પ્રીમિયર લીગ માટે ખેલાડીઓની હરાજીમાં ગાયકવાડને ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) દ્વારા ખરીદવામાં આવ્યો હતો. ૨ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ, ગાયકવાડે રાજસ્થાન રોયલ્સ સામે તેની પ્રથમ આઈપીએલસદી ફટકારી હતી. તેણે ૨૦૨૧ આઈપીએલમાં ૬૩૫ રન બનાવીને ઓરેન્જ કેપ જીતી હતી અને તેને ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો.

### ગુગલ ભારતમાં લાવી રહ્યું છે AI ડોક્ટર

# ગૂગલે તેના બ્લોગમાં કહ્યું માત્ર એક્સ-રે જોઈને જ બીમારી વિશે જાણવા મળશે

### ગૂગલે તેના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૂલના ઉપયોગની જાહેરાત, જે પ્રારંભિક તબક્કે ગંભીર રોગોને શોધી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ગૂગલ ઈન્ડિયાએ મોટી બીમારીઓ શોધવા માટે AI એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવાની જાહેરાત કરી છે. આ માટે ગૂગલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે એપોલો રેડિયોલોજી ઈન્ટરનેશનલ સાથે ભાગીદારી કરી છે. ગૂગલે કહ્યું કે 'એઆઈ ડોક્ટર' તૈયાર કરવામાં આવ્યો છે, જે AI સક્ષમ ચેસ્ટ એક્સ-રે દ્વારા પ્રારંભિક તબક્કામાં ઘણા જીવલેણ રોગોને શોધી કાઢશે. જેના કારણે પ્રારંભિક તબક્કામાં દર્દીઓની સારવાર થઈ શકે છે અને તેમને બચાવી શકાય છે. ગૂગલે તેના બ્લોગ દ્વારા જણાવ્યું કે આ AI ટેક્નોલોજી દ્વારા સ્તન અને ફેફસાના કેન્સર જેવી ગંભીર બીમારીઓને શરૂઆતના તબક્કામાં સરળતાથી શોધી શકાય છે. ગૂગલે તેના બ્લોગમાં



કહ્યું છે કે એપોલો રેડિયોલોજી ઈન્ટરનેશનલ સાથે અમારું AI મોડલ ભારતીયોની વચ્ચે લાવવામાં આવશે. તે આગામી ૧૦ વર્ષ માટે ફ્રી સ્ક્રીનિંગ પ્રદાન કરશે. તેનો લાભ ભારતના તે દૂરના વિસ્તારોમાં પહોંચશે જ્યાં રેડિયોલોજિસ્ટની ભારે અછત છે. ટેક કંપનીએ કહ્યું કે ભારતમાં દર વર્ષે ૧ કરોડથી વધુ લોકો ટીબી જેવી બીમારીનો શિકાર બને છે. સમગ્ર વિશ્વમાં દર વર્ષે લગભગ ૧૩ લાખ લોકો આ રોગને કારણે જીવ ગુમાવે છે. ટીબીની સારવાર કરી શકાય છે, પરંતુ સારવારમાં વિલંબ થવાને કારણે તે અન્ય લોકોમાં ફેલાય છે અને તેઓ પણ તેના માટે સંવેદનશીલ બની જાય છે. ગૂગલે કહ્યું કે ટીબી શોધવાની સામાન્ય પદ્ધતિ ચેસ્ટ એક્સ-રે છે. ભારતના ઘણા વિસ્તારોમાં, એવા કોઈ પ્રશિક્ષિત રેડિયોલોજિસ્ટ નથી કે જેઓ છાતીનો એક્સ-રે જોઈને પ્રારંભિક તબક્કામાં ટીબીને સરળતાથી શોધી શકે. આ સમસ્યા ભારતના ગ્રામીણ વિસ્તારોમાં સૌથી વધુ છે.

### પોલીસ દ્વારા દસ દિવસ બાદ મૃતકની ઓળખ જાહેર

# કારની ટક્કર વાગતા ૩૬ વર્ષના ગુજરાતી યુવકનું મોત

### ૩૬ વર્ષના ક્રિશ્ના પટેલને સારવાર મળે તે પહેલા જ તેનું મોત થયું, પોલીસે અકસ્માત કરનારા કારચાલકની ઓળખ કરી ધરપકડ કરી

। (એજન્સી) વૉશિંગ્ટન, તા.૨૧ ।

અમેરિકામાં કારની ટક્કરે ૩૬ વર્ષના એક ગુજરાતી યુવકનું કરૂણ મોત થયું છે, ૦૯ માર્ચના રોજ શનિવારે બનેલી આ ઘટનામાં પોલીસ દ્વારા દસ દિવસ બાદ મૃતકની ઓળખ જાહેર કરવામાં આવી છે. જ્યોર્જિયાના ડગ્લાસવિલેમાં બનેલી આ ઘટનામાં મોડી સાંજે ફોક્સવેગર પસાટ કારની ટક્કરે ક્રિશ્રા પટેલ નામના એક ગુજરાતી યુવકનું મોત થયું હતું. ઓરેગન સ્ટેટ પોલીસના જણાવ્યા અનુસાર, ક્રિશ્રા પટેલને કારની ટક્કર વાગતા ઘટનાસ્થળ પર જ તે મોતને ભેટ્યો હતો. આ કાર એલેક્સ પેટ્રોવ્સકી નામનો ૪૩ વર્ષનો એક શખસ ચલાવી રહ્યો હતો. આ અકસ્માત હાઈવે ૯૯ઈની ફાસ્ટ લેનમાં થયો હતો, જેની જાણ થતાં જ પોલીસ ત્યાં પહોંચી હતી,



પરંતુ ક્રિશ્રા પટેલને હોસ્પિટલ પહોંચાડવામાં આવે તે પહેલા જ તેનું મોત થઈ ગયું હતું. આ અકસ્માત કઈ રીતે થયો હતો તેની હાલ તપાસ ચાલી રહી છે, અને અકસ્માત કરનારા કારચાલકની પોલીસે ધરપકડ પણ કરી લીધી છે. અકસ્માત થયો ત્યારે મૃતક ક્રિશ્રા પટેલ રસ્તો ઓળંગી રહ્યો હતો કે કેમ તેની કોઈ સ્પષ્ટતા પોલીસ દ્વારા કરવામાં નથી આવી, એટલું જ નહીં અકસ્માત કરનારો કારચાલક ત્યારે નશામાં હતો કે કેમ તેની પણ હાલ તપાસ ચાલી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર આ અકસ્માત ઓક ગ્રોવની મેપલ સ્ટ્રીટમાં થયો હતો. અમેરિકાના ટેક્સાસમાં જુલાઈ ૨૦૨૩માં થયેલા આવા જ એક ભયાનક અકસ્માતમાં મૂળ પાટણના દર્શિલ ઠક્કર નામના યુવકનું કરૂણ મોત થયું હતું. દર્શિલ ટુરિસ્ટ વિઝા પર અમેરિકા ગયો હતો, પરંતુ અડધી રાતે એક કારચાલકે તેને અડફેટે લેતા દર્શિલ રસ્તા પર ઢસડાઈને ઘાયલ થઈ ગયો હતો. જોકે, ત્યારબાદ રસ્તા પર પડેલા દર્શિલ પર એક પછી એક અનેક ગાડીઓ ચઢી ગઈ હતી અને ગણતરીની સેકન્ડોમાં જ તેનું કમકમાટી ઉપજાવે તેવી હાલતમાં મોત થયું હતું. દર્શિલ અકસ્માતનો ભોગ બન્યો ત્યારે કોઈ વાહનચાલકે તેને મદદ કરવાની પણ તસ્દી નહોતી લીધી અને ઘણા સમય બાદ એક મહિલાએ પોલીસને ફોન કરીને ઘટનાની જાણ કરી હતી.



એનસીસી અને એનપીસીઆઈએલએ નવી દિલ્હીમાં સમગ્ર ભારતમાં વિવિધ કાર્યક્રમો દ્વારા પરમાણુ શક્તિના શાંતિપૂર્ણ ઉપયોગ અંગે જાગૃતિ લાવવા માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા.

### બોમ્બે હાઈકોર્ટની મહત્વપૂર્ણ ટિપ્પણી

# સાસુ અને સસરાની માનસિક શાંતિ માટે પુત્રવધૂને બેઘર ન કરી શકાય

। (એજન્સી) મુંબઈ, તા.૨૧ ।

બોમ્બે હાઈકોર્ટે એક ટીપ્પણીમાં જણાવ્યું હતું કે સ્ત્રીને માત્ર તેના વૃદ્ધ સાસુ સસરાની માનસિક શાંતિ જાળવવા માટે તેના વૈવાહિક ઘરમાંથી કાઢી મુકી શકાતી નથી અથવા ઘરવિહોણી કરી શકાતી નથી. જસ્ટિસ સંદીપ માર્નેની બેંચ એક મહિલા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના જાળવણી અને કલ્યાણ અધિનિયમ હેઠળ



રચાયેલા મેન્ટેનન્સ ટ્રિબ્યુનલ દ્વારા પસાર કરાયેલા આદેશને પડકારવામાં આવ્યો હતો. મહિલાએ તેની અરજીમાં આરોપ લગાવ્યો હતો કે તેના પતિ દ્વારા તેના માતા અને પિતા સાથે મળીને તેને ઘરમાંથી કાઢી મૂકવા માટે મેઈન્ટેનન્સ ટ્રિબ્યુનલનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. ખંડપીઠે સ્પષ્ટ કર્યું હતું કે વરિષ્ઠ નાગરિકો માનસિક શાંતિ સાથે જીવવાનો હકદાર છે, પરંતુ તેઓ તેમના અધિકારોનો ઉપયોગ એવી રીતે કરી શકતા નથી કે જે ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ હેઠળ મહિલાના અધિકારોનું ઉલ્લંઘન કરે છે. આ બાબત પર પ્રકાશ ફેંકતા કોર્ટે કહ્યું, 'એમાં કોઈ શંકા નથી કે વરિષ્ઠ નાગરિકો પુત્રવધૂ અને તેના પતિ વચ્ચેના વૈવાહિક વિખવાદને કારણે કોઈપણ ખલેલ વિના તેમના ઘરમાં શાંતિથી રહેવા માટે હકદાર છે.


### વીડિયો થયો વાયરલ

# લકવાગ્રસ્ત માણસે મગજમાં લગાવેલી ચિપની મદદથી શતરંજની ગેમ રમી

### એલોન મસ્કે વિડિયો ગેમ રમતા હોવાના ક્લિપિંગ પર પ્રતિક્રિયા આપી અને કહ્યું કે ન્યુરાલિંક ટેલિપેથીનું પ્રદર્શન કરે છે

। (એજન્સી) વૉશિંગ્ટન, તા.૨૧ ।

લાંબા સમયથી વિશ્વના સૌથી ધનિક વ્યક્તિનું બિરુદ ધરાવનાર ઈલોન મસ્કના મહત્વાકાંક્ષી ન્યુરાલિંક પ્રોજેક્ટના અનેક પરિણામો હાલમાં વિશ્વને ચોંકાવી રહ્યા છે. છેલ્લી રાત્રે એલોન મસ્કે લકવાગ્રસ્ત વ્યક્તિના મગજ સાથે વિડિયો ગેમ રમતા વીડિયોના જવાબમાં કહ્યું હતું કે **'Neuralink demonstrated telepathy'**. તેણે ક્વાડ્રિપ્લેજિક પેશન્ટ નોલેન્ડ અર્બોગનો વિડિયો શેર કર્યો હતો જે ન્યુરાલિંક બ્રેઈન ઈમ્પ્લાન્ટનો ઉપયોગ કરીને તેના મગજથી વિડિયો ગેમ્સ અને ચેસ રમવા માટે કરે છે, જે મગજ-કોમ્પ્યુટર



ઈન્ટરફેસ ટેક્નોલોજી પર પ્રકાશ પાડે છે. નોલેન્ડના લાઈવ સ્ટ્રીમ ઓફ ગેમિંગ વિશેની વિગતો શેર કરતા, એલોન મસ્કે લખ્યું, "@Neuralinkનું લાઈવસ્ટ્રીમ 'ટેલિપથી' દર્શાવે છે. કમ્પ્યુટરને નિયંત્રિત કરવું અને માત્ર વિચારીને વિડિયો ગેમ રમવી. ન્યુરાલિંકના સીઈઓ એલોન મસ્ક કંપનીના પ્રથમ મગજ પ્રત્યારોપણ દર્દીના લાઈવ સ્ટ્રીમ પર પ્રતિક્રિયા આપે છે, પગમાં ઈજાઓ સાથેનો એક માણસ જે ફક્ત તેના મગજનો ઉપયોગ કરીને વિડિઓ ગેમ્સ અને ઑનલાઈન ચેસ રમે છે. ન્યુરાલિંકના અધિકારીએ શેર કરેલા વિડિયોમાં મેં તે રમત રમવાનું છોડી દીધું હતું. દર્દીએ સિવિલાઈઝેશન VI રમતી વખતે કહ્યું. પોતાની ઈજા વિશે માહિતી આપતા નોલેન્ડે વિડિયોમાં જણાવ્યું હતું કે, લગભગ ૮ વર્ષ પહેલાં હું ડાઈવિંગ અકસ્માતમાં હતો અને મારી C4 અને C5 ડિસલોક થઈ ગઈ હતી, તેથી હું સંપૂર્ણપણે ક્વાડ્રિપ્લેજિક છું. ખભાથી નીચે લકવાગ્રસ્ત થઈ ગયો હતો અને મને કોઈ લાગણી કે હલનચલન મારા ખભા નીચે નથી થતું.

## અમેરિકાએ અરૂણાચલ પ્રદેશ ભારતનો હિસ્સો હોવાનું સ્વિકાર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

પીએમ મોદીએ તાજેતરમાં અરુણાચલ પ્રદેશની મુલાકાત લીધી તો ચીનને ભારે બળતરા ઉપડી હતી. ચીને આ મુલાકાતનો વિરોધ કરીને અરુણાચલ પ્રદેશને પોતાનો હિસ્સો ગણાવ્યો હતો. જોકે ચીનના ઘા પર હવે અમેરિકાએ મીઠું ભભરાવવાનુ કામ કર્યુ છે. અમેરિકાની સરકારના પ્રવક્તા વેદાંત પટેલે સોઈ ઝાટકીને કહ્યુ છે કે, અરુણાચલ પ્રદેશ ભારતનો હિસ્સો હોવાનુ અમેરિકા સ્વીકારે છે અને ભારત તેમજ ચીન વચ્ચેની લાઈન ઓફ એક્ચ્યુલ કંટ્રોલ પર સૈન્ય કાર્યવાહી થકી અથવા તો બીજા કોઈ પ્રયાસો થકી ઘૂસણખોરી કરીને આ વિસ્તાર પર દાવો કરવાના એક તરફી પ્રયાસનો વિરોધ કરે છે. સ્વાભાવિક રીતે જ વેદાંત પટેલનો ઈશારો ચીન તરફ હતો.

### આ વર્ષની અમરનાથ યાત્રા કુલ ૪૫ દિવસની હશે

# અમરનાથ યાત્રાનો શુભારંભ ૨૯ જૂનના દિવસે શનિવારે થઇ રહ્યો છે

### અમરનાથની યાત્રા કરનારાઓએ મેડિકલ સર્ટિફિકેટની સાથે અન્ય ઘણી માર્ગદર્શિકાઓનું પાલન કરવું જરૂરી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

આ વર્ષે અમરનાથ યાત્રાનો શુભારંભ ૨૯ જૂનના દિવસે શનિવારે થઈ રહ્યો છે. આ વર્ષની અમરનાથ યાત્રા કુલ ૪૫ દિવસની હશે. અમરનાથ યાત્રાનું સમાપન ૧૯ ઓગસ્ટના દિવસે સોમવારે થશે. આ વર્ષે ભક્તો બાબા બર્ફાનીનીના દર્શન ૪૫ દિવસ જ કરી શકશે. આ વર્ષે અમરનાથની યાત્રા શોભન યોગ અને અષાઢ માસના કૃષ્ણ પક્ષની આઠમની તિથિથી શરુ થશે. ૨૯ જૂનના રોજ આઠમની તિથિ બપોરે **2.19PM** સુધી છે, ત્યાં જ શોભન યોગ પ્રાતઃકાળથી સાંજે **6.54PM** સુધી છે. આ દિવસે ઉત્તર



ભાદ્રપદ નક્ષત્ર સવારે **8.49AM** સુધી છે, ત્યાર બાદ રેવતી નક્ષત્ર છે. યાત્રાના પહેલા દિવસથી શુભ સમય એટલે અભિજીત મુહૂર્ત ૧૧.૫૭ છ૨ સુધી છે. આ વર્ષની અમરનાથ યાત્રા ૧૯ ઓગસ્ટના રોજ સમાપ્ત થશે. આ દિવસે શ્રાવણ પૂર્ણિમા, પાંચમો સોમવાર અને ભાઈ-બહેન વચ્ચેના પ્રેમનો તહેવાર રક્ષાબંધન પણ હશે. સમાપન દિવસે પણ શોભન યોગ હશે. જો કે, તે દિવસે સવારે ૦૫:૫૩ થી સર્વાર્થ સિદ્ધિ યોગ અને રવિ યોગ છે, જે સવારે ૦૮:૧૦ સુધી ચાલશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર અમરનાથ યાત્રા માટે રજીસ્ટ્રેશન સોમવાર, ૧૫ એપ્રિલથી શરૂ થશે. જો કે અમરનાથ યાત્રા માટે શારીરિક રીતે ફિટ હોવું જરૂરી છે. અમરનાથની યાત્રા કરનારાઓએ મેડિકલ સર્ટિફિકેટની સાથે અન્ય ઘણી માર્ગદર્શિકાઓનું પાલન કરવું જરૂરી છે. પૌરાણિક કથાઓ અનુસાર, બાબા અમરનાથની પવિત્ર ગુફામાં ભગવાન શિવે માતા પાર્વતીને અમરત્વની કથા સંભળાવી હતી.

## તંત્રી લેખ...

### ભારતીય ઉપમહાદ્વીપ વચ્ચે આવેલ અરબ સાગરનો વિસ્તાર આંતરરાષ્ટ્રીય વેપારની દૃષ્ટિએ બેહદ મહત્ત્વપૂર્ણ છે

ભારતીય સમુદ્રી તટથી લગભગ ૨૬૦૦ કિલોમીટર દૂર લગભગ ૪૦ કલાક ચાલેલા ઓપરેશન દરમ્યાન અપહૃદ વેપારી જહાજ એમવી રૂએનના ચાલક દળના ૧૭ સદસ્યોને બચાવવા અને ૩૫ સોમાલિયાના લૂંટારાઓને આત્મસમર્પણ કરવા માટે મજબૂર કરવા, ભારતીય નૌકાદળ માટે એક શાનદાર ઉપલબ્ધિ તો છે જ, જે સતર્કતા અને કૌશલની સાથે આ અભિયાનને અંજામ આપવામાં આવ્યો, તેનાથી તેની વિશ્વસનીયતા અને ક્ષમતા પર મહોર પણ લાગે છે. ઉલ્લેખનીય છે કે એમવી રૂએનને ગયા વર્ષે ૧૪ ડિસેમ્બરે સમુદ્રી લૂંટારાઓએ અપહૃત કરી લીધું હતું અને એ ત્યારથી જ તેમના કબ્જામાં હતું. નૌકાદળના યુદ્ધપોત આઈએનએસ કોલકાતાએ એમવી રૂએનને રોક્યું હતું. ડ્રોનની મદદથી રૂએન પર સમુદ્રી લૂંટારાના કબ્જાની પુષ્ટિ કરવામાં આવી. જ્યારે લૂંટારાઓએ ડ્રોનને નષ્ટ કરી દીધું, ત્યારે ભારતીય વાયુસેનાએ સી-૧૭ એરક્રાફ્ટથી ખાસ સમુદ્રી કમાન્ડો (માર્કોસ) ટીમને જહાજ પર ઉતારી, જેણે પછી આખા અભિયાનને અંજામ સુધી પહોંચાડ્યું. ઉલ્લેખનીય છે કે હજુ બે મહિના પહેલાં પણ ભારતીય નૌકાદળે માત્ર છત્રીસ કલાકની અંદર ચલાવવામાં આવેલ બે અભિયાનોથી સમુદ્રી લૂંટારાઓના મનસૂબા પર પાણી ફેરવ્યું હતું. એવા સમયમાં, જ્યારે લાલ સાગરમાં સમુદ્રી લૂંટારાઓનો આતંક વધી રહ્યો છે અને હૂતી આતંકીઓ અમેરિકી નૌકાદળની ભરપૂર પરીક્ષા લઈ રહ્યા છે, ત્યારે ભારતીય નૌકાદળ છેલ્લા કેટલાક સમયથી પોતાના સમુદ્રી ક્ષેત્રમાં જે પરાક્રમ દેખાડી રહ્યું છે, તેની આજે જો અમેરિકા પણ પ્રશંસા કરી રહ્યું હોય તો તેનો મતલબ સમજી શકાય છે. પશ્ચિમમાં હવે અરબ પ્રાયદ્વીપ અને પૂર્વમાં ભારતીય ઉપમહાદ્વીપ વચ્ચે આવેલ અરબ સાગરનો વિસ્તાર આંતરરાષ્ટ્રીય વેપારની દૃષ્ટિએ બેહદ મહત્ત્વપૂર્ણ છે, જ્યાં તેલ અને પ્રાકૃતિક ગેસનો મોટો ભંડાર પણ છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં ચીને પોતાના નૌકાદળનું જે રીતે આધુનિકીકરણ કર્યું છે અને પોતાની 'સ્ટ્રીંગ ઓફ પર્લ્સ' નીતિ અંતર્ગત નજીકના દેશોમાં રણનીતિક બંદરોનું નિર્માણ કર્યું છે, ભારતની સક્રિયતાને ચીની રણનીતિના જવાબ રૂપે પણ જોઈ શકાય છે.

### ધોરણ ૧૦ પછીનો તમારો અભ્યાસ જે ભવિષ્યમાં તમારી કારકિર્દીનું નિર્માણ કરી શકે



ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા પૂરી થવાની છે અને વિદ્યાર્થીઓમાં ખુશી નો માહોલ હશે . વિદ્યાર્થીઓ રોજ નવા નવા આયોજનો કરવા માટે તત્પર હશે કે જે તેમના બોર્ડના સમય દરમિયાન તેઓ કરી શક્યા નથી અને આ આયોજનનો તેમના સર્વાંગી વિકાસમાં ખૂબ મોટો ભાગ ભજવતા હોય છે. આજની શિક્ષણ વ્યવસ્થામાં ધોરણ ૧ થી ૧૦ સુધી ગુજરાત ભરમાં એક જ શિક્ષણ હોય છે, બોર્ડ જુદા -જુદા હોઈ શકે છે અને દરેક વિદ્યાર્થીઓને એક જ સરખા વિષયો ભણાવવામાં આવે છે. જેમાં તેમની રુચિને કોઈ સ્થાન સામાન્ય રીતે હોતું નથી જે આજના પરંપરાગત શિક્ષણ ની ત્રુટિ પણ કહી શકાય. ધોરણ ૧ થી ૧૦ સુધી એટલે કે વિદ્યાર્થીના ૧૬ થી ૧૭ વર્ષ સુધી તેને કારકિર્દીને માર્ગદર્શન મળી રહે તે માટેનું આજના શિક્ષણમાં કોઈ જ્ઞાન આપવામાં આવતું નથી જેના કારણે વિદ્યાર્થી ૧૦માં ધોરણ પછી નજીકના ભવિષ્યમાં જ તેને કારકિર્દી ઘડવાની હોય છે પરંતુ આ કારકિર્દીલક્ષી જ્ઞાનના અભાવના કારણે કેટલાય વિદ્યાર્થીઓ પોતાનું ભવિષ્ય બગાડતા હોય છે જેના કારણે તેમના અને તેમના કુટુંબના ભવિષ્યમાં પણ તકલીફો ઊભી થવાનું કારણ બનતું હોય છે. આ માટે ધોરણ ૧૦ પછી યોગ્ય કારકિર્દી પસંદ કરવી એ ખૂબ જરૂરી છે. જે માટે વિદ્યાર્થી તથા વિદ્યાર્થીના માતા-પિતા એ ગાડરીયા પ્રવાહ માં નહીં આવતા વિદ્યાર્થીઓની રુચિ પ્રમાણે ભવિષ્યની કારકિર્દીની તકો જાણી અને ધોરણ ૧૦ પછી શું ભણવું તેનું સુચારું આયોજન કરવું જોઈએ. આ માટે જરુર પડે તો નિષ્ણાતોની મદદ પણ લેવી જોઈએ. ધોરણ ૧૦ પછીનો તમારો અભ્યાસ જે ભવિષ્યમાં તમારી કારકિર્દી નું નિર્માણ કરી શકે તથા તમને તમારી પસંદગીની સારી કોલેજમાં પ્રવેશ મેળવવામાં મદદ કરશે. તેથી, તમારા સ્તરે શ્રેષ્ઠ પસંદ કરો જે તમને રસપ્રદ લાગે, અને સખત મહેનત કરો. તમે ચોક્કસપણે તમારો રસ્તો શોધી શકશો. ૧૦મા પછી સ્ટ્રીમ પસંદ કરતી વખતે ધ્યાનમાં લેવાના ૫ મુદ્દા, ૧૦મા પછી શું કરવું? તે એક નિર્ણાયક પ્રશ્ન છે જેનો ઘણા વિદ્યાર્થીઓ સામનો કરે છે કારણ કે તેઓ તેમનું માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરે છે. તમને નિર્ણય લેવામાં મદદ કરવા માટે અહીં કેટલાક મુખ્ય મુદ્દાઓ છે: ઉપલબ્ધ સ્ટ્રીમ્સ/વિષયોનું અન્વેષણ કરો: ૧૦મા પછી શું કરવું? તમારી શક્તિઓ અને રુચિઓને ધ્યાનમાં રાખીને, ૧૦મા પછીના વિજ્ઞાન, ડિપ્લોમા કોર્સ, વાણિજ્ય, કલા અને આર્ટસ જેવા વિકલ્પોને સમજો. કારકિર્દીની તકો શોધો: ૧૦મા પછી શું કરવું? તમારા લાંબા ગાળાના ધ્યેયો અને આકાંક્ષાઓ સાથે સંરેખિત કરવા માટે દરેક સ્ટ્રીમ સાથે સંકળાયેલ સંભવિત કારકિર્દી માર્ગોનું અન્વેષણ કરો. તમામ વિષયોમાં અભ્યાસક્રમની તપાસ કરો: ૧૦મા પછી શું કરવું? તમારી શીખવાની શૈલી અને ક્ષમતાઓ સાથે સુસંગતતા સુનિશ્ચિત કરીને જરૂરી જ્ઞાનની ઊંડાઈ અને પહોળાઈને સમજવા માટે દરેક પ્રવાહમાં વિવિધ વિષયોના અભ્યાસક્રમની માહિતી મેળવો. તમારી રુચિઓ સમજો: ૧૦મા પછી શું કરવું? તમારી વ્યક્તિગત પસંદગીઓ અને ઝોક સાથે પડઘો પાડતો પ્રવાહ પસંદ કરવા માટે તમારી રુચિઓ, શોખ અને જુસ્સો પર પ્રતિબિંબિત કરો. ભવિષ્યના તકો ને ધ્યાનમાં લો: ૧૦મા પછી શું કરવું? ભવિષ્યની માંગની અપેક્ષા રાખવા અને કારકિર્દીની વધુ સારી સંભાવનાઓ માટે તમારી સ્ટ્રીમ પસંદગીને તે મુજબ ગોઠવવા માટે વિવિધ ઉદ્યોગોમાં ઉભરતા પ્રવાહો અને પ્રગતિઓ વિશે માહિતગાર રહો. અહીં ધોરણ ૧૦ પછી પરંપરાગત શિક્ષણ ની જોગવાઈ મુજબ વિદ્યાર્થી ધોરણ ૧૧ -૧૨ સાયન્સ, વાણિજ્ય કે આર્ટસમાં અભ્યાસ કરી શકે છે.

૧૯૭૦માં બનેલી પરિણય ફિલ્મનું આ ગીત છે, શર્મા બંધુએ તેને ગાયું છે, આ ઉપરાંત જયદેવનું મ્યુઝિક અને રામાનંદ શર્માએ લખેલ છે

# જૈસે સૂરજ કી ગર્મી સે જલતે હુએ તન કો મિલ જાયે તરુવર કિ છાયા એ ગીત મુજબ રામનું શરણ ગ્રહીએ!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ભયંકર ગરમીના દિવસોમાં આ રીતે માવઠું થાય એટલે રાહત થાય, પણ આ રીતના કમોસમી વરસાદ ખેડૂતોનુ કેટલુંય નુકસાન કરતા હોય છે, એનો આંકડો જ્યારે બહાર આવે ત્યારે ખબર પડે છે**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ઊનાળો ધીરે ધીરે શરૂ થતો જાય છે, અને બપોરે તડકો પણ આકરો થતો જાય છે. ક્યારેક એવું લાગે કે પ્રકૃતિમાં તેનું કામ તેના સમયે શરૂ પણ કરે, અને બંધ પણ કરે, એવી એક ઓટોમેટિક સ્વીચ હશે! અને એ પણ એના નિયત સમયે જ! પરંતુ હાલ પ્રાકૃતિક પ્રદૂષણ વધતું જતું હોવાથી આ ટાઈમ ટેબલ ક્યારેક ખોરંભાઈ પણ જાય છે, અને ભર શિયાળે વરસાદ આવવો કે ભર ઉનાળે વરસાદ આવવો, એવી સ્થિતિનું નિર્માણ થાય છે, જેને આપણે માવઠું કહેતા હોઈએ છીએ. ભયંકર ગરમીના દિવસોમાં આ રીતે માવઠું થાય એટલે રાહત થાય, પણ આ રીતના કમોસમી વરસાદ ખેડૂતોનુ કેટલુંય નુકસાન કરતા હોય છે, એનો આંકડો જ્યારે બહાર આવે ત્યારે ખબર પડે. ઉનાળો એના મૂળ સ્વભાવ એટલે કે ગરમી તરફ આગળ વધશે, અને ગ્લોબલ વોર્મિંગને કારણે આપણે બધા શેકાતા હોઈએ એટલી ગરમીનો અનુભવ થશે! આવી કપરી પરિસ્થિતિમાં આપણે એવું શું કરવું? કે જેનાથી આપણી ગરમી ઓછી થાય, અથવા તો ગરમીનો આપણને અનુભવ ઓછો થાય. કારણ કે સૂરજને તો હાથ દેવા જવાશે નહીં! ઉપરાંત આપણું જ કરેલું આપણને ભારે પડી રહ્યું છે, એટલે કહેવા પણ કોને જવું! વિકાસને નામે સંવેદન હિન વિજ્ઞાને આડો આક વાળ્યો, અને કેટલાય મૂંગા પ્રાણીઓ એ નિસાસા સાથે બલિદાન આપ્યાં, એ બધો કોપ અંતે તો આપણે જ કર્યો, અને આપણે જ વિકાસને નામે હોંશ હોંશ સ્વીકાર્યું! એટલે હવે આ રીતે સહન કરવું પડશે!; ગરમી કદાચ પહેલા આટલી નહોતી પડતી એટલે કે ૫૦ સેલ્સિયસ સુધી ગરમી ગઈ હોય અને આપણને આજ જેવો અનુભવ થયો હોય એવું બહુ યાદ આવતું નથી, અને એટલે જ કદાચ હવે "રિયલ ફીલ" એવો વર્ડ પણ આવ્યો છે. છતાં શક્ય છે ક્યારેક પડી પણ હોય, પરંતુ ત્યારે આટલું આકરું નહોતું લાગ્યું, આપણી જરૂરિયાતોએ આપણને પાંગળા બનાવી દીધા છે! ખેર છોડો! પણ પંખા, કુલર, અને એસી દરેકના નસીબમાં નથી હોતા! બસ એટલું યાદ રાખીને રામ નામ અને રામ કામ કરીશું, તો એસીની બહાર નીકળીએ ત્યાં જે ત્રાહિમામ પોકારી ઉઠીએ છીએ એમાં રાહત થશે. તો આવાં જ એક ભજન જેવા ભાવનું ગીત પર આજે તરાને કી તર્જમાં ચિંતન કરીશું.

**જૈસે સૂરજ કી ગર્મી સે**
**જલતે હુએ તન કો**
**મિલ જાયે તરુવર કિ**
**છાયા**
**ઐસા હી સુખ મેરે મન કો**
**મિલા હૈ**
**મૈં જબસે શરણ તેરી**
**આયા, મેરે રામ**
**ભટકા હુઆ મેરા મન થા**
**કોઈ**
**મિલ ના રહા થા સહારા**
**લહરોં સે લડતી હુઈ નાવ**
**કો**
**જૈસે મિલ ના રહા હો**
**કિનારા, મિલ ના રહા હો**
**કિનારા**
**ઉસ લડખડાતી હુઈ નાવ**
**કો જો**
**કિસી ને કિનારા દિખાયા**
**ઐસા હી સુખ ...**
**શીતલ બને આગ ચંદન**
**કે જૈસી**
**રાઘવ કૃપા હો જો તેરી**
**ઉજિયાલી પૂનમ કી હો**
**જાએં રાતેં**
**જો થીં અમાવસ અંધેરી,**
**જો થીં અમાવસ અંધેરી**
**યુગ-યુગ સે પ્યાસી**
**મરુભૂમિ ને જૈસે સાવન**
**કા સંદેસ પાયા ઐસા હી**
**સુખ ...**
**જિસ રાહ કી મંજિલ તેરા**
**મિલન હો**
**ઉસ પર કદમ મૈં બઢાઉ**
**ફૂલોં મેં ખારોં મેં, પતઝડ**
**બહારોં મેં**
**મૈં ન કભી ડગમગાઊં, મૈં**
**ન કભી ડગમગાઊં**
**પાની કે પ્યાસે કો તકદીર**
**ને**
**જૈસે જી ભર કે અમૃત**
**પિલાયા**
**ઐસા હી સુખ ...**

૧૯૭૦માં બનેલી પરિણય ફિલ્મનું આ ગીત છે, શર્મા બંધુએ તેને ગાયું છે, આ ઉપરાંત જયદેવનું મ્યુઝિક અને રામાનંદ શર્માએ લખેલ છે. આ ફિલ્મ મેં જોઈ નથી, પરંતુ ગીતના શબ્દો આપણને જીવનની રાહ ચિંધનારા હોવાથી એનો સહારો લીધો છે. કારણ કે આજે બાહ્ય પ્રકૃતિમાં તો કદાચ બે કે ત્રણ માસ ઉનાળો રહે છે, પરંતુ આંતરિક પ્રકૃતિ તો અગન ગોળા જેવી તપતી જ હોય છે, ત્યારે રામનું શરણું પકડી લેવાથી આ આંતર બાહ્ય ગરમીમાં ઘણી રાહત થાય છે. કવિ પોતાની આ વાત અને ભાવ ખૂબ જ સુંદર રીતે શબ્દોમાં વ્યક્ત કરતા કહે છે, કે હે જ્યારે મેં રામનું શરણું લીધું, ત્યારે સુરજની આખરી ગરમીથી તપેલા મારા શરીરને જેમ કોઈ ઝાડનો છાયો મળી જાય, અને રાહતની લાગણી થાય એવી લાગણી થઈ! કારણ કે મેં રામનું શરણ ગ્રહણ કર્યું ત્યારે મારા મનને આવા જ સુખનો અનુભવ થયો હતો. આ ભવસાગરમાં મારું મન ભટકી ગયું હતું એને ક્યાંય કિનારો દેખાતો નહોતો. ઉપરથી લહેરોના તોફાનોમાંથી મારી જીવન નાવ બહાર નીકળવા માટે લડતી હતી! એ લડખડાતી જીવન નાવને તારા શરણે આવ્યા પછી જાણે કોઈ એ કિનારો દેખાડ્યો હોય એવી લાગણી થાય છે. મારા અંતરની આગ રઘુવર કૃપાથી શીતળ ચંદન જેવી થઈ, અને કાળી અમાસ જેવું અંધારું છવાયેલું હતું ત્યાં અજવાળી પૂનમના અજવાળા રેલાયા, વર્ષોથી મરું ભૂમિ જેવું મારું જે જીવન હતું એમાં ઓચિંતાનો સાવનનો સંદેશો આવ્યો એટલે કે પ્રેમની હેલી ચડી હોય એવી લાગણી મને રામ તમારે શરણે આવવાથી થઈ. હવે તો જે માર્ગે તારું મિલન થાય એ તરફ જ હું ડગ ભરીશ એટલે કે આગળ વધીશ, ફૂલો મેં, ખારોમેં પતઝડ બહારો મેં! એટલે કે સુખ દુઃખના કોઈપણ મુકામો હોય કે પછી લાખ અવરોધ આવે હું એ માર્ગ પરથી હટીશ નહીં કારણ કે જેની પાણી પીવાની ઓકાત છે, તેને તે જી ભર કે એટલે ભરપેટ અમૃત પાયું હોય, એવી મને અનુભૂતિ થઈ છે. કવિ રામને શરણે જવાની વાત કરે છે, અને પોતે ગયાં તો એને કેવો કેવો અનુભવ થયો, એ ભાવ એમણે સુંદર રીતે વ્યક્ત કર્યો. પરંતુ રામને શરણે જવું એટલે શું? રામ એટલે શું ફક્ત નામ? એવો પ્રશ્ન સૌને થવો જોઈએ! રામ એટલે સત્ય, રામ એટલે પરમ પુરુષોત્તમ, રામ એટલે મર્યાદા, રામ એટલે તારણહાર, રામ એટલે પોષક, અને રામ એટલે આપણી સંસ્કૃતિનો પાયો, અથવા ધરોહર! બે અક્ષરનો રામ મંત્ર એ મહામંત્ર છે એવું રામચરિત માનસમાં તુલસીદાસજીએ કહ્યું છે, અને પૂજ્ય બાપુ દરેક કથામાં એની પર ભાર મૂકે છે, એટલે આપણે રામ મંત્રનું રટણ તો કરવાનું જ છે, પરંતુ એની સાથે સાથે રામના આ બધા જ ગુણને આત્મસાત કરવાના છે. આપણાથી કોઈના તપ્ત જીવનમાં થોડી શીતળતાનો અનુભવ થાય એવું પણ કંઈક કરવાનું છે કારણ કે રામ વિષ્ણુ અવતાર હતા, અને વિષ્ણુ આપણા પાલનહાર છે, એટલે કોઈના પોષક બનવાનું છે, કોઈના તારણહાર બનવાનું છે, સત્યને હૃદયમાં પ્રાણ પ્રતિષ્ઠિત કરી અને નીતિપૂર્વકનું જીવન જીવવાનું છે, આપણી સંસ્કૃતિ ની ગરિમા વધે એમ જીવવાનું છે! અને આ રીતે એ મર્યાદા પુરુષોત્તમની મર્યાદા જાળવવાની છે. તો આપણને પણ કવિની રચના જેમ અનુભવ થશે અને પાણી પીનારાની ઔકાત એટલી વધી જશે, કે સ્વયમ રામ તેને અમૃત પીવડાવવા આવશે. તો આ રીતે આપણે પણ આંતર બાહ્ય તાપને ઓછો કરી અને જીવી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

વૃત્તિઓના આવરણનું નષ્ટ થઈ જવું એ ચીરહરણ લીલા અને તે પછી જીવનું આત્મામાં રમણ-મિલન એ રાસ

# વાસનારૂપી પડદો દૂર ન થાય, ત્યાં સુધી જીવ અને શિવનું-ઈશ્વરનું મિલન થતું નથી, તે વાસનાના આવરણને દૂર કરી પ્રભુને મળવાનું છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**વૃત્તિઓના આવરણનું નષ્ટ થઈ જવું એ ચીરહરણ લીલા અને તે પછી જીવનું આત્મામાં રમણ-મિલન એ રાસ, એટલે તો ચીરહરણ લીલા પછી રાસલીલા કહે છે**

સંસ્કાર શૂન્ય,સંસાર શૂન્ય નિવારણ થઈને મારી પાસે આવો. એમ ભગવાન કહે છે.દ્વૈતનો પડદો દૂર કરશો તો ભગવાન મળશે ભગવાન પાસે છે છતાં દેખાતા નથી. વાસનાનો પડદો દૂર થાય તો તરત દેખાયા. ગુરુ આ વાસનાનો પડદો દૂર કરી આપે છે. આત્મા અને પરમાત્મા વચ્ચે આ વાસના નો પડદો છે એટલે ભગવાનનો અનુભવ થતો નથી. તે વાસનાના આવરણને દૂર કરીને પ્રભુને મળવા જવાનું છે. બુદ્ધિગત વાસના સિદ્ધ સદગુરુ કૃપા કરે અથવા પરમાત્મા કૃપા કરે તો જ દૂર થાય છે. ચીહરણ એ રાસલીલાની પૂર્વ તૈયારી છે. વૃત્તિઓના આવરણનું નષ્ટ થઈ જવું એ ચીરહરણ લીલા અને તે પછી જીવનું આત્મામાં રમણ-મિલન એ રાસ. એટલે તો ચીરહરણ લીલા પછી રાસલીલા કહે છે. કામવાસના જાય એટલે ઈશ્વર સાથે અદ્વૈત પ્રાપ્ત થાય. ચીરહરણ એ કંઈ લૌકિક વસ્ત્રોની ચોરી નથી, પરંતુ બુદ્ધિગત કામ વાસનાની ચોરી છે. શ્રીકૃષ્ણ વ્યાપક હોવાથી જળમાં પણ શ્રીકૃષ્ણ છે. ગોપીઓ જળમાં પણ નહાય છે એટલે શ્રીકૃષ્ણમાં નહાય છે. એટલે એમને શ્રીકૃષ્ણ મળેલા જ છે. પણ વાસનાનું, અજ્ઞાનનું આવરણ હોવાથી શ્રીકૃષ્ણનો તેમને અનુભવ થતો નથી. તેથી બુદ્ધિગત વાસનાનું વસ્ત્ર પ્રભુ કૃપા કરીને દૂર કરે છે, જ્યારે પ્રભુના બનીએ ત્યારે જ આ બને છે. પ્રભુ કહે છે કે, જેણે પોતાની બુદ્ધિ ને મારામય કરી છે તેનો વિષય ભોગનો સંકલ્પ સાંસારિક વિષય ભોગ માટે થતો નથી, પણ તે સંકલ્પ મોક્ષદાયી જ થાય છે. ભૂજેલા ધાન્યનું બી જેમ અંકુરિત થતું નથી, તેમ જેમની બુદ્ધિમાંથી વાસના નષ્ટ થઈ છે તેમની બુદ્ધિમાં કામવાસના અંકુરિત થતી નથી. ગોપીઓને પ્રભુએ કહ્યું છે, હે વ્રજકુમારિકાઓ! તમારામાં કામ વાસના નથી, તમારા હૃદયનો શુદ્ધ ભાવ હું જાણું છું, પણ તમારે હજુ મારું ધ્યાન કરી મનનો સૂક્ષ્મ મળ દૂર કરવાનો છે. તે પછી તમે મને મળશો. તમે શરદ ઋતુની રાત્રિએ મારી સાથે રમશો. શરદ ઋતુની રાત્રિ નિર્મળ હોય છે. તમે એવા નિર્મળ થશો, સર્વ પ્રકારે શુદ્ધ થશો તો તમે ઈશ્વર સાથે રમી રમશો, ત્યારે જીવનું ઈશ્વર સાથે મિલન થશે ત્યારે રાસ થશે. તે પહેલાં પૂતનાવધ-અવિદ્યાનો નાશ થવો જોઈએ. અવિદ્યાનો નાશ થાય, એટલે સંસારનું ગાડું સુધરે છે.એ બતાવવા શકટાસુર નો વધ કર્યો. સંસારનું ગાડું સુધર્યું. એટલે તૃણાવર્તને મર્યો. તૃણાવર્ત એટલે કે રજોગુણ નો નાશ થયો. રજોગુણ મર્યો એટલે માખણચોરી ની લીલા આવી. શ્રીકૃષ્ણે મનની ચોરી કરી એટલે જીવન સાત્ત્વિક બન્યું. જીવન સાત્ત્વિક બને તો સંસારની આસક્તિ નષ્ટ થાય એટલે તે બતાવવા દહીંની ગોળી ફોડી. એટલે કે સંસારની આસક્તિ થઈ. સંસારની આસક્તિ જાય એટલે પ્રભુ બંધાય. તેથી તે પછી આવી દામોદર લીલા અને પ્રભુ બંધાયા એટલે દંભ મર્યો, એટલે આવી બકાસુર વધની કથા, તે પછી આવી અઘાસુર વધની કથા અને સંસારનો તાપ નાશ થયો. સંસાર દાવાગ્નિ શાંત થયો એટલે ઈન્દ્રિયો ની શુદ્ધિ થઈ અને અંતઃકરણની વાસનાનો ક્ષય થાય. તે બતાવવા નાગદમન લીલા અને પ્રલંબાસુર વધની કથા આવી. આમ જીવ ઈશ્વરને મળવા લાયક થતો ગયો એટલે તેને વેણુગીતની વાંસળી સંભળાઈ. વેણુગીત એટલે નાદબ્રહ્મની ઉપાસના થઈ. એટલે તે પછી આવી ગોવર્ધન લીલા. ગોવર્ધન લીલા એટલે ઈન્દ્રિયોની પુષ્ટિ એટલે વૃદ્ધિ. ઈન્દ્રિયોની પુષ્ટિ એટલે કે વૃદ્ધિ ભક્તિરસથી થાય છે. ઈન્દ્રિયો પુષ્ટ થઈ એટલે ષડ્રસનો પરાભવ થયો. વરુણદેવનો પરાભવ થયો, પડ્રસનો પરાભવ થયો, જીવ શુદ્ધ થયો, કોઈ વાસનાનું આવરણ ન રહ્યું એટલે ચીરહરણ લીલા થઈ અને તે પછી રાસલીલા થઈ, જીવ અને બ્રહ્મની એકતા થઈ. એકત્વ થયું. આનંદ આનંદ થઈ રહ્યો. બોલો,ચીરહરણ ન થાય ત્યાં સુધી રાસલીલા ન થાય. શરીરને વસ્ત્ર ઢાંકે છે, તેમ વાસના પરમાત્માને ઢાંકી રાખે છે. વાસનારૂપી પડદો દૂર ન થાય, ત્યાં સુધી જીવ અને શિવનું-ઈશ્વરનું મિલન થતું નથી. વાસનારૂપી વસ્ત્ર જીવ અને પરમાત્માનું મિલન થતું અટકાવે છે. ઈન્દ્રિયો વગેરેમાંથી કામને કાઢવો સહેલો છે પણ બુદ્ધિગત કામને કાઢવો મુશ્કેલ છે. ચીરહરણ સિવાય આરો નથી. વાસનાનો ક્ષય સહેલો નથી. યોગીના શરીરમાંથી કામ જાય છે, પણ બુદ્ધિમાંથી કામ જતો નથી. વૃદ્ધાવસ્થામાં ઈન્દ્રિયો શિથિલ થતાં ઈન્દ્રિયોમાંથી જાય છે, પરંતુ કામ બુદ્ધિમાંથી નીકળતો નથી. ઋષિઓ પણ કામથી હારેલા. તેઓને લાગ્યું કે, કામને મારવો કઠણ છે, તેથી તે ઋષિઓ આજે ગોપીઓ થઈને આવેલા છે. ઋષિઓએ નિશ્ચય કર્યો, આ કામભાવ હવે શ્રીકૃષ્ણને અર્પણ કરીશું અને નિષ્કામ થઈશું. મહાપ્રભુની આજ્ઞા છે કે, દસમ સ્કંધ એ ગોવર્ધનનાથનું હૃદય છે અને રાસલીલા પ્રાણ છે. હૃદયમાં પંચપ્રાણ રહેલા છે, તેમ શ્રીમદ્ ભાગવતની પંચપ્રાણ આ રાસ પંચાધ્યાયી છે. રાસ પંચાધ્યાયીના પાંચ અધ્યાય છે. રાસ પંચાધ્યાયીને ફળ પ્રકરણ કહે છે. રાસલીલા એ નિવૃત્તિ ધર્મનું પરમ ફળ છે.શ્રી રાધાજી શુકદેવ જીના ગુરુ છે. રાધાજીએ શુકદેવજીનેબ્રહ્મસંબંધ કરાવ્યો છે. આ રાધાજીની કૃપા વગર રાસનું મહત્ત્વ સમજવું કઠિન છે. શુકદેવજી અગાઉના જન્મમાં પોપટ હતા પોપટ અખંડ રાધાજીના નામનું કીર્તન કરો. એક દિવસ રાધાજી ત્યાં પધાર્યા. ઓહો! આ કોણ મારા નામનો જપ કરે છે? ત્યાં પોપટ ઉપર દૃષ્ટિ પડી. પોપટ જપ કરે છે. પોપટને બોલાવ્યો. પોપટને હથેળી ઉપર રાખી કહ્યું, વત્સ, રાધા રાધા નહીં, શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ બોલ!રાધાજી પોપટને આ પ્રમાણે મંત્ર દીક્ષા આપે છે તે વખતે શ્રીકૃષ્ણ ત્યાં પધારે છે. રાધાજીની કૃપા થઈ તો શ્રીકૃષ્ણનાં દર્શન સુલભ બની ગયાં. વ્રજના અધિશ્વરી રાધાજી છે, શ્રી રાધાજી આદ્યશક્તિ છે. સંયોજીકા શક્તિ છે. આહલાદિકા શક્તિ છે. જગતના વિખૂટા પડેલા જીવોને શ્રીકૃષ્ણ સાથે મિલન કરાવી આપનાર શક્તિ છે, તેથી વૃંદાવનમાં મહાત્માઓ રાધે રાધેનો જપ કરે છે. રાધાજીની કૃપા થાય તો તે જીવને ભગવાનનાં દર્શન કરાવે છે. આ પ્રમાણે શુકદેવજી પૂર્વજન્મમાં પોપટ હતા,માટે ભાગવતમાં શુકદેવજી બોલ્યા, એમ કહેવાને બદલે શ્રીશુક બોલ્યા એમ લખ્યું છે. શ્રીશબ્દનો અર્થ થાય છે રાધા. શ્રીશુકએ ગુરુ- શિષ્યનું નામ છે. ભાગવતમાં કોઈના નામ સાથે શ્રી વિશેષણ લખવામાં આવતું નથી. બ્રહ્મા ઉવાચ, સનતકુમાર ઉવાચ, વ્યાસ ઉવાચ એમ લખ્યું છે. વ્યાસજીના નામ સાથે પણ શ્રી વિશેષણ વાપર્યું નથી. ફક્ત શુકદેવજી અને ભગવાનને શ્રી વિશેષણ આપવામાં આવ્યું છે. શુકદેવજી શ્રીજીના રાધાજીના કૃપાપાત્ર છે, શિષ્ય છે તેથી તેમને શ્રી વિશેષણ આપવામાં આવ્યું છે. રાધાજી શ્રીકૃષ્ણને કહે છે,આ પોપટ મને ખૂબ ગમે છે. આમ કહી રાધાજીએ શ્રીકૃષ્ણના હાથમાં પોપટ આપ્યો છે. આમ અંતરંગમાં રાધાજી શુકદેવ જીના ગુરુ છે. પરમાત્મા સાથે સંબંધ જોડી આપે એ મહાપ્રભુનું નામ પ્રગટરૂપે લેવાય નહીં. એટલે ભાગવતમાં શ્રીરાધા જીનું નામ પ્રગટરૂપે શુકદેવજીએ લીધું નથી. રાધાજીનું નામ જેમ ભાગવતમાં આવતું નથી, તેમ કોઈ ગોપીનું નામ પ્રગટ રૂપે આપ્યું નથી. શુકદેવજી કથા બહુ વિવેકથી કરે છે. રાજા પરીક્ષિતને સાત દિવસમાં મોક્ષ અપાવવો છે.

# રણબીર કપૂરની રામાયણમાં રવિ દુબે બનશે લક્ષ્મણ

## એવું કહેવામાં આવી રહ્યું છે કે, રામનવમીના અવસર પર આ ફિલ્મનું ઓફિશિયલ એનાઉન્સમેન્ટ કરવામાં આવશે



નિતેશ તિવારીની 'રામાયણ' લાંબા સમયથી ચર્ચામાં છે. ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામનો રોલ પ્લે કરશે. સાઈ પલ્લવી માતા સિતાના રોલમાં જોવા મળશે, ફિલ્મને લઈને ઘણાં અપડેટ સામે આવતાં રહે છે. પહેલા એવું કહેવામાં આવ્યું હતું કે રાવણનો રોલ સાઉથ સુપરસ્ટાર યશ કરવાનો છે. જ્યારે હનુમાનનો રોલ સની દેઓલ સાઈન કરી ચૂક્યો છે, પરંતુ આવું કંઈ થયું નથી તે સામે આવ્યું. ફિલ્મમાં અત્યાર સુધી રામ અને સિતા ફાઈનલ કરવામાં આવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, રામનવમીના અવસર પર આ ફિલ્મનું ઓફિશિયલ એનાઉન્સમેન્ટ કરવામાં આવશે. આ સાથે ફિલ્મની સ્ટારકાસ્ટની પણ જાહેરાત કરવામાં આવશે. પરંતુ નિતેશ તિવારી તરફથી કોઈ પણ જાણકારી સામે આવી નથી. ફિલ્મનું કામ શરુ થઈ ગયું છે. રણબીર કપૂરે આ માટે ઘણાં લુક ટેસ્ટ પણ આપ્યા છે. અત્યાર સુધી એવું કહેવામાં આવી રહ્યું હતું કે આ ફિલ્મ કોઈ મુશ્કેલીમાં છે. આ દરમિયાન લક્ષ્મણના રોલને લઈને મોટું અપડેટ સામે આવ્યું છે. થોડા સમય પહેલા સમાચાર સામે આવ્યા હતા કે, અમિતાભ બચ્ચનના પૌત્ર અગસ્ત્ય નંદાને 'રામાયણ'માં લક્ષ્મણનો રોલ ઓફર થયો હતો. મળતી માહિતી મુજબ અગસ્ત્યએ આ રોલ કરવાની ના પાડી. તેનું કારણ હતું - તેના અપકમિંગ પ્રોજેક્ટ. જેના પર પહેલાથી તે કામ કરી રહ્યો છે. પરંતુ હવે આ રોલ માટે ટીવી એક્ટરને ફાઈનલ કરવામાં આવી રહ્યો છે. રણબીર કપૂરની 'રામાયણ'ને લઈને અત્યાર સુધી ઘણાં મોટા અપડેટ સામે આવી ચૂક્યા છે. મળતી માહિતી મુજબ ૭૫૦ કરોડ રુપિયાના બજેટમાં આ ફિલ્મને બનાવવામાં આવી રહી છે. આ ફિલ્મ ત્રણ પાર્ટમાં આવશે. પહેલા પાર્ટમાં માત્ર સીતા હરણની સ્ટોરી બતાવવામાં આવશે. આ દરમિયાન ટીવીના 'જમાઈ રાજા'ની એન્ટ્રી સામે આવી રહી છે. મીડિયા રિપોર્ટ મુજબ રવિ દુબે આ ફિલ્મમાં લક્ષ્મણનો રોલ પ્લે કરશે.

### લાલ સાડી, માંગમાં સિંદૂર

# નવી નવેલી દુલ્હનની જેમ સજી ધજી તૈયાર થઈ રશ્મિકા મંદાના

## પુષ્પામાં રશ્મિકાની એક્ટિંગએ લોકોનું દિલ જીતી લીધુ હતુ, ફેન્સને હવે અપકમિંગ સીક્વલની રાહ જોઇને બેઠા છે



વર્ષ ૨૦૨૧માં આવેલી 'પુષ્પા ધ રાઈઝ'નો જલવો ત્રણ વર્ષ પછી પણ એવોને એવો છે. લોકોને આ ફિલ્મ ખૂબ પસંદ પડી હતી. અલ્લુ અર્જૂનની ભૂમિકાથી લોકો પ્રેરિત થઈ ગયા અને ખૂબ વખાણ કરવા લાગ્યા. આ ફિલ્મમાં રશ્મિકા મંદાના પણ લીડ એક્ટ્રેસના રોલમાં હતી. એક્ટ્રેસની એક્ટિંગ પણ લોકોને ખૂબ ગમી હતી. જો કે રશ્મિકાની એક્ટિંગએ લોકોનું દિલ જીતી લીધુ હતુ. ફેન્સને હવે અપ કમિંગ સીક્વલની રાહ જોઈને બેઠા છે. આ ફિલ્મના પોસ્ટર્સ અને ટીઝરે ફેન્સના ધબકારા વધારી દેતા છે. જો કે આ ફિલ્મની સ્ટાર કાસ્ટ ઝડપથી શૂટિંગ પૂરું કરવામાં વ્યસ્ત છે. હાલમાં પુષ્પા ૨ના સેટ પરથી રશ્મિકા મંદાનાની એક તસવીર સામે આવી છે જે ઝડપ થી વાયરલ થઈ રહી છે. સામે આવેલી આ તસવીરે સોશિયલ મિડીયામાં ધૂમ મચાવી દીધી છે. ફેન્સ પણ આ તસવીર જોઈને વિચારમાં પડી ગયા છે અને સુપર એક્સાઈટેડ થઈ ગયા છે. સામે આવેલી આ તસવીરમાં રશ્મિકા લાલ સાડી, માંગમાં સિંદૂર અને હેવી જ્વેલરી પહેરેલી નજરે પડે છે. રશ્મિકા મંદાનાનો આ ગેટ અપ પુષ્પા ૨માં નજરે પડશે. જો કે આ વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે શ્રીવલ્લી આ પાર્ટીમાં પુષ્પા જ હશે. આ ફિલ્મથી રશ્મિકાનો પહેલો લુક સામે આવી ગયો છે. ફિલ્મની કહાની હવે અહીંયાથી આગળ વધશે. લગ્ન કરેલા પુષ્પરાજ કેવી રીતે રોલ કરશે એ તમને કહાનીમાં જોવા મળશે. આ સાથે અનેક ટ્વિસ્ટ અને ટર્ન્સ આવશે. રશ્મિકા મંદાનાનો આ લુક કમાલનો

# આખરે કેમ તૂટી હતી સલીમ અને જાવેદની જોડી



## અનેક ડૂબતા સિતારાઓની કિસ્મત ફરી ચમકાવી, તેમણે અમિતાભ, ધર્મેન્દ્ર અને જીતેન્દ્ર જેવા દિગ્ગજોને સ્ટાર બનાવ્યા

હિન્દી સિનેમાની તે લેખક જોડી, જેણે પડદા પર સાથે કામ કર્યું અને અનેક ડૂબતા સિતારાઓની કિસ્મત ફરી ચમકાવી. તેમણે અમિતાભ બચ્ચન, ધર્મેન્દ્ર અને જીતેન્દ્ર જેવા દિગ્ગજોને સ્ટાર બનાવ્યા. પરંતુ, અચાનક જ બંને અલગ થઈ ગયા અને જોડી કાયમ માટે અલગ થઈ ગઈ. આ જોડી તૂટવાનું કારણ શું હતું? તાજેતરમાં પટકથા લેખક જાવેદ અખ્તરે આ વાતનો ખુલાસો કર્યો હતો. તેમણે જણાવ્યું કે સાથે આવેલીઆ જોડીએ કેવી રીતે ઐતિહાસિક ફિલ્મો બનાવી અને પછી શા માટે તેમની જોડી તૂટી. શોલે, દીવાર, જંજીર, ડોન, હાથી મેરે સાથી અને યાદો કી બારાત જેવી ઘણી ફિલ્મોમાં તેમણે કામ કર્યું. રાજેશ ખન્ના પણ આ જોડીથી નારાજ થઈ ગયા કારણ કે તેઓ માનતા હતા કે તેમના દ્વારા લખાયેલી ફિલ્મોએ અમિતાભ બચ્ચનને ચમકાવ્યો અને તેમનું કરિયર ખરાબ રીતે ડૂબી ગયું. આ જોડી ૧૨ વર્ષ બાદ ૧૯૮૨માં અલગ થઈ ગઈ હતી. મોજો સ્ટોરી માટે બરખા દત્ત સાથેના એક ઈન્ટરવ્યુમાં, જાવેદ અખ્તરે ખુલાસો કર્યો કે બંનેના રસ્તા શા માટે અલગ થઈ ગયા. સલીમ ખાન સાથે જોડી તૂટવા પર જાવેદ અખ્તરે કહ્યું કે લેખન ભાગીદારી જાળવવી ઘણીવાર મુશ્કેલ હોય છે કારણ કે તે મજબૂત માનસિક તાલમેલ પર આધાર રાખે છે, જેમ કે એક સમયે મારી અને સલીમ ખાન વચ્ચે હતી. તેમણે આગળ કહ્યું કે સિમેન્ટ ફેક્ટરીમાં ભાગીદારી કરવી સરળ છે, કારણ કે તમે જાણો છો કે સિમેન્ટ બનાવવાની કિંમત કેટલી છે? બજારમાં શું ભાવ છે? અને જો તમે સભ્ય લોકો છો તો તમે તમારા પાર્ટનર સાથે ઔપચારિક સંબંધ રાખી શકો છો અને બિઝનેસ ચાલુ રાખી શકો છો. પરંતુ તેનાથી વિપરિત, લેખિતમાં ભાગીદારી એક બોલની રમત છે. તમારી પાસે કોઈ માપદંડ અથવા તોલવાનું મશીન નથી કે જેના પર તમે કોઈ દ્રશ્ય મૂકી શકો અને તેનું વજન નક્કી કરી શકો, તે માત્ર અનુભવવાની વાત છે. એક દ્રશ્ય લેવા અને તેને પરસ્પર વિકસાવવા અને નિષ્કર્ષ પર આવવા માટે કે તે અંતિમ વસ્તુ છે અને તે સારું છે, તમારી પાસે જબરદસ્ત માનસિક તાલમેલ હોવું જોઈએ. જ્યાં સુધી તમારી પાસે ઉત્તમ માનસિક તાલમેલ છે, ત્યાં સુધી તમે લોકો સાથે મળીને કામ કરી શકો છો. જે ક્ષણે તાલમેલ તૂટી જાય છે અથવા નબળી પડી જાય છે, તમે સાથે મળીને કામ કરી શકતા નથી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેમના સંબંધો કેવી રીતે સમાપ્ત થયા? જાવેદ અખ્તરે કહ્યું કે જ્યારે તેઓ સફળ થયા, ત્યારે તેઓ સ્વાભાવિક રીતે એકબીજાથી દૂર થઈ ગયા.

# અમિતાભની આંધીની ઝપેટમાં આવ્યા હતા ધર્મેન્દ્ર અને જિતેન્દ્ર



સદીના મેગાસ્ટાર માટે ૧૯૯૦નું વર્ષ ખૂબ જ નસીબદાર સાબિત થયું, કારણ કે તે વર્ષે તેમની બે ફિલ્મો તે વર્ષની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મોની યાદીમાં સામેલ હતી. આમિર ખાનની ફિલ્મ ભલે ૧૯૯૦માં સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની, પરંતુ બોક્સ ઓફિસ પર અમિતાભનો દબદબો હતો. તે વર્ષે અમિતાભની એક ફિલ્મ ત્રીજી અને એક ફિલ્મ ચોથી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની. ધર્મેન્દ્રની ફિલ્મ 'હમસે ના તકરાના' અને જિતેન્દ્રની ફિલ્મ 'થાનેદાર' અમિતાભની બંને ફિલ્મોની કમાણીના મામલામાં પાછળ રહી ગઈ હતી. ફિલ્મ 'દિલ' ૧૫ જૂન ૧૯૯૦ના રોજ રિલીઝ થઈ હતી, જે સની દેઓલ સ્ટારર 'ઘાયલ' સાથે ટકરાઈ હતી અને તે વર્ષની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ બની હતી. તેના સાઉન્ડટ્રેક અને કલાકારોના અભિનય માટે વખાણ સાથે, રિલીઝ થયા પછી તેને વિવેચકો તરફથી સકારાત્મક સમીક્ષાઓ મળી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ફિલ્મનું બજેટ લગભગ ૨ કરોડ રૂપિયા હતું, પરંતુ ફિલ્મનું કુલ બોક્સ ઓફિસ કલેક્શન લગભગ ૨૦ કરોડ રૂપિયા હતું. ઘાયલએ ૧૯૯૦ની અંતિમ એક્શન-ડ્રામા ફિલ્મ હતી, જેનું દિગ્દર્શન રાજકુમાર સંતોષી દ્વારા કરવામાં આવ્યું હતું અને ધર્મેન્દ્ર દ્વારા નિર્મિત હતી. ફિલ્મમાં ધર્મેન્દ્રના પુત્ર સની દેઓલ, મીનાક્ષી શેષાદ્રી, રાજ બબ્બર અને અમરીશ પુરી ઉપરાંત મૌસુમી ચેટર્જી, અન્નુ કપૂર, ઓમ પુરી, શરત સક્સેના અને સુદેશ બેરી પણ મહત્વની ભૂમિકામાં હતા. આ ફિલ્મનું બજેટ લગભગ ૨.૫ કરોડ હોવાનું કહેવાય છે અને ફિલ્મનું કુલ બોક્સ ઓફિસ કલેક્શન ૨૦ કરોડની આસપાસ હતું. તે વર્ષની બીજી સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ પણ હતી. અમિતાભ બચ્ચન અને જયા પ્રદા અભિનીત આજ કા અર્જુન એ ૧૯૯૦ની ક્રાઈમ-ડ્રામા ફિલ્મ હતી જેનું નિર્દેશન અને નિર્માણ કેસી બોકાડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ખુંખાર રોલ જોઇને છક થઇ જશો



મનોજ બાજપેયી ધ ફેમિલી મેન, સત્યા, ગેંગ્સ ઓફ વાસેપુર જેવી અનેક ફિલ્મોમાં દમદાર એક્ટિંગથી દર્શકોનું દિલ જીતી લીધુ છે. મનોજ બાજપેયી છેલ્લા ૩૦ વર્ષથી દમદાર રોલ નિભાવીને ફેન્સને ફિદા કરી દે છે. હાલમાં મનોજ બાજપેયીની નવી ફિલ્મનું એલાન થયુ છે જેનું નામ 'ભૈયા જી' છે. આ ફિલ્મમાં એક્ટરનો પહેલો લુક સામે આવ્યો હતો જેમાં મોંમા સિગરેટ જોવા મળી રહી છે અને એક્ટર એકદમ દેસી અંદાજમાં જોવા મળ્યા હતા. હવે ફિલ્મનું ટીઝર પણ રિલીઝ થઈ ગયુ છે. આ ટીઝર સોશિયલ મિડીયામાં આવતાની સાથે છવાઈ ગયુ છે. ભૈયા જી ટીઝરમાં મનોજ એકદમ ખુંખાર લુકમાં જોવા મળી રહ્યા છે. ટીઝરની શરૂઆતમાં મનોજ બાજપેયી બેહોશ પડેલા જોવા મળે છે. આ સમયે ભીડ પણ તમે જોઈ શકો છો. આમાંથી એક વ્યક્તિ મનોજ પર હુમલો કરવા જાય છે અને તરત ઉઠીને બેસીને જાય છે. પરંતુ જેવી રીતે મનોજ ઉઠે છે ત્યારે ભીડમાંથી ભાગતા જોવા મળે છે અને ચારેબાજુ અફરા-તફરી મચી જાય છે. ત્યારબાદ મનોજ કહેતા સંભળાય છે કે હવે નિવેદન નહીં, નરસંહાર થશે. આનાથી એ વાત સ્પષ્ટ થાય છે કે ભૈયા જીમાં મનોજ એકદમ એક્શન અવતારમાં જોવા મળે છે. 'ભૈયા જી'નું આ ટીઝર એકદમ ઘાંસૂ છે. મનોજ બાજપેયીનો આવો અંદાજ આ પહેલાં તમે ક્યારેય નહીં જોયો હોય. ભૈયા જીનું આ ટીઝર જોરદાર છે.

### આ મુવી શરૂઆતથી જ બોક્સ ઓફિસ પર રાજ કરી રહી છે

# ફિલ્મ શૈતાનએ ફિલ્મ યોદ્ધાનો તોડી નાખ્યો રેકોર્ડ

## ફિલ્મ શૈતાને પહેલાં અઠવાડિયામાં દમદાર કલેક્શન કર્યા પછી બીજા અઠવાડિયામાં એન્ટ્રી મારી છે

બોલિવૂડ એક્ટર અજય દેવગનની હોરર ફિલ્મ 'શૈતાન' હાલમાં ટોપ પર છે. ફિલ્મ 'શૈતાન'માં આર માધવનની એક્ટિંગ લોકોને ખૂબ પસંદ પડી રહી છે. આ મુવી શરૂઆતથી જ બોક્સ ઓફિસ પર રાજ કરી રહી છે. દરેક દિવસે કલેક્શનમાં વધારો જોવા મળી રહ્યો છે. થોડા દિવસો પહેલાં 'શૈતાન' મુવીએ ઘરેલુ બોક્સ પર ૧૦૦ કરોડનો આંકડો પાર કરી લીધો છે. હવે આ ફિલ્મએ નવો એક રેકોર્ડ કરી લીધો છે. જો કે આ મુવીનું જ્યારથી પોસ્ટર અને ટ્રેલર રિલીઝ થયુ ત્યારથી ફેન્સ સુપર એક્સાઈટેડ હતા. અજય દેવગન અને આર માધવનની ફિલ્મ 'શૈતાને' પહેલાં અઠવાડિયામાં દમદાર કલેક્શન કર્યા પછી બીજા અઠવાડિયામાં એન્ટ્રી મારી છે. સિદ્ધાર્થ મલ્હોત્રાની હાલમાં રિલીઝ થયેલી ફિલ્મ યોદ્ધાને પાછળ પાડી દીધી છે. સોમવારના રોજ એટલે કે ૧૧માં દિવસે 'શૈતાન' મુવીએ દેશભરમાં ૩ કરોડનો બિઝનેસ કર્યો હતો. હવે ૧૨માં દિવસે કમાણીનો આંકડો સામે આવી ગયો છે. સૈકનિલ્કના અર્લી રિપોર્ટ અનુસાર આર માધવનની હોરર ફિલ્મ 'શૈતાન'એ બીજા દિવસે એટલે કે મંગળવારના રોજ દેશભરમાં ૩ કરોડનો બિઝનેસ કર્યો છે. આ રીતે ૧૨ દિવસમાં ભારતમાં ફિલ્મની ટોટલ કમાણી ૧૦૯.૦૫ થઈ ગઈ છે. અજય દેવગનની ફિલ્મ 'શૈતાને' કલેકશનના મામલામાં ગોલગાલ ઉને પાછળ પાડી દીધી છે. બોલિવૂડ હંગામાના રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૧૦માં આ મુવીએ ઘરેલુ બોક્સ ઓફિસ પર ૧૦૬.૩૪ કરોડ રૂપિયાનો ટોટલ બિઝનેસ કર્યો હતો. આર માધવનની ફિલ્મ 'શૈતાન' દેશમાં નહીં, પરંતુ વિદેશમાં પણ તાબડતોબ કમાણી કરી છે. વર્લ્ડવાઈડ કલેકશનમાં થોડા દિવસો પહેલાં ફિલ્મ ૧૫૦ કરોડનો આંકડો પાર કરી દીધો છે અને હવે 'શૈતાન' મુવીએ દુનિયાભરમાં ૧૫૬.૫૬ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. હવે આ મુવી ઝડપથી ૨૦૦ કરોડની ક્લબ તરફ વધી ગઈ છે. શૈતાન જિયો સ્ટૂડિયોઝ, અજય દેવગન ફિલ્મ્સ અને પેનોરમા સ્ટૂડિયોઝ ઈન્ટરનેશનલની પ્રસ્તુતિ છે અને આ દેવગન, જ્યોતિ દેશપાંડે, કુમાર મંગત પાઠક અને અભિષેક પાઠક દ્વારા નિર્મિત છે.






# ઘણા અફેર્સ પછી પાંચ એક્ટ્રેસ મા બની, તે પણ કુંવારી મા

## તેમણે સમાજની પરવા કર્યા વિના જીવનમાં કેટલાંક એવા નિર્ણય લીધાં

સિનેમા જગતની ઘણી એક્ટ્રેસીસ ફિલ્મોમાં પોતાના કેરેક્ટર્સની જેમ હિંમતવાન છે. તેમણે સમાજની પરવા કર્યા વિના જીવનમાં કેટલાંક એવા નિર્ણય લીધાં, જેના વિશે સામાન્ય યુવતીઓ વિચારતાં પણ ડરે છે. આ જ કારણે તેમને ઘણા મ્હેણા સાંભળવા પડ્યાં. તેઓ ઘણા અફેર્સ પછી મા બની, તે પણ કુંવારી મા. જો કે કેટલીક એક્ટ્રેસીસની મિસ્ટર પરફેક્ટની તલાશ હજુ પણ ચાલી રહી છે. નીના ગુપ્તાએ જીવન પોતાની શરતો પર જીવ્યું છે. તે વેસ્ટ ઈન્ડિઝના ફેમસ ક્રિકેટર વિવિયન રિચર્ડ્સના પ્રેમમાં પડી ગઈ હતી, પરંતુ તેને ક્યારેય પતિ તરીકે સ્વીકાર્યો નથી. તેણે સમાજના દબાણ છતાં દીકરી મસાબાને જન્મ આપ્યો હતો. તેણે મા બન્યાના વર્ષો બાદ ૨૦૦૮માં વિવેક મહેરા સાથે લગ્ન કર્યા જે એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. એક્ટ્રેસ ત્યારે ૪૮ વર્ષની હતી. પુષ્પાવલ્લી સાઉથ સિનેમાની એક્ટ્રેસ હતી, જે સાઉથ સુપરસ્ટાર જેમિની ગણેશનના પ્રેમમાં પાગલ હતી. તે જેમિની ગણેશનની દીકરીઓની મા બની, પરંતુ સુપરસ્ટારે તેને ક્યારેય પત્ની તરીકે ન સ્વીકારી. બોલિવૂડની ફેમસ એક્ટ્રેસ રેખા તેમની દીકરી છે. ટીવીની ફેમસ એક્ટ્રેસ સાક્ષી તંવરે આજ સુધી લગ્ન નથી કર્યા પરંતુ તે વર્ષ ૨૦૧૮થી માની ફરજ નિભાવી રહી છે. ખરેખર, તેણે એક દીકરીને દત્તક લીધી હતી, જેનું નામ દિત્યા છે. સાક્ષી તંવર ૫૧ વર્ષની ઉંમરમાં એકલવાયુ જીવન જીવે છે. તેને હજુ પણ મિસ્ટર પરફેક્ટની તલાશ છે. રવિના ટંડન જ્યારે પોતાના કરિયરમાં સારુ કામ કરી રહી હતી, ત્યારે તેણે ૧૧ અને ૮ વર્ષની બે દીકરીઓને દત્તક લીધી હતી.




# ફિલ્મ ગેમ ચેન્જરમાં ૭ મિનિટ સીન માટે ૭૦ કરોડનો ખર્ચ

## આ વર્ષે ગેમ ચેન્જર આવવાનું છે. આમાં તેની સાથે કિયારા અડવાણી હશે, ફિલ્મની વાર્તા તેની રિલીઝ પહેલા જ જાણીતી છે

રામચરણ 'RRR'ની સફળતા બાદ ડિમાન્ડમાં છે. તેની પાસે બે મોટા બજેટ સાઉથની ફિલ્મો છે. તો તે બોલિવૂડની બે ફિલ્મોમાં પણ જોવા મળશે. આ ફિલ્મની જાહેરાત વર્ષ ૨૦૨૨માં RC15ના ટાઈટલ સાથે કરવામાં આવી હતી. તેનું ટાઈટલ બીજા જ વર્ષે એટલે કે ૨૦૨૩માં ફાઈનલ કરવામાં આવ્યું હતું. જે છે ગેમ ચેન્જર. તમિલ સિનેમાના દિગ્ગજ નિર્દેશક એસ. શંકર દ્વારા આ મુવી બનાવવામાં આવી રહી છે. જેમણે 'નાયક' અને 'રોબોટ' જેવી ફિલ્મો બનાવી છે. આ ફિલ્મ ૨૫૦ કરોડ રૂપિયામાં બનવા લાગી હતી. પરંતુ જેમ જેમ તેનું નિર્માણ થતું હતું તેમ તેમ તેનું બજેટ વધતું જતું હતું. દરેક લોકો હજુ પણ ફિલ્મની રિલીઝ ડેટની રાહ જોઈ રહ્યા છે. પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મ આ વર્ષે ક્રિસમસ પર રિલીઝ થઈ શકે છે. આ સાથે જ આમિર ખાન અને અક્ષય કુમારની ફિલ્મ પણ આવી રહી છે. તેનો અર્થ એ કે એક મહાન ટક્કર નિશ્ચિત છે. હવે પિક્ચરની સ્ટોરી જાણીતી છે. તાજેતરમાં એમેઝોન ઈવેન્ટમાં રામચરણની ફિલ્મ સંબંધિત કેટલીક વિગતો જાહેર કરવામાં આવી હતી. હાલમાં જ ખબર પડી હતી કે રામચરણ આ ફિલ્મમાં ડબલ રોલ કરવાનો છે. તે પિતા-પુત્રની ભૂમિકા ભજવવા જઈ રહ્યો છે. એટલું જ નહીં નિર્માતા દિલ રાજુ તેને મોટા લેવલ પર બનાવવા માંગતા હતા. જેના કારણે પૈસા પાણીની જેમ વેડફાઈ રહ્યા છે. રામચરણની આગામી ફિલ્મ ગેમ ચેન્જરની સ્ટોરી કાર્તિક સુબ્બારાજે લખી છે. તાજેતરમાં નિર્માતાઓએ કેટલીક વિગતો શેર કરી છે. જાણવા મળ્યું કે ફિલ્મની વાર્તા એક IAS ઓફિસર પર આધારિત હશે. જે ભ્રષ્ટાચાર સામે લડવાનો પ્રયાસ કરે છે. ઘણા અહેવાલોમાં એવું કહેવામાં આવ્યું હતું કે તે ડબલ રોલમાં હશે. એક પિતાનો રોલ અને બીજો પુત્રનો રોલ કરવાનો છે. જ્યાં પિતા એક રાજ્યના મુખ્યમંત્રીની ભૂમિકા ભજવશે. પાર્ટીનું નામ હશે. અભ્યુદયમ. જ્યારે પુત્રનું પાત્ર IAS ઓફિસરનું હશે. બંને પાત્રો એકબીજાને મળશે અને પછી વાર્તા બતાવવામાં આવશે. જ્યારે કિયારા અડવાણી પુત્રના પાત્ર સાથે એન્ટ્રી કરશે. ફિલ્મ 'ઈન્ડિયન'માં પણ આવી જ સ્ટોરી હતી. જો કે પિતા-પુત્રના ડબલ રોલ સિવાય એ ક્યાંય સરખા નથી. તેને પોલિટિકલ થ્રિલર ગણાવવામાં આવી રહી છે.





જેના પર ચૂંટણી તંત્રનું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. જાણવા મળ્યું છે કે રામચરણની આ ફિલ્મમાં પાંચ ગીતો હશે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે એક ગીત પર ૧૫ કરોડ રૂપિયા સુધીનો ખર્ચ કરવામાં આવ્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર મેકર્સે એકલા ગીતો પર ૪૦-૫૦ કરોડ રૂપિયા ખર્ચ્યા છે.

# ઘુસણખોરી અટકાવવા દ્વારકા પોલીસનો હવે નવતર પ્રયોગ

। (એજન્સી) દેવભૂમિ દ્વારકા, તા.૨૧ ।

ગુજરાતની જળસીમામાંથી છેલ્લા કેટલાક સમયમાં પાકિસ્તાની બોટ સાથે કરોડોનું ડ્રગ્સ ઝડપાયુ હતુ. રાજ્યના દરિયાઈ વિસ્તારોમાં ઘૂસણખોરી અટકાવા માટે દેવભૂમિ દ્વારકા જિલ્લાની પોલીસે નવતર પ્રયોગ કર્યો છે. જેથી દ્વારકાની તેમજ ગુજરાતની બોટને સરળતાથી ઓળખી શકાય છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં માછીમારી કરતી બોટ પર ઓપરેશન ટિક હેઠળ ક્યુ આર કોડ લગાવવામાં આવ્યા.આ ક્યુ આર કોડ સ્કેન કરતાની સાથે પોલીસ, નેવી સહિતની સુરક્ષા એજન્સીઓને બોટ અંગેની સંપૂર્ણ વિગતો મળી રહેશે. દેવભૂમિ દ્વારકા જિલ્લાની તમામ ૪ હજાર જેટલી બોટ અને સલાયા બંદરની ૬૦૦ જેટલી બોટ પર ઓપરેશન ક્લિક હેઠળ ક્યુ આર કોડ લગાવવામાં આવશે. ગુજરાતમાં સૌથી મોટો દરિયા કાંઠો દેવભૂમિ દ્વારકા જિલ્લાનો છે.

# રાજ્યભરમાંથી કુલ રૂ.૫.૯૨ કરોડની વસ્તુઓ જપ્ત કરાઈ

## આદર્શ આચારસંહિતાની ચુસ્ત અમલવારી, ચૂંટણી ખર્ચ નિરિક્ષણ તથા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા વિવિધ ટીમો કાર્યરત

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

રાજ્યભરમાં સમગ્ર ચૂંટણી તંત્ર દ્વારા કામગીરીનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. લોકસભા ચૂંટણીની જાહેરાતની સાથે જ આદર્શ આચારસંહિતાની ચુસ્ત અમલવારી, ચૂંટણી ખર્ચ નિરિક્ષણ તથા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા વિવિધ ટીમો કાર્યરત થઈ ગઈ છે.

લોકસભાની ૨૬ બેઠકો માટેની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની ૫ બેઠકોની પેટાચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા ભારતના ચૂંટણી પંચ દ્વારા નિર્દેશિત તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે નક્કી કરવામાં આવેલી ખર્ચ મર્યાદા જળવાઈ રહે અને પ્રતિબિંધિત વસ્તુઓની હેરફેર અટકે તે માટે ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં ૭૫૬ ફ્લાઈંગ સ્કવોર્ડ કાર્યરત છે. આ ટીમો દ્વારા અત્યાર સુધીમાં રૂ.૧.૩૫ કરોડની કિંમતનો ૩૯,૫૮૪ લીટર દારૂ, રૂ.૨.૨૮ કરોડની કિંમતનું ૩.૪૧ કિલો સોનું અને ચાંદી તથા મોટરકાર, મોટર સાઈકલ અને અખાદ્ય ગોળ સહિતની રૂ.૨.૨૭ કરોડની અન્ય વસ્તુઓ મળી કુલ રૂ.૫.૯૨ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

રાજ્યનો કોઈપણ નાગરિક કોઈપણ સ્થળેથી આદર્શ આચારસંહિતાના ભંગ અંગેની ઓનલાઈન ફરિયાદ કરી શકે તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલી **C-Vigil** (સી-વીજીલ) મોબાઈલ એપ પર તા.૧૬/૦૩/૨૦૨૪થી તા.૨૦/૦૩/૨૦૨૪ સુધી કુલ ૨૧૮ ફરિયાદો મળી છે. ભારતના ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર આ તમામ ફરિયાદોનો તાત્કાલિક અસરથી યોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે.

## ગુજરાતી ભાષા-સાહિત્યને યુવાનો અને બાળકો સુધી પહોંચાડવા માટે

# રેખતા ગુજરાતીની વેબસાઇટ અને ગુજરાતી શીખવા 'રેખતા કિડ્સ લર્નિંગ એપ' લોન્ચ કરાઈ



। અમદાવાદ, તા.૨૧ ।

રેખતા ફાઉન્ડેશન ગુજરાતી ભાષા-સંસ્કૃતિના સમૃદ્ધ વારસા અને સાહિત્યના જતન-પ્રોત્સાહન માટે **rekhtagujarati.org** વેબસાઈટ બુધવારે અમદાવાદમાં યોજાયેલા એક કાર્યક્રમમાં લૉન્ચ કરી હતી. ગુજરાતી બાળકો ગુજરાતી ભાષાને સારી રીતે શીખી અને સમજી શકે તે માટે 'રેખતા કિડ્સ લર્નિંગ ઍપ'ને પણ લૉન્ચ કરવામાં આવી હતી.

રેખ્તા ફાઉન્ડેશન દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં અમદાવાદના ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે ભાષાપ્રેમીઓઅનેસાહિત્યકારોતથાજાહેરજીવનના અગ્રણીઓની ચિક્કાર મેદની વચ્ચે 'રેખ્તા ગુજરાતી'ની વેબસાઈટ **rekhtagujarati.org** પૂજ્ય મોરારિબાપુના હસ્તે લૉન્ચ કરવામાં આવી હતી. આ લોન્ચ ઈવેન્ટમાં સમ્માનિત મહેમાન તરીકે અભિનેતા પરેશ રાવલ, વરિષ્ઠ સાહિત્યકાર રઘુવીર ચૌધરી, સૉલિસિટર જનરલ ઑઈ ઈન્ડિયા, તુષાર મહેતા તથા રેખ્તા ફાઉન્ડેશનના સ્થાપક સંજીવ સરાફ સહિત અનેક સમ્માનનીય લોકો હાજર રહ્યા હતા. રેખ્તા ફાઉન્ડેશનના સ્થાપક સંજીવ સરાફે કાર્યક્રમની ભૂમિકા બાંધતા કહ્યું, 'રેખ્તા ફાઉન્ડેશનની શરૂઆત ૧૨ વર્ષ પહેલાં કરી હતી અને આજે **'Rekhta.Org'** ઉર્દૂની દુનિયાનો સૌથી મોટો ખજાનો બન્યો છે. તુષાર મહેતાએ મને કહ્યું કે ગુજરાતી માટે પણ આવી વેબસાઈટ હોવી જોઈએ. ગુજરાતી બાળકો ગુજરાતી બોલી શકે છે પરંતુ વાંચવા-લખવામાં મુશ્કેલી અનુભવે છે તે માટે કંઈ કામ કરવું જોઈએ. આ કારણે અમે દોઢ વર્ષથી કામ કરતા હતા.

ગુજરાતી ભાષાનો ઉર્દૂની સાથે જૂનો અને ઊંડો સંબંધ છે. ઉર્દૂ પછી સૌથી વધારે ગઝલ ગુજરાતીમાં લખાઈ છે. ગુજરાતી સાહિત્ય માટે આ વેબસાઈટ દુનિયાનો સૌથી મોટો સોર્સ બનશે. મને ગર્વ છે કે આજે અમે ઉર્દૂની જેમ પુસ્તકોનું ડિજિટાઈજેશન શરૂ કર્યું છે. અમદાવાદમાં ભો. જે.વિદ્યાભવન, નડિયાદમાં અ.સૌ. ડાહીલક્ષ્મી લાઈબ્રેરી અને ભરૂચમાં રાયચંદ દીપચંદ જેવા ઐતિહાસિક પુસ્તકાલયોને રેખ્તા ફાઉન્ડેશન વિનામૂલ્યે ડિજિટાઇઝ કરી રહ્યું છે. દુનિયાભરના ગુજરાતી ભાષા-સાહિત્ય પ્રેમીઓ સુધી સરળતાથી પહોંચવા માટે અમે ટેક્નૉલૉજીનો ભરપૂર ઉપયોગ કરીએ છીએ.'

# ઝાલોદ પંચાલ સમાજની મહિલા મંડળ દ્વારા ફાગ ઉત્સવ નિમિત્તે પ્રી.હોળી રમવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

ઝાલોદ નગરની પંચાલ સમાજની મહિલાઓ વિશ્વકર્મા મંદિરે વર્ષ દરમ્યાન દરેક ઉત્સવ ખૂબ જ ઉમંગ ઉલ્લાસ થી ઉજવતા હોય છે. ફાગણ મહિના મા આવતો ફાગ ઉત્સવ એટલે કે અગ્યારસ નિમિતે વિશ્વકર્મા મંદિરે પંચાલ સમાજના મહિલા મંડળ દ્વારા ઉજવવામાં આવેલ હતું. આ ફાગ ઉત્સવ એટલે હોળી પહેલા ભાગવાન સાથે પ્રી. હોળી રમી ઉત્સવના વધામણાં કરવા. પંચાલ સમાજની મહિલા મંડળ દ્વારા ફાગ ઉત્સવ નિમિત્તે ફાગણમા હોળીના ગીતો ગાઈ તેમજ ગુલાલની છોળો ઉછાળી આનંદોલ્લાસ ભર્યા વાતાવરણ વચ્ચે ઢોલ નગારા વગાડી નાચી ઝુમી, ગરબા તેમજ ફિલ્મી ધૂનો પર ધુળેટીના ગીતો વગાડી ઉત્સવની મજા લીધી હતી.

# આચારસંહિતા અમલમાં આવતા જ મુખ્ય માર્ગો પર વાહન ચેકિંગ શરૂ

। (એજન્સી) વલસાડ, તા.૨૧ ।

ચૂંટણી પંચ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની તારીખો જાહેર થતાં જ સમગ્ર દેશમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. આચારસંહિતા અમલમાં આવતાં જ વલસાડ જિલ્લામાં આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. આચારસંહિતા અમલમાં આવતાં જ વલસાડ જિલ્લામાં મુખ્ય માર્ગો પર વાહન ચેકિંગ કરીને દારુ અને નાણા સહિતની વસ્તુ પકડવામાં આવી છે. વલસાડ જિલ્લામાં ચૂંટણી જાહેર થતા જ ચુસ્ત રીતે આચારસંહિતાની અમલવારી કરાવવામાં આવી રહી છે. વલસાડ જિલ્લામાં મુખ્ય માર્ગો પર વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યુ છે. ૧ માર્ચથી શરૂ થયેલી કામગીરીમાં વાહન ચેકિંગ દરમિયાન ૪૪ લાખની કિંમતનો દારૂ ઝડપાયો છે. સાથે જ ૫.૯૨ ગ્રામ ડ્રગ્સના જથ્થા સહિત ૩૫ લાખથી વધુની બિનહિસાબી રકમ સીઝ કરવામાં આવી છે. વલસાડ જિલ્લામાં **SST** સહિતની ૭ જેટલી ટીમોની રચના કરવામાં આવી છે. જિલ્લામાં ૫ વિધાનસભા વિસ્તારમાં ૨૦ જેટલી ફલાઈંગ સ્કવોડની રચના કરવામાં આવી છે. જેમના દ્વારા ગેરકાયદેસર કામ કરતા લોકો સામે બાજ નજર રાખવામાં આવી રહી છે.

# AI સોફ્ટવેરના આધારે નિયમ તોડનારને ચલણ મોકલાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

ગુજરાતના કોઈપણ શહેરમાં તમે જાવ એવા લોકો તમને ભટકાઈ જ જશે કે જેઓ ટ્રાફિકના નિયમોનો ભંગ કરતાં હશે. જોકે ટ્રાફિક અને પાલિકા બંનેના નિયમોનો ભંગ કરવો એ અમદાવાદમાં સરળ નહીં હોય. કેમકે મહાનગરપાલિકા હવે આર્ટિફિસીયલ ઈન્ટેલિજન્સ થકી ૨૨ જેટલા નિયમોનો ભંગ કરનારાઓને પકડી પાડશે. ગુજરાતના કોઈપણ શહેરમાં તમે જાવ એવા લોકો તમને ભટકાઈ જ જશે કે જેઓ ટ્રાફિકના નિયમોનો ભંગ કરતાં હશે.જોકે ટ્રાફિક અને પાલિકા બંનેના નિયમોનો ભંગ કરવો એ અમદાવાદમાં સરળ નહીં હોય. કેમકે મહાનગરપાલિકા હવે ઓટો ઈન્ટેલિજન્સ થકી ૨૨ જેટલા નિયમોનો ભંગ કરનારાઓને પકડી પાડશે અને તમારા આવા નાના-મોટા ગુનાઓનો ઈતિહાસ ખોલી નાખશે.

અમદાવાદમાં હવે તમારી પર નજર રાખવા ઓટો ઈન્ટેલીજન્સ કામ કરતું થઈ જશે. જે સીસીટીવી સાથે જોડાઈને તમારી તમામ ગતિવિધિઓ સ્ટોર કરશે, તેનું એનાલિસીસ કરશે. જેના આધારે તમે નિયમભંગ કરવામાં કેવા રીઢા ખેલાડી છો, ક્યારે કેટલી વાર અને કયા કયા નિયમોનો ભંગ કર્યો છે એ બધો જ રેકોર્ડ પળવારમાં હાજર થઈ જશે અને એના આધારે ટ્રાફિક પોલીસ અને પાલિકા બંને તમને ઘેરીને દંડ વસૂલ કરશે.

અત્યાર સુધી માત્ર સિગ્નલ પર રેડ લાઈટના ભંગ બદલ દંડ ફટકારાતો હતો, પણ હવે આ સોફટવેરને છેં સાથે અપડેટ કરી ટ્રાફિકના અલગ અલગ ૧૨ નિયમો તેમજ કોર્પોરેશનના ૧૦ નિયમનો ભંગ કરનાર સામે પગલાં લેવાશે. જો કે એક બે નહીં પરંતુ ૨૨ નિયમો બાબતે હવે કોર્પોરેશનનું એઆઈનું સોફટવેર કામ કરશે અને નિયમનું પાલન ન કરનાર વ્યક્તિને ઘરે મેમો મોકલી આપશે.

# ઝાલોદ નગરમાં બાબા શ્યામના ફાગોત્સવ નિમિતે ફૂલો અને રંગોની હોળી રમી ભક્તો ઝુમી ઉઠયા

## બારસ નિમિતે બાબા શ્યામની ભવ્ય નિશાન યાત્રા તેમજ મહાપ્રસાદનુ આયોજન પણ કરાયું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

ઝાલોદ નગરમાં તારીખ ૨૦-૦૩-૨૦૨૪ ના રોજ બાબા શ્યામની અગ્યારસ હોવાથી સવારથી જ બાબા શ્યામના મંદિરે ભક્તો દર્શનાર્થે ઉમટી પડેલ હતું. બાબા શ્યામની હવેલીને ફૂલો થી સજાવી દેવામાં આવી હતી. શ્યામ પરિવાર દ્વારા કરવામાં આવેલ વિશેષ આયોજન જેમાં બાબા શ્યામના ભવ્ય દરબારની સજાવટ, અખંડ જ્યોત, ફૂલો તેમજ રંગો થી હોળી તેમજ બહારથી આવેલ ભજન ગાયકો દ્વારા બાબા શ્યામના અમૃતમય ભજનો નો લ્હાવો ઉપસ્થિત લોકોએ લીધો હતો.

૨૦-૦૩-૨૦૨૪ ના રોજ રાત્રીના ૮:૩૦ કલાકે બાબા શ્યામના દર્શન કરવા તેમજ નગર તેમજ નગરની બહારથી મોટા પ્રમાણમાં લોકો ઉમટી પડેલ હતા. બહારથી આવેલ ભજન કલાકાર સાહીલ શર્મા અને રાહુલ ગહેલોત દ્વારા બાબા શ્યામના ભજનો એ દરેકને ભક્તિના રંગમાં રંગી દીધા હતા. ઉપસ્થિત દરેક ભક્તોએ બાબા શ્યામના અમૃતમય ભજન સાંભળી તલ્લીન જોવા મળતા હતા. રાત્રિના બાર વાગ્યા પછી ફાગ ઉત્સવ અંતર્ગત ફૂલો અને ગુલાલ થી ઉપસ્થિત લોકો હોળી રમ્યા હતા તેમજ બાબા શ્યામના ભજન સાથે નાચતા ઝુમતા જોવા મળતા હતા. છેલ્લે બાબા શ્યામની મહા આરતી કરી પ્રસાદ લઈ અનેરા ભક્તિના આનંદને મનમાં વસાવી



સાથે રાત્રીના બે વાગ્યે પ્રોગ્રામ પૂરો થયેલ હતો.

૨૧-૦૩-૨૦૨૪ ગુરુવારના રોજ બાબા શ્યામની ભવ્ય નિશાન યાત્રા પંચશીલ સોસાયટી થી હજારીપ્રસાદ રામનારાયણ અગ્રવાલના નિવાસ સ્થાને થી વણકતલાઈ મંદિર સુધી વાજતે ગાજતે, નાચતા ઝુમતા, ગરબા રમતા તેમજ શ્યામ બાબાના ભજન કરતા નીકળી હતી. નિશાન યાત્રામાં દરેક શ્યામ પ્રેમીના માથે પાઘડીએ નગરમાં અલૌકિક વાતાવરણ ઉભું કર્યું હતું. નગરમાં જ્યારથી શ્યામબાબાના મંદિરની સ્થાપ ના થયેલ છે ત્યારથી પ્રતિવર્ષ નિશાન યાત્રા પણ શ્યામ પ્રેમીઓ દ્વારા કાઢવામાં આવે છે.

૨૧-૦૩-૨૦૨૪ ના રોજ સાંજે બાબા શ્યામના ફાગ ઉત્સવની બારસ નિમિતે મંદિર કમિટી દ્વારા પ્રતિવર્ષ મહાપ્રસાદનુ આયોજન કરવામાં આવે છે તેમજ આ મહાપ્રસાદનો લ્હાવો હજારો ભક્તો લઈ પ્રસાદ મળ્યાનો આનંદ લે છે.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે આંતરરાષ્ટ્રીય વન દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી



। અમદાવાદ, તા.૨૧ ।

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી ખાતે આંતરરાષ્ટ્રીય વન દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. જેમાં અમદાવાદના ઈસનપુર વિસ્તારની પ્રાથમિક શાળાના ૧૨૦થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહભાગી થયા હતા.

સહભાગી થયેલા વિદ્યાર્થીઓને પર્યાવરણમાં વૃક્ષોનું મહત્વ અને જુદા જુદા વૃક્ષો માનવ જીવનમાં કઈ રીતે ઉપયોગી થાય છે તેના વિશે માહિતી આપવામાં આવી હતી. તેમજ વર્તમાન સમયમાં વધતા જતા પ્રદૂષણથી પર્યાવરણને થતા નુકસાન અને વૃક્ષોની ઘટતી જતી સંખ્યાથી માનવ જીવનને થનારા નુકસાન અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ દરમિયાન ખાસ પ્રકારની વાર્તાની થીમ ઉપર ઈન્ટરેક્ટિવ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેશનમાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને ઘણું જાણવા, માણવા અને સમજવાની તક મળી હતી. દરેક વિદ્યાર્થીએ વૃક્ષ વાવી તેનું જતન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીઓ અને લોકો વિજ્ઞાન અને પર્યાવરણ પ્રત્યે જાગૃત થાય તે માટે ગુજરાત સાયન્સ સિટીમાં અવારનવાર આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું રહે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે? ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. આજે તમારી કોઈ ખરાબ ટેવ તમારા પ્રેમી ને ખરાબ લાગી શકે છે અને તેઓ તમારી સાથે ગુસ્સે થઈ શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. મિત્રતા ગાઢ બનતા તેનું રૂપાંતર પ્રેમમાં થશે. આજે શરૂઆતથી અંત સુધી કામના સ્થળે તમને સતત સ્ફૂર્તિનો અનુભવ થાય એવો આ દિવસ છે. તમારા ભૂતકાળમાંથી કોઈએ આજે તમારો સંપર્ક કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે. આંખો કદી જૂઠું બોલતી નથી અને તમારા સાથીની આંખો તમને આજે કશું બહુ ખાસ કહી જશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા? તમારા ઘરના વાતાવરણમાં તમે અનુકુળ ફેરફાર કરશો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે અસુરક્ષિતતા/દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. કોઈક ધાર્મિક સ્થળ અથવા સંતપુરૂષની મુલાકાત લો અને તમારા મગજને આશ્વાસન અને શાંતિ મળશે. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે, બસ તેની અનુભૂતિને માણો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે ખિન્ન તથા નિરાશ ન થાવ. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. અન્યોના સૂચનોને સાંભળવા તથા તેના પર અમલ કરવો મહત્વનું સાબિત થાય એવો દિવસ. તમારી હિંમત પ્રેમ અપાવશે. તમારા કામના સ્થળે આજે ઢગલાબંધ પ્રેમ પ્રવર્તતો જોઈ શકશો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાતુર્ય તથા ધાક અજમાવવાની જરૂર પડશે. તમારૂં કામ ઓછી મહત્વતા પ્રાપ્ત કરશે-કેમ કે તમને તમારા પ્રિયપાત્રની બાહોંમાં રાહત, આનંદ તથા અત્યંત લાગણીનો તરંગ મળ્યો છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. આજે તમે કુદરતી સૌંદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજૅટ વેરવિખેર થઈ જશે.

**પાર્થિવ પટેલ બંનેની ખાસીયતો જણાવી |** ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ વિકેટકીપર પાર્થિવ પટેલે બે દિગ્ગજ ખેલાડીઓના નેતૃત્વની સરખામણી કરી છે

# ધોનીએ ઘણી ભૂલો કરી છે, પરંતુ રોહિતને આવી ભૂલો કરતો નથી જોયો





| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ |

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ વિકેટકીપર પાર્થિવ પટેલે બે દિગ્ગજ ખેલાડીઓના નેતૃત્વની સરખામણી કરી છે. પાર્થિવ પટેલે આઈપીએલની ચેન્નઈ સુપર કિંગ્સ ટીમના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની અને મુંબઈ ઈન્ડિયન્સના ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્માના નેતૃત્વના ગુણોની સરખામણી કરી હતી. જેમાં તેણે કહ્યું હતું કે, ધોનીએ પણ ઘણી મોટી ભૂલો કરી છે પરંતુ રોહિત શર્માને આવી ભૂલો કરતો નથી જોયો. રોહિતની પ્રશંસા કરતી વખતે પાર્થિવે ભારપૂર્વક જણાવ્યું હતું કે તે ટીમમાં અપ્રતિમ શાંતિની ભાવના લાવે છે. તેના ઉત્તમ ઉદાહરણ બે આઈપીએલ છે જેમાં મુંબઈ ઈન્ડિયન્સ માત્ર એક રનથી જીતી હતી. જો તમારી પાસે શાંત રહી શકે તેવા કેપ્ટન ન હોય તો તે શક્ય ન હોત. જ્યારે કોઈ તણાવપૂર્ણ મેચ હોય છે, ત્યારે ક્યારેક ખોટા નિર્ણયો લેવાઈ જાય છે અથવા ભૂલો થઈ જાય છે. પરંતુ રોહિત શર્માની કેપ્ટનશિપની ખાસિયત એ છે કે છેલ્લા ૧૦ વર્ષોમાં યાદ નથી કે તેણે કોઈ ભૂલ કરી હોય. ધોનીએ પવન નેગીને ઓવર આપવા જેવી ભૂલો પણ કરી છે, પરંતુ જો તમે રોહિતને જોશો, તો તમને ક્યારેય ભૂલ દેખાશે નહીં. પ્રક્રિયાને સરળ રાખવાની ધોની સલાહ આપે છે, પરંતુ અમે રોહિતને પ્રેક્ટિસ કરતા જોઈએ છીએ. ભૂતપૂર્વ ભારતીય ફાસ્ટ બોલર ઝહિર ખાને પ્રવર્તમાન સંજોગોના આધારે નિર્ણયો લેવામાં રોહિતની નિપુણતા અંગે વાત કરી હતી અને આ કૌશલ્યને તે IPLમાં કેપ્ટન માટે સૌથી પડકારરૂપ કાર્યોમાંનું એક માને છે. ઝહિર ખાને જણાવ્યું હતું કે, તમે રમત માટે અગાઉથી આયોજન કરી શકો છો પરંતુ કોઈને ખબર નથી કે મેચ દરમિયાન શું થશે. રોહિત શર્મા પરિસ્થિતિઓ અનુસાર કાર્ય કરે છે અને નિર્ણયો લે છે. મને લાગે છે કે તે તેની તાકાત છે. IPLમાં પરિસ્થિતિ પર તાત્કાલિક નિર્ણય લેવો એ કેપ્ટન માટે સૌથી મોટો પડકાર છે અને તેણે મુંબઈ ઈન્ડિયન્સ માટે તે સારું કર્યું છે. પાર્થિવ પટેલના જણાવ્યા અનુસાર રોહિતે તેના ખેલાડીઓને પૂરા દિલથી ટેકો આપ્યો છે અને તેઓ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા ત્યારે પણ તેમની ક્ષમતાઓમાં અતૂટ વિશ્વાસ દર્શાવ્યો છે. મને લાગે છે કે સૌથી મહત્વની બાબત એ છે કે તે રોહિત તેના ખેલાડીઓને સપોર્ટ કરે છે. આનું શ્રેષ્ઠ ઉદાહરણ હાર્દિક પંડ્યા અને જસપ્રીત બુમરાહ છે. બુમરાહ ૨૦૧૪માં મુંબઈ ઈન્ડિયન્સમાં આવ્યો હતો અને ૨૦૧૫ સુધીમાં તેનું પ્રદર્શન શાનદાર રહ્યું ન હતું. ટીમ મેનેજમેન્ટે તેને અડધી સિઝન પછી પરત મોકલવાનું પણ વિચાર્યુ હતું. પરંતુ રોહિત શર્માએ તેની ક્ષમતામાં વિશ્વાસ રાખ્યો હતો અને ૨૦૧૬થી તેનું પ્રદર્શન શાનદાર રહ્યું છે. ઉલ્લેખનીય છે કે બુમરાહ ૨૦૧૪માં મુંબઈ ઈન્ડિયન્સ સેટઅપમાં જોડાયો હતો, ત્યારથી તે રમતના ત્રણેય ફોર્મેટમાં ભારતના મુખ્ય ઝડપી બોલર તરીકે વિકસિત થયો છે. IPLમાં મુંબઈ ઈન્ડિયન્સની સફળતામાં તેનું યોગદાન મહત્ત્વનું રહ્યું છે. બીજી તરફ હાર્દિક પંડ્યા ૨૦૧૫માં મુંબઈ ઈન્ડિયન્સમાં જોડાયા પછી ૨૦૨૨ IPLમાં ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન બન્યો અને પ્રથમ સિઝનમાં ટીમને ચેમ્પિયન બનાવી અને બીજી સિઝનમાં પણ ટીમને ફાઈનલ સુધી લઈ ગયો હતો.

---

**આઈપીએલ ૨૦૨૪ની તૈયારીઓ પૂર્ણ**

## ગુજરાત ટાઈટન્સમાં શમીના સ્થાને સંદીપ વારિયરનો સમાવેશ કરાયો

**શમીએ તાજેતરમાં જ પોતાના જમણી એડીની સમસ્યા માટે સર્જરી કરાવી છે અને અત્યારે સાજા થઈ રહ્યો છે**



| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ |

આઈપીએલ ૨૦૨૪ માટે લગભગ તમામ તૈયારીઓ થઈ ગઈ છે. ટીમોએ સંપૂર્ણ રીતે પોતાની સ્કવોડને તૈયાર કરી લીધી છે. સીઝનની પહેલી મેચ ૨૨ માર્ચે રમાશે.

એમએસ ધોનીની કેપ્ટનશિપવાળી ચેન્નઈ સુપર કિંગ્સની મેચ ફાફ ડુ પ્લેસિસ અને સ્ટાર વિરાટ કોહલીની ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુથી થશે. આ મેચ માટે બંને ટીમ ચેન્નઈમાં હાજર છે. આ દરમિયાન ગુજરાત ટાઈટન્સે પણ પોતાની તૈયારીઓ કરી લીધી છે અને સીઝન શરૂ થયા પહેલા જ ઈજાગ્રસ્ત મોહમ્મદ શમીના રિપ્લેસમેન્ટનું એલાન પણ કરી દીધુ છે. શમી જે વર્લ્ડ કપ દરમિયાન થયેલી ઈજાના કારણે આ પૂરી સીઝનથી બહાર થઈ ચૂક્યા છે અને તેમને સર્જરી કરાવવી પડી હતી. આઈપીએલ ૨૦૨૪ શરૂ થયાના બે દિવસ પહેલા એટલે કે બુધવારે ૨૦ માર્ચે ગુજરાત ટાઈટન્સે પોતાના સ્કવોડમાં પરિવર્તન કર્યુ અને સંદીપ વારિયરનું નામ જાહેર કર્યુ. સંદીપ આઈપીએલ ૨૦૨૪માં શમીનું સ્થાન લેશે. અનુભવી ભારતીય ઝડપી બોલર શમીએ તાજેતરમાં જ પોતાના જમણી એડીની સમસ્યા માટે સફળતાપૂર્વક સર્જરી કરાવી છે અને અત્યારે સાજા થઈ રહ્યા છે. તેમના સ્થાને રમનાર સંદીપ વારિયરે અત્યાર સુધી ૫ આઈપીએલ મેચ રમી છે. તેમને ગુજરાત ટાઈટન્સે પોતાના સ્કવોડમાં ૫૦ લાખ રૂપિયામાં સામેલ કર્યા છે. સંદીપના આઈપીએલ રેકોર્ડ પર એક નજર નાખીતો તેમણે ૫ મેચોમાં માત્ર બે જ વિકેટ પ્રાપ્ત કરી છે. જોકે વારિયરને આઈપીએલમાં વધુ તક મળી નથી. તેમણે કેકેઆર માટે આઈપીએલમાં રમ્યા છે. આ સિવાય તે મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુનો પણ ભાગ રહી ચૂક્યા છે. ઘરેલુ ક્રિકેટમાં તેઓ કેરળ માટે રમે છે.

ગુજરાત ટાઈટન્સ આ વખતે નવા કેપ્ટન શુભમન ગિલની અધ્યક્ષતામાં રમશે. ગિલ પર બેટિંગની સાથે-સાથે કેપ્ટનશિપનું પણ પ્રેશર હશે. દરમિયાન ટીમમાં એક અનુભવી બોલર શમીની ખોટ વર્તાશે. શમી આઈપીએલ ૨૦૨૩માં સીઝન માટે લીડ વિકેટ લેનાર બોલર રહ્યા હતા. દરમિયાન શમીના સ્થાને શુભમન ગિલ કયા બોલરને રમવાની તક આપશે એ જોવુ ખૂબ રસપ્રદ હશે.

---

## કોલકાતા નાઈટ રાઈડર્સનો તોફાની બેટ્સમેન રિંકુ સિંહ આઈપીએલની તૈયારીમાં વ્યસ્ત

| (એજન્સી) મુંબઈ, તા.૨૧ |

રિંકુ સિંહ IPL 2024ની તૈયારીમાં વ્યસ્ત છે અને આ ખેલાડીએ લાંબી સિક્સર મારવાની ટ્રેનિંગ પણ શરૂ કરી દીધી છે. જોકે, મંગળવારે રિંકુ સિંહે પ્રેક્ટિસ મેચ દરમિયાન કંઈક એવું કર્યુ, જેના પછી કદાચ IPLના સૌથી મોંઘા ખેલાડી મિચેલ સ્ટાર્ક પર KKR ફેન્સનો વિશ્વાસ ડગમગી જશે. IPL ૨૦૨૪માં એકથી વધુ યુવા ખેલાડી પોતાની ક્ષમતા બતાવશે અને તેમાંથી એક રિંકુ સિંહ છે. KKRનો આ ખેલાડી વિશ્વના સૌથી સારા અને ઘાતક બોલરોને પણ પછાડી શકે છે. રિંકુ સિંહ પાસે એકલા હાથે પોતાની ટીમને જીત અપાવવાની શક્તિ છે અને તેણે ઘણી વખત આવું કર્યુ છે. આ વખતે પણ શાહરૂખ ખાનની ટીમ તેની પાસેથી એવી જ અપેક્ષા રાખશે.

KKR બે ટીમો બનાવીને તેની મેચોની પ્રેક્ટિસ કરી રહી છે અને મંગળવારે રિંકુ સિંહ અને મિશેલ સ્ટાર્ક સામ-સામે હતા. આ પછી, પ્રેક્ટિસ મેચમાં કંઈક



એવું બન્યું કે જેનાથી KKR ચાહકો ખુશ અને દુ:ખી બંને થઈ ગયા હશે. ૨૦મી ઓવરમાં રિંકુ સિંહ બેટિંગ કરી રહ્યો હતો અને સ્ટાર્ક પાસે બોલ હતો. સ્ટાર્કે તેની તરફ યોર્કર બોલ કરવાનો પ્રયાસ કર્યો અને રિંકુએ તેનું કાંડું ફેરવીને ખૂબ લાંબી સિક્સ ફટકારી. રિંકુ સિંહનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે અને હવે ફેન્સ મિશેલ સ્ટાર્કને ટ્રોલ કરી રહ્યા છે. KKRના ચાહકોએ મિચેલ સ્ટાર્ક પર સવાલ ઉઠાવવાનું શરૂ કરી દીધું છે. વાસ્તવમાં, મિચેલ સ્ટાર્કને IPLની હરાજીમાં ૨૪.૭૫ કરોડ રૂપિયાની રેકોર્ડબ્રેક કિંમતે KKRએ ખરીદ્યો હતો અને ચાહકો તેની પાસેથી સારી બોલિંગની અપેક્ષા રાખી રહ્યા છે. પરંતુ રિંકુ સિંહે સ્ટાર્કના બોલ પર સિક્સર ફટકારીને ચાહકોને ક્યાંક ને ક્યાંક ડરાવ્યા છે.

જોકે આ એક પ્રેક્ટિસ મેચ હતી અને T20માં દરેક બોલરને માર પડે છે. દુનિયા સ્ટાર્કની ક્ષમતા જાણે છે અને તેથી જ KKRએ તેના પર આટલો મોટો દાવ લગાવ્યો છે. રિંકુ સિંહ માટે IPL 2024 ખૂબ જ મહત્વપૂર્ણ છે. તે એટલા માટે કારણ કે તેને તેની ક્ષમતા અનુસાર પગાર નથી મળી રહ્યો. કોલકાતા નાઈટ રાઈડર્સ એક સિઝન માટે રિંકુ સિંહને માત્ર ૫૫ લાખ રૂપિયા આપે છે. જ્યારે આ ખેલાડીઓને આના કરતાં વધુ રૂપિયાનો હકદાર છે. હવે જો આ વર્ષે રિંકુનું બેટ સારું ચાલે તો આવતા વર્ષે યોજાનારી મેગા ઓક્શનમાં રિંકુ સિંહને મોટી રકમ મળી શકે છે.

---

## મુંબઈ ઈન્ડિયન્સે શ્રીલંકાના ફાસ્ટ બોલર દિલશાન મધુશંકાને રિપ્લેસમેન્ટની જાહેરાત કરી

| મુંબઈ, તા.૨૧ |

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ની શરુઆત ૨૨ માર્ચથી શરુ થશે. આ પહેલા ૨ ટીમમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. પહેલો ફેરફાર ગુજરાત ટાઈટન્સની ટીમમાં જોવા મળ્યો છે. ફ્રેન્ચાઈઝીએ અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ શમીના રિપ્લેસમેન્ટની જાહેરાત કરી દીધી છે. આ સિવાય હાર્દિક પંડ્યાની કેપ્ટનશીપવાળી મુંબઈ ઈન્ડિયન્સે પણ શ્રીલંકાના ફાસ્ટ બોલર દિલશાન મધુશંકાને રિપ્લેસમેન્ટની જાહેરાત કરી છે. મધુશંકા હાલમાં બાંગ્લાદેશમાં ઈજાગ્રસ્ત થયો છે. ત્યારબાદ તેમણે આઈપીએલમાંથી બહાર થવું પડ્યું હતુ. સૌથી પહેલા ગુજરાતની વાત કરીએ તો જેમાં ફ્રેન્ચાઈઝીએ શમીને રિપ્લેસમેન્ટના રુપમાં ફાસ્ટ બોલર સંદીપ વૉરિયરને લાવવામાં આવ્યો છે. આનાથી પહેલા કોલકત્તા નાઈટ રાઈડર્સ માટે પણ રમી ચૂક્યો છે. સંદીપે ૨૦૧૯માં આઈપીએલમાં પગ રાખ્યો હતો પરંતુ તેમણે અત્યાર સુધી માત્ર ૫ જ મેચ રમી છે, જેમાં તેમણે ૨ વિકેટ લીધી છે. શમી ઈજાગ્રસ્ત હોવાથી, તે આઈપીએલ તેમજ ટી ૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ પણ રમી શકશે નહિ. ગુજરાતની ફ્રેન્ચાઈઝીએ શમીને રિપ્લેસમેન્ટમાં સંદીપને ૫૦ લાખ રુપિયાની બેઝ પ્રાઈઝમાં લીધો છે. કેકેઆરે આઈપીએલ ૨૦૨૨ મેગા ઓક્શનમાં સંદીપને રિલીઝ કર્યો હતો.

---

## IPL 2024માં સનરાઈઝર્સ હૈદરાબાદ ટીમની સૌથી મજબૂત પ્લેઈંગ ઈલેવન

**શાનદાર બેટ્સમેનોથી સજ્જ સનરાઈઝર્સ હૈદરાબાદ ટીમની બોલિંગ યુનિટ ખૂબ જ મજબૂત**

| (એજન્સી) મુંબઈ, તા.૨૧ |

IPL 2024 શરૂ થવામાં હવે થોડો જ સમય બાકી છે, બધી ટીમો ચેમ્પિયન બનવાની તૈયારીમાં વ્યસ્ત છે. એકમાત્ર ઉદ્દેશ્ય IPLની ઝળહળતી ટ્રોફી જીતવાનો છે. હંમેશની જેમ, ટાઈટલના દાવેદારોમાં, લોકો કહે છે કે ચેન્નાઈ અને મુંબઈ રેસમાં આગળ છે, પરંતુ એક ટીમ એવી છે જેને આ સિઝનમાં અવગણવી વિરોધી ટીમો ભૂલ કરી રહી છે. આ ટીમ છે સનરાઈઝર્સ હૈદરાબાદ. આ સિઝનમાં શાનદાર બેટ્સમેનોથી સજ્જ આ ટીમની બોલિંગ યુનિટ ખૂબ જ મજબૂત છે. સનરાઈઝર્સ હૈદરાબાદે વર્ષ ૨૦૧૬માં IPL જીતી હતી. ત્યારબાદથી સનરાઈઝર્સનો સૂર્ય આથમી ગયો છે. પરંતુ IPL 2024 માટે આ ટીમે અદ્ભુત નિર્ણયો લઈને પોતાને વધુ સંતુલિત અને શક્તિશાળી બનાવી છે.

ચાલો તે ૧૧ ખેલાડીઓ પર એક નજર કરીએ જે સનરાઈઝર્સની મજબૂત પ્લેઈંગ ઈલેવનમાં સામેલ થઈ શકે છે. સનરાઈઝર્સ હૈદરાબાદની બેટિંગ ઘણી મજબૂત છે. આ વખતે મયંક અગ્રવાલ અને ટ્રેવિસ હેડ ટીમ માટે ઓપનિંગ કરતા જોવા મળી શકે છે. ટ્રેવિસ હેડની બેટિંગથી કોણ વાકેફ નથી? આ ડાબા હાથના બેટ્સમેને વર્લ્ડ કપ ફાઈનલમાં સદી ફટકારીને ટીમ ઈન્ડિયાની ચેમ્પિયન બનવાની આકાંક્ષાઓને બરબાદ કરી દીધી હતી. હવે આ ખેલાડી સનરાઈઝર્સ હૈદરાબાદમાં છે. આ ઉપરાંત હૈદરાબાદે મયંક અગ્રવાલ પર ૮.૨૫ કરોડ રૂપિયાનો મોટો દાવ લગાવ્યો છે. મયંક તેની ઝડપી બેટિંગ માટે પણ જાણીતો છે. સનરાઈઝર્સ હૈદરાબાદનો મિડલ ઓર્ડર ઘણો મજબૂત છે. રાહુલ ત્રિપાઠી, એઈડન માર્કરામ અને હેનરિક ક્લાસેન આ ટીમને શાનદાર સંતુલન આપે છે. ત્રિપાઠી તેની આક્રમક બેટિંગ માટે જાણીતો છે.

એઈડન માર્કરામ ગત સિઝનમાં કેપ્ટન હતો પરંતુ આ સિઝનમાં તે બેટ્સમેન તરીકે રમશે અને તેના માથા પરથી કેપ્ટનશિપનું દબાણ હટવું તેના માટે વધુ સારું રહેશે. હેનરિક ક્લાસેનનો રોલ ઘણો મહત્વનો રહેશે. કારણ કે ક્લાસેન સ્પિનરો સામે જબરદસ્ત બેટિંગ કરે છે. ક્લાસેન સારી રીતે જાણે છે કે સ્પિનરોને કેવી રીતે સ્થિર થવા ન દેવું અને જો તે આગળ વધે તો તમે સમજો છો કે હૈદરાબાદને કોઈ રોકી શકશે નહીં. સનરાઈઝર્સ પાસે પ્રખ્યાત ઓલરાઉન્ડર નથી પરંતુ વોશિંગ્ટન સુંદર, પેટ કમિન્સ, શાહબાઝ અહેમદના રૂપમાં તેમની પાસે ત્રણ એવા ખેલાડીઓ છે જે બોલિંગની સાથે સાથે બેટિંગમાં પણ કમાલ કરી શકે છે. સુંદરના સ્પિનની સાથે ફટકાબાજી માટે જાણીતો છે. જ્યારે પેટ કમિન્સ પાસે વિકેટ લેવાની જબરદસ્ત ક્ષમતા છે. સનરાઈઝર્સનો બોલિંગ વિભાગ પણ સંતુલિત છે. ભુવનેશ્વર કુમાર સ્વિંગનો બાદશાહ છે જ્યારે ઉમરાન મલિકની સ્પીડ પણ અદભૂત છે. ટી નટરાજન જેવા ડેથ ઓવર સ્પેશિયાલિસ્ટ પણ આ ટીમમાં છે.

સનરાઈઝર્સ હૈદરાબાદની સંભવિત પ્લેઈંગ ૧૧માં ખેલાડીઓ વિષે જણાવીએ, જેમાં ટ્રેવિસ હેડ, મયંક અગ્રવાલ, રાહુલ ત્રિપાઠી, એડન માર્કરામ, હેનરિક ક્લાસેન, વોશિંગ્ટન સુંદર, પેટ કમિન્સ, શાહબાઝ અહેમદ, ભુવનેશ્વર કુમાર, ઉમરાન મલિક, ટી નટરાજન.

---

## દેશમાં ચૂંટણીનો માહોલ હોવાથી મને બોલતા ડર લાગે છે : રજનીકાંત

**ચાહકોનું કહેવું છે કે થલાઈવાએ મજાકમાં સ્ટાર્સને ચૂંટણીના માહોલમાં ચૂપ રહેવાની સલાહ આપી છે**

| (એજન્સી) ચેન્નાઈ, તા.૨૧ |

સાઉથના ફિલ્મ અભિનેતાઓનો રાજકારણ સાથે લાંબો સંબંધ છે. એનટી રામારાવ (એનટીઆર)થી લઈને એમજીઆર, જયલલિતા, વિજયકાંત, ચિરંજીવી, પવન કલ્યાણ અને કમલ હાસન જેવા દિગ્ગજ અભિનેતાઓના નામ સામેલ છે. સુપરસ્ટાર રજનીકાંત પણ ૧૯૯૫થી રાજકારણમાં એન્ટ્રી કરવાના સંકેત આપતા રહ્યા. તેમણે 'રજની મક્કલ મંદ્રમ' નામની પાર્ટી પણ બનાવી, પરંતુ એક પણ ચૂંટણી લડ્યા વિના ૨૦૨૧માં બંધ થઈ ગઈ હતી. જ્યારે એક તરફ દેશમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણીની તારીખ જાહેર થઈ ગઈ છે, તો બીજી તરફ ચેન્નાઈમાં સુપરસ્ટાર રજનીકાંતે મજાકમાં કંઈક એવું કહ્યું છે, જેને ચાહકો ચૂંટણીના માહોલમાં અભિનેતા માટે મોટી સલાહ માની રહ્યા છે. રજનીકાંત બુધવારે ચેન્નાઈમાં એક હોસ્પિટલના ઉદ્દ્ઘાટનમાં ગયા હતા. આ દરમિયાન



રજનીકાંતે જણાવ્યું હતું કે, 'પહેલા જ્યારે પૂછવામાં આવ્યું કે કાવેરી હોસ્પિટલ ક્યાં છે, તો લોકો કહેતા હતા કે તે કમલ હાસનના ઘરની નજીક છે. હવે જ્યારે પૂછવામાં આવ્યું કે કમલનું ઘર ક્યાં છે તો લોકો કહે છે કે તે કાવેરી હોસ્પિટલ પાસે છે. મીડિયાના લોકો પણ અહીં છે. હું કહેવા માંગુ છું કે આ સામાન્ય વસ્તુઓ છે. હવે આગળ ન લખું કે રજનીકાંતે કમલ હાસન સાથે પંગા લીધો છે. 'રજનીકાંતે રમુજી અંદાજમાં જણાવ્યું હતું કે, 'ખરેખર હું અહીં બોલવા માંગતો ન હતો, પરંતુ મને થોડા શબ્દો કહેવા માટે કહેવામાં આવ્યું હતું. જ્યારે મેં તેમને પૂછ્યું કે શું મીડિયા હાઉસના લોકો પણ કાર્યક્રમમાં આવશે, હવે આ બધા કેમેરા સામે જોઈને મને ડર લાગે છે. દેશમાં ચૂંટણીનો માહોલ હોવાથી મને બોલતા ડર લાગે છે, શ્વાસ છોડતા પણ ડરું છું.

રજનીકાંતનું આ ભાષણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. ચાહકોનું કહેવું છે કે થલાઈવાએ મજાકમાં સ્ટાર્સને ચૂંટણીના માહોલમાં ચૂપ રહેવાની સલાહ આપી છે. જો રજનીકાંતના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો છેલ્લે 'લાલ સલામ'માં કેમિયો રોલમાં જોવા મળ્યા હતા. હવે તે ટીજે જ્ઞાનવેલના નિર્દેશનમાં બની રહેલી 'વેટ્ટૈયન'માં જોવા મળશે. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન, ફહદ ફાસિલ અને રાણા દગ્ગુબાતી પણ છે.

---

## એક પણ બેઠક ન મળવા છતાં રાજ ઠાકરે એનડીએના બેનરમાં ચૂંટણી લડશે

| (એજન્સી) મુંબઈ, તા.૨૧ |

છેલ્લા અમુક દિવસોથી મહારાષ્ટ્રના રાજકારણમાં સત્તાવાર એનડીએ ગઠબંધન મહાયુતિમાં મહારાષ્ટ્ર નવ નિર્માણ સેના (એમએનએસ) પ્રમુખ રાજ ઠાકરેને પણ સામેલ કરવાની ચર્ચા જોરોથી ચાલી રહી છે. આ દરમિયાન રાજ ઠાકરેએ મંગળવારે નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સાથે મુલાકાત પણ કરી છે. માનવામાં આવી રહ્યુ હતુ કે લોકસભા ચૂંટણીમાં રાજ ઠાકરે પણ એનડીએના બેનર હેઠળ ચૂંટણી લડશે પરંતુ હવે કહેવાઈ રહ્યુ છે કે ભાજપ રાજ ઠાકરેને લોકસભા ચૂંટણીમાં એક પણ સીટ આપવાની નથી.

રાજ ઠાકરેએ વર્ષ ૨૦૦૬માં અવિભાજિત શિવસેનાથી અલગ થઈને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના નામની પાર્ટીની સ્થાપના કરી હતી. આ પહેલા ચર્ચા હતી કે જો ભાજપ અને એમએનએસ ની વચ્ચે ગઠબંધન પર મોહર લાગી જાય છે તો એમએનએસ ને મુંબઈથી ચૂંટણી લડવા માટે એક સીટ આપવામાં આવી શકાય છે. આ દરમિયાન એમએનએસના નેતા બાલા નંદગાંવકરે કહ્યુ કે પાર્ટી રાજ ઠાકરેના આદેશ પર લોકસભા ચૂંટણી લડશે.



મહારાષ્ટ્ર નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે બુધવારે કહ્યુ કે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પ્રમુખ રાજ ઠાકરેની વચ્ચે વાતચીત સકારાત્મક રહી અને આગામી અમુક દિવસોમાં તસવીર સ્પષ્ટ થઈ જશે. ફડણવીસે શાહ અને રાજ ઠાકરેની વચ્ચે થયેલી આ મુલાકાતને લઈને પૂછેલા પ્રશ્નોના જવાબમાં કહ્યુ, રાજ ઠાકરેએ દિલ્હીમાં અમિત શાહ સાથે મુલાકાત કરી. તેની પર તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવી ઉતાવળ હશે.

**બે પ્રોજેક્ટના ૧૦૯૭.૫૯ કરોડ રૂપિયાના કામોને મંજૂરી** | **આ પ્રોજેક્ટમાં ૨ વ્હીકલ અંડરપાસ, ૩ નાના પુલ અને ૪ નાળાની બાંધકામની કામગીરી પણ કરવામાં આવશે**

# મોદી સરકારે ગુજરાતને બે નવા પ્રોજેક્ટની ભેટ આપી

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।**

તાજેતરમાં દેશમાં એક સાથે ૧૯ રાજ્યોમાં, ૯૭ હજાર ૩૨૮ કરોડ રૂપિયાના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતા. જેમાં ગુજરાતને ૧ હજાર ૫૭૫ કરોડ રૂપિયાના ૫૩ કિલોમીટરના ત્રણ કામોની ભેટ મળી છે.

વડાપ્રધાન નરેન્દ્રજભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારે પાછલા દસ વર્ષમાં ગુજરાતમાં ૬૬ હજાર ૪૭૦ કરોડ રૂપિયાના ૩૮૯૨ કિલોમીટરના ૧૯૯ જેટલા પ્રોજેક્ટ મંજૂર કર્યા છે. હવે, ઉત્તર ગુજરાતના જિલ્લાઓના માર્ગ વિકાસ અને રાજસ્થાન સાથે જોડતા નેશનલ હાઈવેના વધુ બે પ્રોજેક્ટના ૧૦૯૭.૫૯ કરોડ રૂપિયાના કામોને આજે મંજૂરી આપી છે. આ બે પ્રોજેક્ટ પૈકી આ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૫૮ પર ધરોઈ ગામ ખાતે ધરોઈ ડેમ પાસે નવીન ચાર માર્ગીય મોટા પુલના બાંધકામની કામગીરી ૩૯૮.૪૦ કરોડના ખર્ચે કેન્દ્રી ય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા મંજૂર કરવામાં આવી છે અને તેનું ટેન્ડર પણ ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે. ધરોઈ ડેમ પાસે સાબરમતી નદી પર નવો નિર્માણ થનારો આ મોટો બ્રિજ હાલના સાબરમતી નદીના પટમાં હયાત લો લેવલ કોઝવેની જગ્યાએ નવીન ગ્રીનફિલ્ડ અલાઈમેન્ટમાં ફૂટપાથ સહિતનો ચાર માર્ગીય બ્રિજ બનશે. તે ઉપરાંત આ પ્રોજેક્ટમાં ૨ વ્હીકલ અંડરપાસ, ૩ નાના પુલ અને ૪ નાળાની બાંધકામની કામગીરી પણ કરવામાં આવશે. દર વર્ષે ચોમાસાની ઋતુમાં ભારે વરસાદના કારણે ધરોઈ ડેમમાંથી પાણી છોડવાને લીધે રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૮ પર ધરોઈ ડેમ પાસે હયાત લો લેવલ કોઝવે ડૂબમાં જતો હોવાના કારણે અંદાજે ૧ માસ સુધી વડાલી-સતલાસણા રસ્તા પર વાહન વ્યવહાર ખોરવાઈ જતો હતો અને વાહન ચાલકોને ખૂબ જ હાલાકીનો સામનો કરવો પડતો હતો.

હવે ભારત સરકારના સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા આ નવા ફોર લેન બ્રિજની મંજૂરી મળતા તેનું બાંધકામ થયેથી વાહન ચાલકોની આ સમસ્યાનો હલ આવશે. રાજ્ય સરકારે ધરોઈ ડેમને વૈશ્વિક કક્ષાના પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવાની કામગીરી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં શરૂ કરેલી કામગીરી પણ પ્રગતિમાં છે. આ પ્રોજેક્ટ ગુજરાત અને ભારતના વિવિધ ક્ષેત્રોમાંથી પ્રવાસીઓને આ વૈશ્વિક કક્ષાના પ્રવાસન ક્ષેત્ર સાથે જોડવાનું કામ કરશે અને તેના વિકાસમાં મહત્વનો ભાગ ભજવશે. ધરોઈ ડેમ પાસે સાબરમતી નદી પર બનનારા આ બ્રિજના પ્રોજેક્ટના નકશા-અંદાજો ધરોઈ ડેમને વૈશ્વિક કક્ષાના પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવાની કામગીરીની વિવિધ જોગવાઈઓને ધ્યાને લઈ તૈયાર કરવામાં આવ્યા છે. એટલું જ નહીં, આ પ્રોજેક્ટ ધરોઈ ડેમને તેના આસપાસના વિવિધ પ્રવાસન અને યાત્રાધામ તારંગા ટેમ્પલ, પોળો ફોરેસ્ટ અને અંબાજી મંદિરને જોડવાનું કામ કરશે તેથી સમગ્ર ઉત્તર ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને વેગ મળશે. આ ઉપરાંત કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૮ પર ખોખરા રાજસ્થાન સરહદથી વિજયનગર-આંતરસુબા-માથાસુર ચોકડી સુધીના કુલ ૫૬.૬૨૦ કિ.મી. રસ્તાને પેવ્ડ શોલ્ડર સાથે ટુ લેન કરવાની કામગીરી માટે રૂ. ૬૯૯.૭૯ કરોડ મંજુર કરવામાં આવેલા છે. તેનું ટેન્ડર પણ ટૂંક સમયમાં બહાર પાડી દેવામાં આવશે. જે ૫૬.૬૨૦ કિલોમીટરના રસ્તાને પેવ્ડ શોલ્ડર સાથે ટુ લેન કરવાની કામગીરી થવાની છે તે પૈકી રાજસ્થાન સરહદ પાસેના ખોખરા ગામથી વિજયનગર વચ્ચેનો ૧૧.૫૦૦ કિ.મી. હયાત ૩.૭૫ મીટરનો એકમાર્ગિય રસ્તો છે. તેને રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં ધારાધોરણ મુજબ ૧૦.૦૦ મીટરના પેવ્ડ શોલ્ડર સાથે ટુ લેન કરવાની તથા નાળા, પુલોનું જરૂરી પુનઃબાંધકામની કામગીરી કરવામાં આવશે.

વિજયનગર, આંતરસુબા, અને માથાસુર ચોકડીને જોડતા હયાત ૪૫.૧૨૦ કિલોમીટર લંબાઈના ૭ મીટર રસ્તાને રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં ધારા ધોરણ મુજબ ૧૦.૦૦ મીટરના પેવ્ડ શોલ્ડર સાથે ટુ લેન કરવાની તથા નાળા, પુલોનું જરૂરી પુનઃબાંધકામની કામગીરી કરવામાં આવશે. આ પ્રોજેક્ટમાં ખોખરા રાજસ્થાન સરહદથી વિજયનગર-આંતરસુબા-માથાસુર ચોકડી સુધીના હયાત રસ્તામાં ભૌગોલિક પરિસ્થિતિના કારણે ખુબ જ વધુ પ્રમાણમાં તીક્ષ્ણ વળાંક આવે છે અને તેને કારણે વાહન ચાલકોને વાહન વ્યવહારમાં ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. એટલું જ નહીં, અકસ્માતનો પણ ભય રહે છે. આ સમસ્યાના નિવારણ માટે પ્રોજેક્ટમાં કુલ ૧૪ જગ્યાએ હાલમાં સ્થિત તીક્ષ્ણ વળાંકોને રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં ધારા ધોરણો મુજબના કરવા રી-અલાઈમેન્ટ કરવાની કામગીરીનો અને ૫ મોટા પુલ, ૨૯ નાના પુલ, ૧૦૫ નાળા સહિત પાનોલ ગામ પાસે નવીન રેલવે ઓવર બ્રીજ બનાવવાની કામગીરીનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટને પરિણામે વિવિધ ગ્રામજનોના સામાજિક-આર્થિક પરિમાણને વેગ મળશે તેમજ ઉદયપુર, પોલો ફોરેસ્ટ અને અંબાજી મંદિર જેવા જાણીતા પ્રવાસન અને યાત્રાધામોને જોડતા આ માર્ગથી ઉત્તર ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને પણ વેગ મળશે.

**જગતપુર પાસે યુવક ટાઇલેટ કરવા ઉભો રહ્યો હતો**

## બે નકલી પોલીસે યુવકને ધમકાવી પૈસા પડાવવાની કોશીષ કરી હતી

### યુવકને શંકા જતા તેણે આઇકાર્ડની માંગણી કરતા બંને શખ્સો ધક્કો મારી ભાગી ગયા, વાહન નંબર આધારે ગુનો નોધાયો

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।**

ચાંદખેડા વિસ્તારમાં રહેતો યુવક નોકરી કરી બુધવારે રાત્રે ઘરે જતો હતો. રસ્તામાં ઝાડીઓમાં ટોઈલેટ કરવા ઉભો રહ્યો અને બે શખસોએ આવી પોલીસ તરીકે ઓળખ આપી ખોટા કામ કરી રહ્યા છો તેમ કહીને પૈસાની માંગણી કરી હતી.

પૈસા નહી આપો તો કેસ કરી ફીટ કરી દેવાની ધમકી આપતા યુવક ડરી ગયો હતો. યુવકને થોડા સમય પછી શંકા જતાં તેણે આ બંને શખસો પાસે પોલીસનું આઈકાર્ડ માંગતા બંને શખસો ભાગી ગયા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે ટુવ્હિલરના નંબર આધારે ગુનો નોધી તપાસ હાથ ધરી છે. ચાંદખેડા વિસ્તારમાં આવેલા અંબીકાનગરમાં રાજકુમાર ખેતાણી પરિવાર સાથે રહે છે અને બોપલ ખાતે દિવા બનાવવાની કંપનીમાં નોકરી કરે છે. ગત ૨૦મી રાબેતા મુજબ નોકરી પૂર્ણ કરી પોતાનું એક્ટીવા લઈને ઘરે જતો હતો. આ દરમિયાન જગતપુર નાકા કટ પાસે ટોઈલેટ લાગતા તે એક્ટીવા સાઈડમાં પાર્ક કરી ઝાડીમાં ટોઈલેટ ગયો હતો. એક્ટીવા લઈને થોડે આગળ રાજકુમાર જતા તેને ટુવ્હિલર પર આવેલા બે શખસો આવ્યા અને તેણે રોકવા ઈશારો કર્યો હતો. આ બંને શખસોએ પોલીસની ઓળખ આપી તું ખરાબ કામ કરે છે અને તારા પર કેસ કરી ફીટ કરી દઈશું.

## સ્વીપ અંતર્ગત લીમખેડા, દેવગઢ બારિયા અને ઝાલોદ તાલુકામાં દિવ્યાંગ મતદારો સાથે કાર્યક્રમ યોજાયા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

**। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।**

ભારતના ચૂંટણી પંચ તરફથી લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અંતર્ગત ચૂંટણી તા. ૦૭ મેના રોજ યોજાનાર છે. જે અન્વયે દાહોદ જિલ્લામાં ચૂંટણી તંત્ર દ્વારા લોકશાહીના પર્વ ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો સહભાગી બને તે માટે મતદાન અંગે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. ત્યારે દાહોદના દિવ્યાંગ મતદારો ૧૦૦ ટકા મતદાન કરે તે હેતુથી તેઓ લોકસભાની ચૂંટણીમાં દિવ્યાંગ મતદારોનું પ્રતિનિધિત્વ વધે અને લોકો બુથ સુધી પહોંચે તે માટે દાહોદ જિલ્લાના લીમખેડા, દેવગઢ બારિયા અને ઝાલોદ તાલુકામાં દિવ્યાંગ મતદારો સાથે SVEEP એકટીવિટી હેઠળ મતદાન અંગે માર્ગદર્શન સાથે માહિતી પણ આપવામાં આવી હતી. ઉપરાંત ઉપસ્થિત સૌ લોકોએ અચૂકપણે મતદાન કરવા માટેની હાકલ સહિત પ્રતિજ્ઞા પણ લેવામાં આવી હતી. જેમાં દિવ્યાંગ મતદારોને મતદાન માટે જાગૃત કરવાની સાથોસાથ હેલ્પલાઈન નં. ૧૯૫૦ વિશે પણ જાણકારી આપી માહિતગાર કરવામાં આવ્યા હતા.

**લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને અનુલક્ષી**

## જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી પ્રવીણા ડી. કે.ના અધ્યક્ષસ્થાને મદદનીશ ચૂંટણી અધિકારીઓની બેઠક યોજાઈ



**। (માહિતી) અમદાવાદ, તા.૨૧ ।**

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને અનુલક્ષી અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી. કે.ના અધ્યક્ષસ્થાને મદદનીશ ચૂંટણી અધિકારીઓની બેઠક અને ચૂંટણીના સ્ટાફનું ફર્સ્ટ રેન્ડમાઈઝેશન યોજાયું હતું. આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ પ્રાંત અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓને સૂચના આપ તાં જણાવ્યું કે, લોકસભા સામાન્ય ચૂંટણી મુક્ત, ન્યાયી અને શાંત વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણીમાં રોકાયેલા તમામ સ્ટાફને તાલીમ આપી સજ્જ કરવા તથા પોલિંગ બુથની વ્યવસ્થાની ચકાસણી કરી કોઈ ખામી કે ત્રુટિ ન રહે તેની કાળજી રાખવી જરૂરી છે.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ કહ્યું કે, જે વિધાનસભા મતવિસ્તારમાં અગાઉની ચૂંટણીઓમાં ઓછું મતદાન થયું હોય તેવા મતદાન મથકોની મુલાકાત લઈ ક્યાં કારણોસર મતદાન ઓછું થયું, તેની સમીક્ષા હાથ ધરવી જોઈએ. ક્રિટિકલ અને વલ્નરેબલ મતદાન મથકોની વ્યવસ્થામાં વિશેષ કાળજી રાખવા પર તેમણે ભાર મૂક્યો હતો.

તેમણે ઉમેર્યું હતું કે, ચૂંટણી પ્રક્રિયામાં મતદારયાદી અને મતદાન મથકની વ્યવસ્થા યોગ્ય રીતે કરવામાં આવી હશે, તો મતદાનના દિવસે ખૂબ સરળતાથી મતદાન કરાવી શકાશે. ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓથી લઈ પોલીસ ઈન્સ્પેક્ટર અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર કક્ષાના અધિકારીઓ સાથે સંકલન રાખવા સૂચના આપી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, નિવાસી અધિક કલેકટર શ્રી સુધીર પટેલ, અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ ઠક્કર અને સુશ્રી નેહા ગુપ્તા સહિત તમામ પ્રાંત અધિકારીશ્રીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પોરબંદરમાં કોંગ્રેસની ઓફિસમાં તાળા લાગ્યા

**। (એજન્સી) પોરબંદર, તા.૨૧ ।**

પોરબંદર જિલ્લા કોંગ્રેસ જાણે સંપૂર્ણ ખાલી થઈ ગઈ છે. અર્જુન મોઢવાડિયાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ મોઢવાડિયાના તમામ સમર્થકો અને જિલ્લા કોંગ્રેસના તમામ પાંખના હોદ્દેદારોએ કેસરિયા કરી લીધા છે. લગભગ ૪ હજાર કાર્યકર્તાઓએ કોંગ્રેસમાંથી રાજીનામા આપી ભાજપમાં જોડાયા છે. પોરબંદર જિલ્લા કોંગ્રેસ જાણે સંપૂર્ણ ખાલી થઈ ગઈ છે. અર્જુન મોઢવાડિયાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ મોઢવાડિયાના તમામ સમર્થકો અને જિલ્લા કોંગ્રેસના તમામ પાંખના હોદ્દેદારોએ કેસરિયા કરી લીધા છે. લગભગ ૪ હજાર કાર્યકર્તાઓએ કોંગ્રેસમાંથી રાજીનામા આપી ભાજપમાં જોડાયા છે. આ તમામ કાર્યકરોને ભાજપ આગેવાનોએ આવકાર્યા હતા. જે દરમિયાન ભાજપના ઉમેદવાર મનસુખ માંડવિયાએ કહ્યું હતું કે,કોંગ્રેસના લીડર અર્જુન મોઢવાડિયાના કેસરિયા બાદ તેના હજારો સમર્થકો ભાજપમાં જોડાયા છે અને જેમ દૂધમાં સાકર ભળે તેમ ભાજપ માં ભળી ગયા છે.

## પુત્રીની છેડતીની તકરારમાં માતાની હત્યા કરનાર યુવકને આજીવન કેદ

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।**

અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતે પુત્રીની છેડતીની તકારરમાં માતાની દંડો મારી હત્યા કરનાર આરોપી યુવકને ગ્રામ્ય કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. જ્યારે આ જ કેસમાં આરોપી માતાને શંકાનો લાભ આપ્યો છે, જ્યારે પુત્રને કોર્ટમાંથી જ જેલમાં મોકલી આપવામાં આવ્યો છે. નોંધનીય છે કે, માતા-પુત્રએ ગંભીર ઈજા પહોંચાડતા મહિલાનું સારવારના ચાર મહિના બાદ મોત થયું હતું. જેથી હત્યાની કલમ ચાર મહિના બાદ ઉમેરવામાં આવી હતી. સાણંદ ખાતે રહેતા ચમનભાઈ દરજીની દીકરીની વર્ષ ૨૦૧૪માં તેમના જ વિસ્તારમાં રહેતા પાર્થ ઉર્ફે બીટ્ટુ જયંતિભાઈ દરજી(ચૌહાણ) એ છેડતી કરી હતી. જેથી આ મામલે તકરાર થતા બન્ને પરિવારો એક બીજા સાથે વાતચીત કરતા ન હતા. જો કે, આ મામલે તકરારમાં નવે. ૨૦૧૫માં પાર્થે ચમનભાઈની પત્ની શુશીલાબહેન સાથે ઝઘડો કર્યો હતો. જેમાં પાર્થ સાથે તેની માતા જયશ્રીબહેન ઉર્ફે ચકુબહેન દરજી પણ જોડાઈ ગયા હતા. માતા-પુત્રએ ભેગા મળી શુશીલાબહેનને લાકડાના દંડા સહિતના હથિયાર વડે ફટકારી લોહીલુહાણ કરી નાંખ્યા હતા. જેથી જયશ્રીબહેનને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ચાર મહિના સારાવાર બાદ જયશ્રીબહેનનું મોત થતા આઈપીસીની કમલ ૩૦૨નો ઉમેરો કર્યો હતો.

## ઝાલોદ નગરપાલિકા દ્વારા ઢોલ નગારા સાથે વેરો ન ભરનાર વ્યાપારીઓની દુકાન શીલ કરી

### અંદાજીત નવ જેટલી દુકાનો સીલ કરી તેમજ સ્થળ પર જ એક લાખ નેવું હજારનો વેરો વસુલાત કરાયો

**। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।**

ઝાલોદ નગરપાલિકા અવારનવાર નગરમાં રીક્ષા ફેરવી તેમજ નગરપાલિકાના વેરા વસુલાત કરનાર કર્મચારીઓ વેરો લેવા નીકળતા હોય છે. તેમજ સમયસર વેરો ભરી જવા માટે કેટલીય વાર સૂચન કરતા રહે છે. પરંતુ નગરના અમુક વિસ્તારોમાં વેરા વસુલાત માટેની વારંવાર નોટિસ ફટકાર્યા બાદ પણ વેરા ન ભરવામાં આવતા આજરોજ વેરો ન ભરનાર વ્યાપારીઓની દુકાને ઢોલ નગારા સાથે વેરો ઉઘરાવવા નીકળેલ હતા. ઢોલ નગારા સાથે વેરો ઉઘરાવવામાં નીકળતા અમુક વ્યાપારીઓ એ સ્થળ પર જ વેરો ભરી દીધેલ હતો. આ રીતે વેરો ઉઘરાવાતા સ્થળ પર જ ૧.૯૦ લાખ જેટલી રકમનો વેરો વસૂલ કરવામાં આવેલ હતો તેમજ નવ જેટલી દુકાનોએ વેરો ન ભરતાં તેમની દુકાનો સીલ કરવામાં આવી હતી અને દુકાન પર સદર દુકાન વેરો ન ભરાવાથી શીલ મરેલ છે તેમજ આ દુકાન જો ખોલવામાં આવશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી નોટિસ ચોંટાડી હતી.આ રીતે વેરો ઉઘરાવવામાં આવતા નગરમાં કુતૂહલનુ વાતાવરણ જોવા મળેલ હતું.આવનાર દિવસોમાં નગરપાલિકા વેરો ન ભરનાર ગ્રાહકો પર વધુ આકરા પગલા લઈ શકે છે તેવું સાંભળવા મળી રહેલ છે.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

## ૨૩ માર્ચના રોજ સાબરમતી અને છપરા વચ્ચે અનરિઝર્વ્ડ હોળી સ્પેશિયલ ટ્રેન દોડશે

**। અમદાવાદ, તા.૨૧ ।**

પશ્ચિમ રેલવે દ્વારા હોળીના તહેવારને અનુલક્ષીને યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં સાબરમતી-છપરા અને છપરા-અમદાવાદ વચ્ચે વિશેષ ભાડા પર અનરિઝર્વ્ડ હોળી સ્પેશિયલ ટ્રેનની બે ટ્રીપ ચલાવવાનો નિર્ણય કર્યો છે. જેની વિગતો નીચે મુજબ છેઃ-

**ટ્રેન નંબર ૦૯૪૫૭/૦૯૪૫૮ સાબરમતી-છાપરા-અમદાવાદ હોળી સ્પેશિયલ (૨ ટ્રીપ)**

ટ્રેન નંબર ૦૯૪૫૭ સાબરમતી-છાપરા સ્પેશિયલ ટ્રેન શનિવાર, ૨૩ માર્ચ, ૨૦૨૪ના રોજ સવારે ૦૮:૦૦ કલાકે સાબરમતીથી ઉપડશે અને બીજા દિવસે ૧૬:૦૦ કલાકે છાપરા પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૪૫૮ છાપરા-અમદાવાદ સ્પેશિયલ ટ્રેન રવિવાર, ૨૪ માર્ચ, ૨૦૨૪ના રોજ છપરાથી સાંજે ૨૦:૦૦ વાગ્યે ઉપડશે અને ત્રીજા દિવસે સવારે ૦૪:૦૦ વાગ્યે અમદાવાદ પહોંચશે. રૂટમાં આ ટ્રેન અમદાવાદ, નડિયાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, વીરાંગના લક્ષ્મીબાઈ, કાનપુર સેન્ટ્રલ, ગોમતી નગર, બારાબંકી, ગોંડા, ગોરખપુર અને સિવાન સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં જનરલ કેટેગરીના તમામ કોચ રહેશે. ટ્રેનોના પરિચાલન સમય, રોકાણ, અને સંરચનાને લગતી વિસ્તૃત માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.












માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨